Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in



RNI રજી. બાદ વર્ષ : ૧૫ ● અંક : ૩૭ ● તા. ૮ થી ૧૪ સપ્ટેમ્બર ૨૦૧૨ ● વાર્ષિક લવાજમ ₹ ૫૦ ● Regn.No.MH/MR/East/53/2012-14

## પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસુરીશ્વરજી મ.સા.આ.ઠા.ની નિશ્રામાં જોગેશ્વરી-મુંબઈમાં ઐતિહાસિક ચાતુર્માસની આરાધના અને પર્વ પર્યુષણ ઉજવણી...








## કોચીનમાં શ્રી નરેન્દ્રભાઈ નંદુના માર્ગદર્શને પર્યુષણ પર્વ આરાધના અને સંઘના નૂતનીકરણ કરેલ કાર્યાલયનું ઉદ્‌ઘાટન સમારોહ





## અનંતછાયાના પટ્ટાંગણમાં પર્યુષણ પ્રસંગે શ્રી વીરજી લધાભાઈ વિદ્યાર્થીગૃહના છાત્રો દ્વારા બેન્ડ પાર્ટી સલામી





## વિક્રમશી તથા દંડ પરિવારનું ગૌરવ



### ચિ. કેવલ નવિન શાહ (વિકમશી)
(પરજાઉ-વડોદરા)

ચિ. કેવલ Diploma in Civil Engineering માં ફાઈનલ વર્ષમાં ફર્સ્ટ ક્લાસ મેળવેલ છે. એ જ્વલંત સિધ્ધિ બદલ હાર્દિક અભિનંદન. શૈક્ષણિક સુંદર કારકીર્દી સાથે પોતાના ખાનગી કોચીંગ ક્લાસીસ ઉપરાંત તેને પ્રભુજીની નયનરમ્ય અંગરચના (આંગી) કરવામાં પણ સારી રૂચિ છે. આ સફળ સિધ્ધિ બદલ હાર્દિક અભિનંદન અને હજી વધુ યશસ્વી બનો એવી શુભ કામનાઓ....

**~ શુભઆશિષ ~**

દાદાણાં : **સ્વ. સોનબાઈ દામજી વિકમશી પરિવાર** (પરજાઉ)
નાનામાં : **ગં.સ્વ. મણીબેન ધનજી દંડ પરિવાર** (તેરા-કલ્યાણ)
માતા-પિતા : **નિલમબેન નવીન વિકમશી** (પરજાઉ-વડોદરા)

## લગનસંબંધી



### ચિ. વિનીત હેમેન્દ્ર ઘુલ્લા
(નલીયા-ઘાટકોપર)
NLDU010703
(વય ૩૨, ઉંચાઈ ૫'-૯")

ચિ. વિનીત (M.S. Ph.D.) અમેરીકાથી ટૂંક સમય માટે તા.૨૦-૯-૧૨ના મુંબઈ આવે છે. એ હાલ અમેરીકા સ્થીત મોટી રિસર્ચ કંપનીમાં ઈન્જીનિયર પદે કાર્યરત છે. અમેરીકામાં સ્થાઈ થવા ઈચ્છતી કન્યાના વાલીઓ સંપર્ક કરે.

**~ સંપર્ક ~**

હેમેન્દ્ર લક્ષ્મીચંદ ઘુલ્લા, ઘાટકોપર (ઈ), મુંબઈ-400077
ફોન : 09167516162 • 09869468504
(જાહેરાતનો હેતુ - યોગ્ય પસંદગી)

## કલા શોખને વળી કેવા સીમાડા ? હાર્દિક અભિનંદન !



### માતુશ્રી મધુમતીબેન દિનેશ ખોના (ભાટે)
(નલીયા-ધુલીયા)

શ્રીમતી મધુમતીબેન ભાટે ચિત્રકલાના સાધક છે. આજે ૭૩ વર્ષ વયની ઉંમરે પણ ચિત્રકલાક્ષેત્રે પોતાની કલાપ્રતિભાને અજવાળતાં સમીર આર્ટસ્ દ્વારા આયોજીત સમસ્ત ધુલીયા જીલ્લાસ્તરની ચિત્રકલા સ્પર્ધામાં ભાગ લઈ અવ્વલ નંબરે આવીને એક કલાકાર તરીકે પોતાનું, પરિવારનું અને જ્ઞાતિનું ગૌરવ વધાર્યુ છે. આ સિધ્ધિ બદલ તેમને હાર્દિક અભિનંદન.

એમને આ વિશેષ ગૌરવ બદલ જીલ્લા DSP શ્રી દેશપાંડે સાહેબના વરદ હસ્તે એવાર્ડ અને પારિતોષિક એનાયત કરવામાં આવેલ. હાર્દિક અભિનંદન.

## આખરે આપણા માદરે વતનમાં વર્ષારાણીની થઈ મહેર, મેઘરાજાની પધરામણીથી સર્વત્ર છવાયા હર્ષોલ્લાસ ને લીલાલહેર...

**મેઘ મલ્હારના વધામણાં...**

માદરે વતન **કચ્છ, અબડાસા અને આ બાજુ હાલાર પંથક-જામનગર જિલ્લામાં** સર્વત્ર સરેરાશ પ્રમાણસર વરસાદ થતાં પીવાના પાણીની અને પશુ-જનાવરો માટે ઘાસચારા-પાણીની ચિંતા ટળી છે. સર્વત્ર આનંદ-ઉમંગની લાગણીઓ પ્રસરી છે. વિશેષતઃ સૌની પ્રાર્થનાઓના ફલ સ્વરૂપે અબોલ પ્રાણીઓ, પશુપાલન અને પાંજરાપોળ-ઢોરવાડાના નિભાવની ઘેરી ચિંતામાંથી મુક્તિ મળી છે. વતનથી દુર બેઠેલા કચ્છીઓને મુંબઈ કે દેશાવળમાં બારે મેઘ ખાંગા થાય તોય એટલી ખુશી ન ઉપજે પણ વહાલા વતનમાં સૌને પીવા કે ઘાસચારા જેટલો પણ મેઘ રીઝે તો કર્મભૂમિઓમાં પેંડા વહેંચે તેવી અનહદ ખુશાલી અનુભવે. પ્રત્યેક કચ્છીના ચહેરાપર આનંદની લાલી છવાય અને મેઘલાડુ ઉત્સવ મનાય એ છે વતન-માતૃભૂમિ પ્રત્યેની વહાલસોયી લાગણીનો લગાવ...

**આદ્યતંત્રીઓ**

**"પ્રકાશ"**

ડો. વેલજી પાશ્વીર ગોસર

**"સમીક્ષા"**

સનત્ શાહ અને

ગોવિંદજી જીવરાજ લોડાયા

**"પ્રકાશ સમીક્ષા"**

સનત્ શાહ

**: તંત્રી :**

રાયચંદ આર. નાગડા

**: સહતંત્રી :**

ચંપક જીવાણી

**: કાર્યાલય :**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**C/o. Shri. R. R. Nagda, 29/41, Tamarind Lane, Behind Poornima Restaurant, Rajabahadur Comp, Nr.Stock Exchange Bldg, Fort, Mumbai - 400 001.**

**સમય** : બપોરે ૧ થી ૪ ફક્ત શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**ચાલુ અંક માટે મેટર સ્વીકાર માત્ર મંગળવાર સુધી**

**જાહેરાત દર**

| સાઈઝ | B/W | રંગીન |
|---|---|---|
| આખું પાનું | ૩૦૦૦ | ૬૦૦૦ |
| અડધું પાનું | ૧૫૦૦ | ૩૦૦૦ |
| પા પાનું | ૭૫૦ | ૧૫૦૦ |
| ૧/૮ પાનું | ૪૦૦ | – |
| ૧/૧૬ પાનું | ૨૫૦ | – |

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર...**
**www.prakashsamiksha.com**
**E-mail:kdo_prakash@yahoo.co.in**

નોંધ: આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

## તંત્રી સમીપે : અનિશ્ચિતતાનો અંત કે આરંભ ?

શ્રી અનંતનાથજી ટ્રસ્ટની "અનંતછાયા"ની મિલકતના વેચાણ માટે ટ્રસ્ટીઓએ ચેરીટી કમીશ્નરની મંજુરી મેળવવા કરેલ અરજીની આખરી સુનાવણી હવે ૧૩ સપ્ટેમ્બર ૨૦૧૨ના થશે. અને તે વખતે ઉક્ત વેચાણ અંગે વાંધો લેનાર પક્ષની અરજીની પણ સુનાવણી સાથે સાથે થવાની છે તે જોતાં, તે સુનાવણી અન્ય કોઈ કારણસર મુલત્વી ન રહે તો, નામદાર જોઈન્ટ ચેરીટી કમીશ્નર તે પછી ટૂંક સમયમાં તે વિષે ચુકાદો આપશે. તેવું સામાન્યતઃ થતું હોય છે એટલે આ મહીનાના અંત સુધીમાં "અનંતછાયા" બાબતે જ્ઞાતિની ઉત્સુકતાનો એક રીતે અંત આવશે.

જોઈન્ટ ચેરીટી કમીશ્નર સમક્ષની કાર્યવાહી મહદઅંશે ન્યાયિક (કવાસી જ્યુડીસીયલ) પ્રકારની હોવાં, ઉક્ત પ્રશ્ને અનેક કાયદાકીય મુદ્દાઓની છણાવટ અને ઉપરાંતમાં પક્ષકારોની અરજીઓમાં રહેલ ગુણદોષ બાબતની નુકતેચીની પણ આ ચુકાદામાં આવરી લેવાશે તેથી તે પછી જ્ઞાતિમાં જુદા જુદા વર્તુળોમાં જે પ્રત્યાઘાતો કે પરિણામો ઉદ્દભવશે તેની અનિશ્ચિતતા અલ્પજીવી નહીં જ હોય છે અને તે લાંબા સમય સુધી જ્ઞાતિમાં-ખાસ કરીને મુંબઈના જ્ઞાતિપ્રવાહમાં ઊંડા વમળો સર્જતા રહેશે તેવી વસ્તુપરિસ્થિતિ હાલના તલક્કે ચિંતાનો વિષય બનશે તેમ નિશ્ચિતપણે કહી શકાય.

હકીકતમાં આદર્શ પરિસ્થિતિ તો એ હોત કે "અનંતછાયા" પ્રશ્ને ટ્રસ્ટીઓ અને જ્ઞાતિ અગ્રણીઓ વચ્ચે વિચારવિમર્શ થયો હોત તો તેમાંથી અવશ્યપણે એવો માર્ગ નીકળ્યો હોત કે આજે સમસ્ત જ્ઞાતિમાં કોઈ ચિંતા કે અનિશ્ચિતતાની પરિસ્થિતિ શેષ રહી જ ન હોત.

આ માટે, ટ્રસ્ટીઓ કરતાં પણ એ જ્ઞાતિ અગ્રણીઓએ પહેલ કરવાની જરૂર હતી કે જેઓ ટ્રસ્ટીઓ સાથે નિકટતમ સ્નેહસંબંધ, વ્યવહાર ધરાવે છે - ખાસ કરીને છેલ્લા ત્રણેક વર્ષ દરમ્યાન. આ અગ્રણીઓ તો વિશેષતઃ એ રીતે જવાબદાર અને દોષપાત્ર છે કે તેઓમાંથી ઘણાં ખાનગીમાં છેલ્લા ત્રણ-ચાર મહીનાથી ઉક્ત વેચાણનો તો વિરોધ કરી રહ્યા હતા પણ તે સાથે ટ્રસ્ટીઓ અને જ્ઞાતિ અગ્રણીઓ સાથે બેસી વિચાર વિમર્શ કરે તે માટેનો તખ્તો ઉભો કરવાનું પણ વારંવાર સૂચન કરતા રહ્યા હતા. પરંતુ આ નિકટવર્તી અગ્રણીઓએ આ અંગે કોઈ પગલાં ન લીધા.

તેને લીધે જ્ઞાતિમાં આજની આ લાચારીયુક્ત અને ચિંતાજનક પરિસ્થિતિ ઊભી થવા પામી છે તેમ ચોક્કસપણે કહી શકાય. આ આખા વિવાદમાં "અનંતછાયા"ના ભાડુતો વિમાસણકારક પરિસ્થિતિમાં મૂકાઈ ગયા છે અને નામદાર જોઈન્ટ ચેરીટી કમીશ્નરનો ચૂકાદો આવ્યા પછી પણ, ટ્રસ્ટીઓ કે વાંધો લેનાર પક્ષ કાનૂની કાર્યવાહી આગળના તબક્કે ચાલુ રાખશે તો, તેમની ("અનંતછાયા"ના ભાડુતોની) મુંઝવણ ને અકળામણમાં આરે વધારો થશે તેથી છેવટે પરોક્ષરીતે જ્ઞાતિએ જ વધારે ભોગવવું પડશે તે દૃષ્ટિએ અને "અનંતછાયા"ના કેટલાક ભાડુતોએ પ્રસ્તાવિત ડેવલપરને તેમના ફ્લેટ અમુક કિંમત લઈ સુપ્રત કરી દીધા છે કે સુપ્રત કરવાના કરાર કર્યા છે તેને લીધે, "અનંતછાયા"નો પ્રશ્ને ગુંચવાડા ઉભા થયા છે અને તેથી તેણે ગંભીર સમસ્યાનું સ્વરૂપ ધારણ કર્યું છે તે દૃષ્ટિએ પણ જ્ઞાતિની ચિંતામાં વધારો થશે તે વિષે બે મત ન હોઈ શકે.

પરંતુ હવે આ પરિસ્થિતિમાં કાંઈ પણ થઈ ન શકે અને નામદાર ચેરીટી કમીશનર સમક્ષની ન્યાયિક પ્રક્રિયામાં આ બાબત તેને કારણે જ્ઞાતિ બંદીવાન બની છે તેવી અંતિમાત્મક નિરાશા સેવવાને બદલે, હજી પણ ટ્રસ્ટીઓ સાથેના નિકટવર્તી અગ્રણીઓમાંથી કેટલાક જ્ઞાતિકર્મીઓ સત્વરે સક્રિય થઈ શકે છે. વિશાળ જ્ઞાતિહિતમાં ઉપયુક્ત ભૂમિકા અખત્યાર કરી કાનૂની જોગવાઈઓના માળખામાં રહીને જ આ સમસ્યાનું નિરાકરણ લાવી

શકે છે કારણ કે ટ્રસ્ટીઓ તરફથી પણ "અનંતછાયા"ના રીડેવલપમેન્ટ વિષયક, અન્ય જ્ઞાતિ અગ્રણીઓ દ્વારા સૂચવાય તે વૈકિલ્પક યોજના સ્વીકારવાની તત્પરતા ન દર્શાવાય તેવું માનવાને કોઈ કારણ નથી.

તે એટલા માટે કે ટ્રસ્ટીઓ પણ "અનંતછાયા"નો મુદ્દો વિલંબિત બની રહેશે તો તે જ્ઞાતિહિતમાં નથી જ એટલે તેને પોતાનો પ્રતિષ્ઠાનો મુદ્દો બનાવ્યા વિના, વિચાર-વિમર્શમય સંવાદ યોજવા તેઓ તત્પર છે એવા નિર્દેશ અવારનવાર આપી ચૂક્યા છે.

નામદાર ચેરીટી કમીશ્નર સમક્ષની આ પ્રકારની અરજીઓની કાર્યવાહી અને સુનાવણી દરમ્યાન ટ્રસ્ટીઓ કોઈ પણ તબક્કે ટ્રસ્ટના અને લાભાર્થીઓના વિશાળહિતમાં સુધારીત અરજી રજુ કરવા સમય માગી આખરી સુનાવણી મુલત્વી રખાવી શકે છે. અને અગર આખરી સુનાવણી પણ થઈ ચુકી હોય અને ચુકાદો આપવાનો બાકી હોય (જે માટે ઓછામાં ઓછો એક સપ્તાહનો સમય હોય છે.) તે દરમ્યાન પણ જોઈન્ટ ચેરીટી કમીશ્નર સમક્ષ આખરી સુનાવણી પુરી થયા પછી બે ચાર દિવસમાં પણ યોગ્ય રજુઆત કરી આખી બાબત મુલત્વી રાખી શકાય તેમ છે.

જ્ઞાતિમાં હજી પણ એવા અગ્રણીઓ છે કે જેઓ પોતાના સ્નેહ, સગપણ કે કોઈની શહેમાં તણાયા વિના, પોતાની સ્વતંત્ર વિચારધારા અને નિષ્પક્ષ અભિગમ ધરાવે છે અને તે રીતે પોતાનું સ્પષ્ટ વક્તવ્ય સંબંધિત જ્ઞાતિ અધિકારીઓ સમક્ષ વ્યક્ત કરી તેને અમલી બનાવવાનો મક્કમ આગ્રહ પણ સેવી શકે તેવી નૈતિક હિંમત ધરાવે છે.

આશા નહીં પણ શ્રધ્ધા અને વિશ્વાસ રાખીએ, આવા કોઈ સ્પષ્ટવક્તા અગ્રણી કે અગ્રણીઓ આ દિશામાં સત્વરે સક્રિય થશે જેથી જ્ઞાતિમાં અન્યથા અનિશ્ચિતતાનું વાતાવરણ સર્જાવાની મહદ અંશે સંભાવના છે. તેના બદલે આ સમયે જ્ઞાતિને જેની ખુબજ જરૂર છે તેવા સુરેખ, સ્પષ્ટ દિશાસુચક અને એખલાસ સભર સકારાત્મક માહોલનો પુનઃ સંચાર થઈ શકે.

– રા.


**શુભેચ્છા સહ...**

**શ્રી ઉત્તમચંદ કલ્યાણજી ખોના (કોઠારા)**

**UKKHIMJI & CO.**

144, Vasant Market Yard, 4th Lane,
Sangli MH - 416 416 Tel. 2670910/2322057


## "પ્રકાશ સમીક્ષા"ના વાચકો, અંક ન મળ્યાની કે મોડા મળવાની ફરિયાદ

"પ્રકાશ-સમીક્ષા" સાપ્તાહિક દર મંગળવારે ટપાલ દ્વારા મોકલાય છે. આ અંકો એરીયા પ્રમાણે જુદા પાડી જુદા જુદા બંડલો બાંધીને મુંબઈ GPOની પત્રિકા ચેનલ ખાતાને સુપરત કરવામાં આવે છે. જેની પહોંચ મળે છે. આ કારણે મુંબઈમાં બે દિવસમાં જ અંકો મળી જાય છે. જ્યારે બહારગામ અંકો મોડા મળે છે. આજે કારોબાર વ્યાપ વધ્યો છે તેમ ટપાલીઓની સંખ્યા વધતી નથી. ટપાલ છાંટણીવાળો સ્ટાફ પણ અપૂરતો છે. જેને કારણે અંકો મોડા મળતા હોય છે, આવી ફરિયાદ સતત હોય છે.

અમારી જવાબદારી દર મંગળવારે નિયમિત રીતે અંકો ટપાલ ખાતાને આપવાની હોય છે. જે અમે નિષ્ઠાપૂર્વક બજાવીએ છીએ. અને પ્રોપર સોર્ટીંગ કરી દરેક ને જલ્દી મળે તેવા સર્વ પ્રયત્ન કરીએ છીએ. તેમ છતાં ટપાલ ખાતાની અપુરતી વ્યવસ્થાને કારણે ઝડપી સેવા મળતી નથી.

હવે જે ગ્રાહકો અંકો મોડા મળવાની કે ન મળવાની કાયમી ફરિયાદો કરતા હોય છે, તે ગ્રાહકો જો પોતાના એરિયાની પોસ્ટ ઓફીસમાં લેખિત ફરિયાદ કરશે અને તેની કોપી હેડ પોસ્ટ ઓફીસ (GPO પત્રિકા ચેનલ પોસ્ટ ઓફીસને) મોકલીને અમને જાણ કરશે, તો તેમની ફરિયાદનો ઉકેલ આવી જવાની શક્યતા છે. ટપાલી તેમને ચીવટથી પ્ર.સ.ના અંકો અને અન્ય ટપાલ નિયમિત રીતે આપી જશે એવી અમને આશા છે. એટલે ગ્રાહકો સ્થાનિક પોસ્ટ ઓફીસમાં અંકો ન મળ્યાની કે મોડા મળતા હોવાની લેખિત ફરિયાદ કરે, એવી અમારી નમ્ર વિનંતી છે. આ વિધિ કર્યા સિવાય અમને ફોન/પત્ર દ્વારા સતત ફરીયાદ કરવાથી કશું થઈ શકશે નહીં અને અમે તેનું સમાધાન આપી શકીએ નહીં.

પ્ર.સ.એ રજીસ્ટર્ડ પત્ર છે. દરેક પરિવારને નિયમિત મળવું જ જોઈએ. સ્થાનિક ટપાલ કચેરીમાં લેખિત ફરીયાદ સાથે જુનો કોઈ અંક બતાવશો અને પોસ્ટ માસ્તર કે ટપાલીને તે નિયમિત આપવા સમજાવશો તો જરૂર કંઈક ઉકેલ આવશે. આ ઉપરાંત પ્ર.સ. દર સોમવારે *www.prakashsamiksha.com* પર ઈન્ટરનેટ માધ્યમથી લોગ ઓન કરી વાંચી શકાય છે. આ સિવાય આપના અંકના સરનામા સ્ટીકર ચેક કરી સુધારા વધારા લખી જણાવશો તો ફેરફાર કરી શકાશે.

**પ્ર.સ. સમિતિ**

# પર્યુષણ પર્વમાં તપસ્વી યાદી – ૨૦૧૨

**ધન્ય આપની તપોભાવના–અહોભાવે કરીએ અનુમોદના...**

*(અઠ્ઠાઈ અને તેથી ઉપરની તપસ્યા કરનાઓએ પોતાનું પૂરૂં નામ અને હાલનું ગામ લખી મોકલવું)*

### પારોલા

કાંતિલાલ દામજી પોલડીયા .............. ૮
જીગેશ નરેન્દ્ર મૈશેરી ........................ ૮
ગુલાબચંદ લખમશી નાગડા ............. ૮
શાંતિલાલ હરીલાલ ધંધુકીયા............. ૮
કવિતાબેન તિલકચંદ ઘૂલ્લા .............. ૮

### કોઠારા

મધુબેન ખુશાલ ખોના ...................... ૯
ઝમકુબાઈ મુરજી લાપસીયા ............. ૮
પ્રિતેશ ચંદ્રકાંત લોડાયા .................... ૮
રીના મહેશ ઘરમશી......................... ૮
પુષ્પાબેન નારાણજી મૈશેરી................ ૮

### વર્ધમાનનગર

હેમંત લહેરચંદ મોમાયા..... મૌન માસક્ષમણ
હેમંત ભવાનજી વીકમશી .....માસક્ષમણ
લીલાવંતી હીરાચંદ છેડા................ ૧૬
જ્યોત્સના મનિષ ઘરમશી............. ૧૬
પુષ્પાબેન મુરજી છેડા ...................... ૯
દીપેશ પ્રબોધ મુનવર ........................ ૮
નીરવ દિલીપ મોતા .......................... ૮
નૂતન નિર્મલ નાગડા ........................ ૮
વિનય લઘુભાઈ હેફા ........................ ૮
કલ્પના રાજેન્દ્ર ખોના.......................... ૮
યશ હેમંત વિકમશી........................... ૮
હેમંત લક્ષ્મીચંદ છેડા ......................... ૮

### કોલકતા

વીરિશ લક્ષ્મીચંદ લુઠીયા .................... ૮

### રાયપુર

ઉત્તમચંદ ખીમજી મૈશેરી (વર્ષીતપ) ... ૮
વિજય શિવજી લોડાયા ................... ૮
રતનબેન ચાંપશી નાગડા ................. ૮
જીગર સતીશ છેડા.......................... ૮
પૂર્વા ભૂપેન્દ્ર મોમાયા ........................ ૮
કિરણ કિર્તી પોલડીયા ...................... ૮
સેજલ વિજય લોડાયા ..................... ૮
પ્રિતિ યશવંત છેડા ........................... ૮
મિત્તલ ભાવિક નાગડા ..................... ૮

### ડોંબિવલી

સૌ. પાયલ વિરાજ મોમાયા .......... ૧૬
નિલમ કેતન નાગડા ........................ ૮

### ચાલીસગામ

જય મહેશ શિયાડ ........................... ૮
સૌ. નિલમ દલેશ મોમાયા ................ ૮
કુ. અક્ષિતા દલેશ મોમાયા ................ ૮
કુ. ઈશિતા કિશોર ઘુલ્લા ..... અક્ષયનિધિ
વિજયાબેન નવીનચંદ્ર નાગડા .. વરસીતપ
ઝમકુબાઈ હંસરાજ ..... ૨૪ તીર્થંકર તપ

### સોલાપુર

ભવ્યા જયેશ લોડાયા ........ શિખરજીતપ
માણીલાલ ડુંગરશી લોડાયા .. શિખરજીતપ
કલ્પેશ ઉમેશ લોડાયા ........ શિખરજીતપ
ચેતના ઉમેશ લોડાયા......... શિખરજીતપ
રતીલાલ નરશી છેડા.......... શિખરજીતપ
બિપીન રતીલાલ છેડા........ શિખરજીતપ
કિરીટ માણીલાલ વિકમશી... શિખરજીતપ
સીમા કિરીટ વિકમશી........ શિખરજીતપ
સુધાબેન માણીલાલ વિકમશી.શિખરજીતપ
રીટા રમેશ દંડ ................. શિખરજીતપ

### કોચીન

હિતેશ કુલીનકાંત મૈશેરી .................. ૯
કુ. દીક્ષીતા ચેતન મોતા..................... ૮
વિકાસ નવીનચંદ્ર લોડાયા.................. ૮
શ્રીમતી ભાવના મુકેશ લોડાયા.......... ૮
શ્રીમતી નમ્રતા પરમજીત સામરા ....... ૮
નિખીલ કુલીનકાન્ ખોના ................. ૮
કુ. હીરલ ઉતિન લોડાયા ................. ૮
કમલેશ જવેરીલાલ લોડાયા.............. ૮
શ્રી લલિત રતનશી મોતા ................. ૮
શ્રીમતી આશા ભરત લોડાયા............ ૮
પ્રશાંત ભરત લોડાયા ...................... ૮
શરદ પાનાચંદ દંડ .......................... ૮
સિદ્ધાર્થ શરદ દંડ ............................ ૮
હાર્દિક બિરેન દંડ ........................... ૮
થોભણ ચાંપશી લોડાયા .................. ૮

### ચેન્નઈ

ચિ. નેવીલ પ્રફુલ મોતા ................ ૩૦
લોકાંક્ષી લેનીન અજાણી .................. ૯
તરલાબેન કુમારપાલ અજાણી ........... ૮
હિના ઉમેશ ઝવેરી (બેંગ્લોર)............ ૮
સિધ્ધી કીશોર મોતા ........................ ૮
પ્રતીક કીશોર મોતા ......................... ૮
ગૌરવ ભરત લોડાયા ....................... ૮
નીહાલ ઉત્તમાની (કોઈમ્બતુર).......... ૮

## પાસ થયા – હાર્દિક અભિનંદન !



**મયંક રૂપેન ઘુલ્લા**
(મલકાપુર)
SSC - 94%



**કેવલ નીલેશ દંડ**
(ડોંબિવલી)
CA-IPCC-60.71%



**શ્વેતા ગિરીશ શાહ**
(કોઈમ્બતુર)
CBSE (X) CGPA 10



**ઋષભ ગિરીશ શાહ**
(કોઈમ્બતુર)
B.Com. CGPA 8.4



**તૃષાંક ગિરીશ દંડ**
(વડાલા)
Dip. in (IT) B.E. (IT)



**વિશેષ કિશોર દંડ**
(વિલેપાર્લે)
ICSE (X) 93.4%

## IN THE WONDERFUL WORLD OF OUR VASTI PATRAK *- Kirit Khetsey Munwar*

Our community has started census way back in Samvat Year 1981 (Calendar year 1927 AD) and since then, with available modes and equipments, continued the tradition of publishing Vasti Patrak on periodic intervals.

Our 7th Vasti Patrak was published using database and application way back in the year 2002. This was progress over 6th Vasti Patrak, which was pioneered and started using computer to manage the data and using publishing tools to typeset entire Vasti Patrak. 7th Vasti Patrak just automated most of the processes like English to Gujarati translation, Auto Page making using "Tags" feature of Page Maker to name few, reducing Publishing time v/s Last data captured.

Now is the time to revamp the entire Vasti Patrak Project so as to go completely online and achieve high standard of results. This exercise will help all of us in our routine life as we all will get latest information at any point of time. Just visualise the situation where you would get latest and updated Matrimonial Information, latest Business details from our own Yellow Pages, latest details of Gnatijans residing in respective Mahajans / Ekkams at any point of time. Kindly note that the 8th Vasti Patrak will be published with information of "Navi Nyat" after "Vilanikaran".

Keeping in mind such objectives, in order to complete the task of gathering useful information, Census forms are created after many debates and discussions, after investing huge man hours, forms have now been sent to you all so as to gather / refresh latest data. On receipt of all forms, we propose to publish the data in two formats: one in Print format and another in Online format.

Print form will have many restrictions like space, font size etc. However online format will help us to overcome such limitations and will change the way we have been searching our own data. Post online era, process of updation of data will be mostly online but with little moderation and control for the security of data. Regardless of the same, the new site will always have updated data where by users will be able to share social events like Engagements, Marriage, Birth, Death etc. and will be able to share photos to the community, and so will be our Mahajans / Ekkams.

By this our community new site will probably change fortunes of our economy. Marriageable Boys and Girls will be able to get better choice of selecting partner as the list of eligible candidates will always be updated, our small scale or cottage industry, Grih Udyogs as well as our commercial giants will be able to get more exposure than before.

We will be issuing KDO cards this time, which will have Unique ID No. which will not change during it's life. This will be revolutionary step and will benefit many of us in number of ways in time to come.

We look forward to your active participation to be a part of our "Be in Touch Program" by reaping benefits from the secure and safe site.




**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**



**Trust Regn. No. E–2071 – Kachchh • P. A. No. AABTA 7039 A**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia),
Dist. Kachchh (Bhuj), Gujarat State, Pin Code - 370 645 • Tel. : (02831) (952831) 273256

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

।। નમામિ જ્ઞાતિમૈયે ।।

# શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન

## જ્ઞાતિ જનજાગરણ-સંપર્ક અભિયાન

સમસ્ત મહાજનના પુનરોત્થાન બાદ વિવિધ સક્રિય પ્રયત્નોમાં જ્ઞાતિવસતીના કેન્દ્રો પર જ્ઞાતિ જનજાગરણ-સંપર્ક અભિયાન સર્વે સ્થાનિક મહાજનો-એકમો અને જ્ઞાતિજનોના ઉત્સ્ફુર્ત પ્રતિસાદે સફળ રહ્યો છે. પ્રાયતઃ ભારતભરનું પરિભ્રમણ પુરું થયું છે.

હવે મુંબઈમાં આ જનજાગરણ-સંપર્ક મેળાવડાનો તા.૧૫-૭ના ભાંડુપમાં મળેલ સભામાં શુભારંભ થયેલ. એ અનુસંધાનમાં આગળ વધતાં આગામી સભા **રવિ. તા.૧૬-૯-૧૨**ના રાત્રે ૯ વાગે **માટુંગામાં શેઠ નારાણજી શામજીની વાડીમાં** એકત્ર મળશે જેમાં માટુંગા, દાદર, સાયન, વડાલા, ચુનાભટ્ટી અને આસપાસના પરાંના જ્ઞાતિજનો (ભાઈ-બહેનો અને યુવાઓ) સહભાગી થઈ શકશે.

આ પ્રકારે મુંબઈભરમાં અન્ય પરાંઓમાં તે તે સંઘ અને મંડળના સહયોગે અન્ય બેઠકો યોજવાની ભાવના છે. ઈચ્છુકોએ સમસ્ત મહાજનનો સંપર્ક કરવા વિનંતી છે.

એ રીતે મહારાષ્ટ્ર એકમના વિસ્તારમાં બાકી ગામ પૈકી **નાશિકમાં** મેળાવડો **રવિ. તા.૧૬-૯-૧૨**ના સવારે ૧૧ થી ૧ દરમ્યાન ગોઠવાયેલ છે. જેમાં નાશિક, દેવલાલી અને આસપાસના જ્ઞાતિજનો એકત્ર મળશે. એ વિસ્તારના સર્વે જ્ઞાતિજનોને પધારવા આમંત્રણ છે. સમસ્ત મહાજનના કાર્ય માટે આપના સુચન આવકાર્ય છે.

આપના સહકાર સહ,

**નોંધ : દરેક મહાજને પોતાના સરનામા-ફોન-ઈમેઈલ સંપર્કસૂત્ર જણાંવવા વિનંતી છે.**

*- ચીમન મોતા (સેક્રેટરી જનરલ)*


।। શ્રી શાંતિનાથાય નમઃ ।।

**સાંધવ ગામ વાસીઓ જોગ .....**

જય જીનેન્દ્ર

પર્વોમાં મહાન એવું પર્યુષણ પર્વ ની ઉજવણી કરી સવંત્સરી પ્રતિક્રમણ કરી આપ સૌ સાંધવ વાસીઓ ને મન, વચન અને કાયાએ ખમાવું છું



"મિચ્છામી દુક્કડમ્"



આપ સૌ જાણો છો તેમ તા. 7/7/2012 થી 13/07/2012 નાં પ્રકાશ સમીક્ષા અંક માં સાંધવ વાસીઓનું કૌટુંબિક માહિતી પત્રકની જાહેરાત આપવામાં આવી હતી. એ જાહેરાતનાં અનુસંધાને આપણાં ઘણાંજ ગામવાસીઓ નાં ફોર્મ ભરી ને અમને મોકલાવ્યા છે અને સાથે ઘણા બધા સુચનો પણ મળ્યા છે. એ માટે આપ સૌના અમો આભારી છીએ.

હજી અમુક સાંધવ વાસીઓનાં ફોર્મ અમને મળ્યા નથી માટે નમ્ર વિનંતી કરવામાં આવે છે કે આ માહીતી પત્રક ભરી જલદી થી નીચે જણાવેલ સરનામે મોકલવા વિનંતી તે ઉપરાંત આપશ્રી અમારી સાથે નિચેનાં ફોન નંબર ઉપર વાત પણ કરી શકો છો.

"મિચ્છામી દુક્કડમ"

**પ્રદિપ આણંદજી ખોના**

શોપ નં.1, પ્લોટ નં. 93 / 94, વોર્ડ 6–બી, નાકોડાનગર,
આદિપુર – કચ્છ. 370 205. ● મો. : +91-9925666688

ટુક સમય માં વેબ–સાઈટ પણ શરૂ થવાની છે



**K. Dixit**

રીયલ ડાયમંડ જ્વેલરી

**કૌશિક રાયચંદ શાહ (પટેલ)**

(સાંધાણ - ઘાટકોપર)

**98204 57676**





*વગર દવાએ સરળ ઉપચારથી રજવાડીઠાઠથી જીવવાની કળા*

હાર્ટના બ્લોકજેસ ઓછા કરવા • કમર અને સાઈટીકાનો દુખાવો • સ્પોંડીલાઈસીસ • ઘુંઠણનો દુઃખાવો • માઈગ્રેન • ડિપ્રેસન • વજન ઘટાડવૂ • અન્યરોગોના ઈલાજ માટેની સલાહ અને ઉપાયો કોઈપણ જાતની દવા આપ્યા વગર તેમજ આપ લો છો એ દવા બંધ કરાવ્યા વગર ફક્ત બાહરી ઉપચાર, કોઈપણ આડઅસર વગર, જોખમ વગર અને લાભકારી નીચેની અલટરનેટીવ થેરાપીને ઉપયોગ કરી • મેરીડીયન મસાજ થેરાપી એક્યુપ્રેસર થેરાપી • પાસ થેરાપી • બુંહાગ ઈન્સટ્રુમેન્ટ બધી મેરીડયનોલોજી પર આધારિત તેમજ નેચરોપેથી થેરાપીના નિષ્ણાત.

**આપના ઘરે આવીને તપાસીને સચોટ ઈલાજ કરવામાં આવશે**

Raajendra S. Shah (Sr. therapist) Matunga, Mumbai.

**Mob.: 9820002953 •Tel.: 022-24121234**

।। શ્રી અનંતનાથાય નમઃ ।।

## શ્રી મહાકાલી માતાજીનું ૧૭મા વરસનું મહાપૂજન રવિવાર તા.૨૧.૧૦-૧૨

ઘાટકોપર સ્થાને આસો સુદ ૭ રવિવાર **તા.૨૧-૧૦-૧૨**ના અચલગચ્છના દેવી શ્રી મહાકાલી માતાજીના ૧૭મા વરસનું મહાપૂજન, ભક્તિ સમારોહ હંમેશની જેમ થશે. જેના

સહયોગી દાતાઓ

**માતુશ્રી મુરબાઈ વિસનજી લોડાયા હ.સૌ. પ્રભાબેન હેમેન્દ્ર લોડાયા (મુલુન્ડ)** તથા **માતુશ્રી જ્યોત્સનાબેન શાંતિલાલ લોડાયા હ. સૌ. ભૈરવી સેજસ લોડાયા (ઔરંગાબાદ)**

સવારના ૮.૩૦થી પૂજન, ૧૧.૨૦ પહેડી અને આરતી, ૧૧ થી ૨ સાધર્મિકભક્તિ, ભક્તિ સંગીત લોકપ્રિય **શ્રી કિશોર મનરાજા** અને સાથીઓ તથા **હંસકુમાર મૈશેરી** દ્વારા સવારે ૯ થી ૨ માં માતાજીની ભક્તિગંગા રેલાવશે. સૌને પધારવા-લાભ લેવા ભાવભર્યું આમંત્રણ છે. સ્થળ : શ્રીમતી ઝવેરબેન સભાગૃહ અને રાષ્ટ્રીયશાળા કમ્પાઉન્ડ, ઘાટકોપર (ઇ)

**-: અઢારમું વરસ :-**

**સં. ૨૦૬૯ આસો સુદ ૨ રવિવાર તા.૬-૧૦-૧૩ના કાર્યક્રમ રહેશે.**

**શુભેચ્છક : યતિ મોતીસાગરજી શ્રીજી મહારાજ તથા સહયોગી પરિવાર**

## મોમાયા પરિવાર અને સાંચરા ગામનું ગૌરવ



**હેમંત લહેરચંદ મોમાયા (સાંયરા)**

સળંગ ૪૪-૪૪ વરસીતપના આરાધક પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસુરીશ્વરજી મ.સા.ની પાવન નિશ્રામાં **ચિ. હેમંત મોમાયા**એ શાતાપૂર્વક મૌન **માસખમણ**ની તપસ્યા કરી ધર્મ આરાધના કરેલ છે. દેવ-ગુરૂની કૃપાથી તમે ઉત્તરોત્તર ઉગ્ર તપસ્યા કરી આત્મ કલ્યાણ કરો, કર્મ ખપાવો અને પરિવારનું નામ રોશન કરો એજ શુભકામના.... અનુમોદના

**~ શુભાશિષ ~**

દાદીમા : **માતુશ્રી ગૌરબાઈ શામજી મોમાયા**
માતા-પિતા : **લતા લહેરચંદ મોમાયા** (સાંયરા-ભુજોડી)
મોટામા-બાપા: **સૌ.ભાગ્યવંતી હીરચંદ મોમાયા**(સાંયરા-જલગામ)
ફઈબા : **દેકાંબાઈ શામજી મૈશેરી** (કોઠારા-જલગામ)
ફઈબા : **લક્ષ્મીબાઈ આણંદજી ખોના** (સાંયરા-જલગામ)
નાનાણાં : **મા.ગુણવંતીબેન કાનજી લાલકા**(બાંઢીયા-વડોદરા)


Since 1984...

**Lagna Deep**

બી-૧૩, જલારામ આશિષ, દેવીદયાલ રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)



**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ ઝરી, ચોકબંધ ઘરચોળા**

- રીયલ બટકસબની સાડી બોર્ડર • પીટ્ટાતાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઈડલ ચણીયા ચોળી • ડીઝાઈનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી

ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

**(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)**

**જૂના ઘરચોળા લેવામાં આવશે.**

**Mob.: 7666688881**

ગુરૂવાર બંધ

## જ્ઞાતિ વસતિપત્રકની અદ્‌ભૂત દુનિયામાં... - *કિરીટ ખેતશી મુનવર (અંધેરી)*

આપણી જ્ઞાતિએ છેક સંવત ૧૯૮૧ એટલે કે ઇસવીસન ૧૯૨૭માં વસતિપત્રક પ્રગટ કર્યું. ત્યારથી ઉપયુક્ત ઢબ અને સાધનો અનુસાર સમય સમયે વસતિપત્રક પ્રગટ કરવાની પરંપરા ચાલતી આવે છે.

છેક ૨૦૦૨માં પ્રગટ થયેલું આપણું ૭મું વસતિપત્રક ડેટાબેઝ અને કમ્પ્યુટરમાં ઉપલબ્ધ સુવિધાઓ (એપ્લીકેશનો)નો ઉપયોગ કરીને પ્રાપ્ત થયું હતું. છઠ્ઠા વસતિપત્રકની તુલનામાંએ મોટી ફરણફાળ હતી. જેનાથી માહિતીને યથાયોગ્ય રીતે ગોઠવવા તેની યોગ્ય વ્યવસ્થા કરવા તેમજ આખુંય વસતિપત્રક સારીરીતે ટાઇપ સેટ કરાવવા માટે આધુનિક સાધનોની મદદ લેવા માટે કમ્પ્યુટરનો ઉપયોગ શરૂ કરી મદદ લેવા સંબંધે એક નવી પહેલ હતી. ૭મા વસતિપત્રક વખતે ઘણાં સુધારા થયા, તેમાંથી મુખ્ય એટલે અંગ્રેજીમાંથી ગુજરાતી ભાષાંતર કરવાની આખી પ્રક્રિયા આપમેળે થાય તેવી ટેકનોલોજી ઉપયોગમાં લેવાઈ. પેજ મેકરની "ટેગસ" વિશેષતાનો લાભ લઈ પાનાની ગોઠવણ આપમેળે થઈ, જેનાથી અગાઉના વખતમાં માહિતી ગોઠવીને પ્રકાશિત કરવામાં જે સમય લાગતો હતો તેમાં ધરખમ ઘટાળો કરી શકાયો.

હવે ટેકનોલોજી અને વર્તમાન જીવનશૈલીમાં આવેલા ફેરફારોથી વસતિપત્રક પ્રગટ કરવાની આખી પ્રવૃતિને નવા ઊંચા સ્તરે લઈ જવાની શક્યતા ઊભી થઈ છે. તેને કમ્પ્યુટર-ઇન્ટરનેટની મદદથી ઓનલાઇન લઈ જઈ અને ઉચ્ચ ગુણવત્તાવાળા પરિણામો મેળવી જગતના કોઈપણ ખુણે ક્યારે પણ જે કાંઈ સંબંધિત માહિતી મેળવવી હશે તે મેળવી શકાશે. આ કવાયતથી આપણા સંબંધ સાચવવાના રોજિંદા વ્યવહારમાં પણ સરળતા આવશે અને કોઈ પણ ક્યારેય, વધુમાં વધુ સંબંધિત માહિતી મેળવી શકશે. કોઈ પણ સમયે, ક્યાંય હોઇએ તોય સગપણ સંબંધીત માહિતી, જાણે આપણા પોતાનાજ "યલો પેજીસ" તૈયાર કર્યા હોય તેમ વ્યવસાયિક માહિતી, ચોક્કસ મહાજનો/એકમોની હદમાં વસતા જ્ઞાતિજનોની દરેક માહિતી વગેરે સહેલાઇથી ઉપલબ્ધ કરી શકાશે. એ નોંધપાત્ર છે કે આપણું ૮મું વસતિપત્રક નવી ન્યાતના "વિલિનીકરણ" પછી તે સંબંધી માહિતી આપનારું પ્રથમ પ્રકાશન હશે.

આ હેતુઓને ધ્યાનમાં રાખીને ઉપયોગી માહિતી એકઠી કરવાનું કામ પૂર્ણ કરવા માટે અનેક કલાકોની ઘણી ચર્ચા વિચારણા પછી વસતિપત્રકના ફોર્મસ્ તૈયાર થયા છે. છેલ્લામાં છેલ્લી માહિતી મેળવવા જુની માહિતીને સમયાનુરૂપ બનાવવા જ્ઞાતિજનોને ફોર્મ મોકલવામાં આવી રહ્યા છે. આ ભરાયેલા બધા ફોર્મ એકત્ર થશે તેને સંકલિત કરીને અને બે સ્વરૂપમાં પુસ્તક સ્વરૂપે પ્રકાશિત કરાશે.

છપાયેલા ફોર્મમાં જગ્યા, નાના મોટા અક્ષરો (ફોંટ સાઇઝ) જેવી ઘણી મર્યાદાઓ હોઈ શકે. જોકે કમ્પ્યુટર પર ઓનલાઇન માહિતી આપવાથી આવી ઘણી મર્યાદાઓ દૂર થઈ શકશે. તેમજ એ રીતે માહિતી મેળવવાનું પણ સહેલું રહેશે. આજના ઓનલાઇન સંપર્ક જાળવવાના જમાનામાં માહિતીને સુધારતા વધારતા રહેવાની પ્રક્રિયા મુખ્યત્વે કમ્પ્યુટર પર ઓનલાઇન ઉપલબ્ધ રહેશે. અલબત તેમાં **સલામતી**નો તેમજ **યોગ્ય નિયંત્રણ**નો ચોક્કસ ખયાલ રાખવાની સંભાળ લેવી પડશે. માહિતીમાં સતત સુધારા-વધારા થતા રહે એટલે જ્ઞાતિજનો જન્મ, સગપણ, લગ્ન, મરણ જેવી માહિતી તથા સામાજિક ઘટનાઓ અંગે પરસ્પર સતત આપ-લે કરતા રહેશે. વધુમાં, સમુદાય સાથે પોતાના ફોટાઓની પણ આપ-લે કરી શકાશે. મહાજન અને એકમો પણ પોતાની વાત અને ફોટા ઝડપથી એકમેકને મોકલી શકશે.

આપણી જ્ઞાતિની કમ્પ્યુટર પરની આ નવી સાઇટ કદાચ આપણાં અર્થતંત્ર અને વ્યવસાયિક વહેવારનો ચહેરો જ બદલી નાખશે. લગ્નોત્સુકોની યાદીમાં સતત સુધારા વધારા થતા રહેશે એટલે જ્ઞાતિના લગ્નોત્સુક છોકરા-છોકરીઓ માટે યોગ્ય જીવનસાથી મેળવવા માટે બહોળી પસંદગી ઉપલબ્ધ થઈ શકશે. આપણા લઘુ ઉદ્યોગો-કુટિર ઉદ્યોગો-ગૃહઉદ્યોગો તેમજ આપણા મોટા વેપાર-ઉદ્યોગ, પ્રતિષ્ઠાનોને પણ પહેલાં કરતાં વધુ સારી રીતે જ્ઞાતિ સમક્ષ રજુ થવાની તક મળશે.

આ વખતે આપણે **કે.ડી.ઓ. કાર્ડ**નું પણ વિતરણ કરશું જે એક જ્ઞાતિની સ્વતંત્ર અને અનન્ય ઓળખ આપતી નવી વસ્તું હશે. આ ઓળખપત્ર આજીવન કામ આવતું રહેશે. આ એક ક્રાંતિકારી પગલું હશે જે આવનારા સમયમાં આપણને અનેક રીતે ઉપયોગી પણ થશે. આ ઘણી પ્રક્રિયાઓમાં વ્યય થતો સમય બચાવશે.

અમે આપણાં "સતત સંપર્કમાં રહો" કાર્યક્રમમાં આપ સૌના સલામત અને સુનિશ્ચિત કમ્પ્યુટર સાઇટમાં સૌના સક્રિય સહભાગની અપેક્ષા રાખીએ છીએ.

જય જિનેન્દ્ર

# શ્રધ્ધાંજલિ

ઉંમર વર્ષ : ૮૫



: અરિહંત શરણ :
૨૩-૦૮-૨૦૧૨

## ગં.સ્વ. માતુશ્રી લક્ષ્મીબાઈ શીવજી લોડાયા

### કોઠારા – ઘાટકોપર

એકાંતમાં રડી લઈશું, જ્યારે આવશે તમારી યાદ. જ્યાં કુદરત જ રૂઠી ગઈ, ત્યાં કોને કરવી ફરિયાદ.
પ્રભુ તમારાં દિવ્ય આત્માને શાંતિ અર્પે.

| | |
|---|---|
| પતિ | : સ્વ. શ્રી શીવજી શામજી કલ્યાણજી લોડાયા |
| સાસુ-સસરા | : સ્વ. ભમલબાઈ શામજી કલ્યાણજી લોડાયા |
| પુત્ર-પુત્રવધુ | : અ.સૌ. નલીની રતીલાલ લોડાયા, અ.સૌ. લીના રાયચંદ લોડાયા, અ.સૌ. લિલમ સુમનલાલ લોડાયા |
| પુત્રી-જમાઈ | : અ.સૌ. ગુણવંતી લક્ષ્મીચંદ મૈશેરી (જખૌ), અ.સૌ. લજીતા ભરત ખોના (જખૌ), નિર્મલા શીવજી લોડાયા, અ.સૌ. હંસા રાજેશ ખોના (જખૌ) |
| પૌત્ર-પૌત્રવધુ | : અ.સૌ. વિલ્પા રાજેશ લોડાયા, નરેશ રાયચંદ લોડાયા, ફૂતેશ સુમનલાલ લોડાયા |
| પૌત્રી-પૌત્રી જમાઈ | : અ.સૌ. ઉષ્મા યોગેશ મોતા (નલિયા), અ.સૌ. કુંતી દીપેશ ખોના (વાંકુ) • પરપૌત્ર-પૌત્રી : હંસીકા, વીર |
| દોહીત્ર-દોહીત્રી | : હિતેશ લક્ષ્મીચંદ મૈશેરી, છાયા બિપીન સચદે, અ.સૌ. નેહલ દીપેન ધુલ્લા, અ.સૌ. પાયલ હેમાંગ દૌલત, ધારા અને ચૈતાલી • દોહીત્ર વહુ : અ.સૌ. કવિતા હિતેશ મૈશેરી |
| પર દોહીત્ર-દોહીત્રી | : એશા, હેમીશ, ઉત્સા, ફ્રેયા, ગતીક |
| જેઠ-જેઠાણી | : ગં.સ્વ. પ્રેમાબાઈ મણશી શામજી લોડાયા |
| દિયર-દીરાણી | : ગં.સ્વ. ભાગ્યવંતીબેન હીરજી લોડાયા, ગં.સ્વ. જયાબાઈ ટોકરશી લોડાયા |
| નણંદ-નણંદોઈ | : સ્વ. મુરબાઈ શીવજી મોતા (રાપરગઢવારી), સ્વ. હીરબાઈ મુલજી શિયાલ (જખૌ), સ્વ. કુંવરબાઈ હીરજી છેડા (જસાપર), સ્વ. માંકબાઈ ખીમજી સોની (સુથરી), સ્વ. નવલબાઈ ખેતશી જીવાણી (જખૌ) |
| માતા-પિતા | : સ્વ. મીઠીબાઈ લખમશી પનપારીયા (નાગ્રેચા) |
| ભાઈ | : જવેરચંદ, દિનેશ પનપારીયા • ભાભી : સ્વ. જવેરીબેન, અ.સૌ. મધુરીબેન દિનેશ પનપારીયા |
| બહેન-બનેવી | : સ્વ. દેવકાંબાઈ શામજી લોડાયા (સાંધાણ), ગં.સ્વ. વાલબાઈ હંસરાજ દંડ (મંજલ રેલડીયા), ગં.સ્વ. જયાબાઈ ટોકરશી લોડાયા (કોઠારા), ગં.સ્વ. કુંવરબાઈ વાલજી દંડ (મંજલ રેલડીયા), અ.સૌ. પુષ્પાબેન ટોકરશી વીકમશી (સુથરી) |
| વેવાણ-વેવાઈ | : સ્વ. મુરજી જેઠાભાઈ મોમાયા (વરાડીયા), ગં.સ્વ. નેણબાઈ ઉમરશી મૈશેરી (જખૌ), સ્વ. દમયંતીબેન હિરાચંદ ખોના (સાંયરા), ગં.સ્વ. મલ્યાબેન આણંદજી નથુભાઈ ખોના (જખૌ), સ્વ. હીરાબાઈ હંસરાજ નરશી મોમાયા (સુથરી) |

# અંજલિ અંતર તલથી...



જન્મતારીખ
૭-૧૦-૧૯૫૫

અરિહંશરણ
૨૩-૦૮-૨૦૧૨

## શ્રી કિશોરભાઈ શીવજી મોતા

(ઉ.વ.૫૭)

*તમારી ચિર વિદાયથી ખાલી થયું અંતર,*
*દેહાંતે પડયું હવે ભવોભવનું અંતર,*
*તમે સદ્‌ગતિ પામી કાપશો મોક્ષનું અંતર,*
*તમારી યાદ જ અમારો ખરો જીવન મંતર.*

**શોકાતુર**

ધર્મપત્નીઃ જયશ્રીબેન  પુત્રોઃ હાર્દિક, ચારૂદત્ત
ભાવિપુત્રવધુઃ મારીશા રાજેશ લોડાયા (સુથરી)

**માતુશ્રી મણીબાઈ શીવજી વેલજી મોતા લાલાવાળા પરિવાર**
**માતુશ્રી કસ્તુરબાઈ નરોત્તમલાલ મેઘજી ધરમશી જખૌવાળા પરિવાર**

અ.સૌ. લક્ષ્મીબેન વિસનજી લાલજી સોની (સુથરી-મુલુંડ)
અ.સૌ. અલ્કાબેન કિશોર વાલજી દંડ (લાલા-મુલુંડ)
અ.સૌ. વિરાજ મયુર મણીકાંત ઘુલ્લા (જખૌ -મુલુંડ)

## ઋણ સ્વીકાર

**વહિવટ કુશળ સંઘ આગેવાન**

**શ્રી કિશોરભાઈ શીવજી મોતાની અણધારી**
**ચિર વિદાય વખતે અંતિમ યાત્રામાં પધારી, પ્રાર્થનાસભામાં સહભાગી**
**થઈ ફોન, મોબાઈલ, ઈમેઈલ તથા પત્રથી શોક સંદેશ પાઠવી સાંત્વના આપનાર**
**સૌ કોઈનુ ભારે હૈયે ઋણ સ્વીકાર કરીએ છીએ**
**મોતા અને ધરમશી પરિવાર**

## “પ્રકાશ”-યાત્રા :શ્રી અનંતનાથજી દહેરાસરજી ટ્રસ્ટનો દોઢસો વર્ષનો ઈતિહાસ

જ્ઞાતિ શિરોમણી શેઠ નરસી નાથાના ઘેર દહેરાસરમાંથી સને ૧૮૭૭ (સવંત ૧૮૮૯) માં અત્યારનું શ્રી અનંતનાથજી મહારાજનું ખાંડબજારમાં આવેલું મુંબઈનું દહેરાસર અને ઉપાશ્રય બાંધવામાં આવ્યા.. આ વખતે શા. નરશી નાથાએ મોટે ભાગે જોઇતા નાણા ધીર્યા હતા ને બાકી ફંડ એકઠું કરવામાં આવ્યું હતું. જ્ઞાતિજનો પાસેથી એકઠા કરાયેલા ફંડમાંથી શેઠશ્રીએ ધીરેલા નાણાં ચૂકવી આપવામાં આવ્યા..

એ શરૂઆતના સમયથી મહાજન અને દહેરાસરની સર્વ પ્રકારની આવકનાં નાણાં શેઠશ્રીને ત્યાં પેઢીમાં જમા થતા ને શેઠશ્રીજ સઘળા વહીવટના હર્તાકર્તા હતા.. શ્રી ઠાકરશી દેવરાજ વિ. શ્રી હરભમ નરશી વાળાના પ્રખ્યાત દાવામાં મી. સ્કોટે કરેલા નિરીક્ષણ મુજબ “પ્રારંભથી જ હીસાબ બહુ અવ્યવસ્થિત રાખવામાં આવ્યા છે. દેરાસર સાધારણ અને મહાજન આ ત્રણે ફંડો ખુલ્લા હેતુઓ ધરાવે છે છતાં એકનાં નાણા બીજામાં અને બીજાનાં ત્રીજામાં એવી ગુંચવણ કરવામાં આવી છે. આ સાધારણ ખાતાનું ફંડ પણ જુદું તો લગભગ ૧૮૫૯માં પાડવામાં આવ્યું. તે પહેલાં દહેરાસર અને મહાજન એવા નામના બે જ ખાતા રહેતા..

એમના બીજા પુત્ર શેઠ હરભમ નરસીની નાણાંકીય સ્થિતિ નબળી પડી ત્યાં સુધી આ વહીવટ એમની પેઢી હસ્તક જ રહ્યો.. ૧૮૬૬માં શેઠ હરભમના નામ પરની દહેરાસરની મિલકત તેમના ખાનગી દેવા પેટે જપ્ત થતાં- જે દહેરાસરની મિલ્કત પરની જપ્તી પાછળથી ઉઠી ગઈ. જ્ઞાતિજનોની આંખ ઉઘડી અને ૧૮૬૭માં એક તરફ બાઈ લીલબાઈ નરશી વીરજી તથા શા.. હરભમ નરશી અને બીજી તરફ શા કેશવજી નાયક અને બીજા આગેવાને વચ્ચે પહેલું ખત (Trust Deed) કરવામાં આવ્યું. અને શા.. હરભમ નરશી, શા કેશવજી નાયક, શા.. ત્રીકમજી વેલજી, શા.. ઘેલાભાઈ પદમશી, શા માડણ તેજસી અને શા જીવરાજ રતનશી પહેલા ટ્રસ્ટીઓ બન્યા.. આ વખતે પણ આવકની વધારાની રકમ શેઠ વીરજી નરસીની પેઢીમાં રાખવાની સત્તા ટ્રસ્ટીઓને આપવામાં આવી..

૧૮૬૯માં મહાજનની સામે કરાડ આગેવાનોએ દહેરાસર, અને બીજી મહાજનની મીલ્કતોમાં પોતાનો ભાગ માંગતો દાવો કર્યો.. જેમાં આખરે સમાધાન થયું, પણ મહાજનને ભારે ખર્ચ વેઠવો પડયો.. આ કેસ કરાડકેસ તરીકે સુપ્રસિદ્ધ છે.

બીજા ટ્રસ્ટીઓ હયાત ન રહેતાં એકમાત્ર ટ્રસ્ટી શ્રી ઘેલાભાઈ પદમશીએ ૧૮૮૭માં ટ્રસ્ટી તરીકે છૂટા થવાની ઈચ્છા દર્શાવતાં મહાજનની સામાન્ય સભામાં શા ઓભાયા રાઘવજી, શા.. હીરજી ઘેલાભાઈ, શા.. દેવજી પરબત લધા, શા લખમશી ગોવિંદજી હેમરાજ, શા.. લાલજી શામજી તથા શા.. મેઘજી ભીમજી ટ્રટીઓ તરીકે નીમાયા.. આ ઉપરાંત પાછળથી શા.. દેવજી મેઘજી અને શા.. નરશી કેશવજીને પણ ટ્રસ્ટીઓ તરીકે નીમવામાં આવ્યા..

શ્રી ઠાકરશી દેવરાજ અને બીજાઓએ ટ્રસ્ટીઓને હોદા ઉપરથી દૂર કરવા અને ટ્રસ્ટીઓએ ટ્રસ્ટનાં નાણાં પોતાની પેઢીઓમાં રોકવા તથા બીજાઓને આપવાનું જે ગેરકાયદે પગલું લીધું હતું તે નાણાં પાછા મેળવવા, ગેરવહીવટ કરવાનો આક્ષેપ મૂકી દાવો માંડ્યો.. જેનો ચૂકાદો ૧૮૯૪માં ઓન.જ. સ્કોટે આપ્યા અનુસાર શા.. હરભમ નરશી, શા.. ઘેલાભાઈ પદમશી અને શા કેશવજી નાયક ટ્રસ્ટીઓ તરીકે નાલાયક ઠરાવવામાં આવ્યા અને એમને રૂા.. બે આનાને લેખે રૂા.૨,૪૦,૦૦૦ દહેરાસર, મહાજન અને સાધારણ ખાતાનાં ફંડમાં ભરવાનું ફરમાન કરવામાં આવ્યાં.. અપીલમાં ટ્રસ્ટીઓને ટ્રસ્ટીઓ તરીકે ચાલુ રાખવામાં આવ્યા પણ નાણા ભરવા સંબંધીનું નીચલી અદાલતનું ફરમાન કાયમ રાખવામાં આવ્યું.

જેને એક જજે The most litigant community of Bombay કહી છે, એવી આપણી નાતના દાવાઓમાં સૌથી ચકચારભર્યો રાજગોર બ્રાહ્મણોને નાતની મહાજનવાડીમાં જમવાં ન દેવા અંગે ૧૮૯૫માં મંડાયો.

શ્રી વાલજી શામજી અને બીજાઓ જે રાજગોરોને જમાડવાની તરફેણમાં હતા તેમની સામે હતા તે વખતે સુધારાનો ઝંડો ઉઠાવનાર સુધારકોના આગેવાન શ્રી નરશી કેશવજી જેઓ રાજગોરોને જમાડવાની વિરૂધ્ધમાં હતા.. આ કેસમાં શ્રી વાલજી શામજી ને બીજાઓ હારી ગયા.. ને જડજ મી.. ફેરને ચૂકાદો આપતાં બ્રાહ્મણોને નાતની વાડીમાં તથા જમણમાં લાવવાની મનાઈ પ્રતિવાદીઓને કરી..

આ બને કેસો દરમિયાન મહાજનને લગભગ રૂા.૭૫,૦૦૦નું દેવું થઈ ગયું. જે પૈસ દહેરાસર ફંડમાંથી ઉપાડવામાં આવ્યા હતા.. આને લઈને ૧૯૦૬માં એડવોકેટ જનરલ વિ.. દેવશી ભીમશી અને બીજાઓ વચ્ચે માંડવામાં આવેલા દાવાના અન્વયે મહાજનને હવે દહેરાસર ફંડમાંથી લેણાં તરીકે નાણાં આપવાનો પ્રતિબંધ મૂકવામાં આવ્યો.

મહાજન ઉપર દહેરાસરના લેણાંના જે રૂ.૭૫૦૦૦ નીકળતા હતા તે સને ૧૯૭૧માં શ્રી. ખેતશી ખીંયશીએ ભરી દઈ, મહાજન ફંડને દેવામાંથી મૂક્ત કર્યા.

૧૯૦૫માં કરાયેલા નવા ખત પ્રમાણે શા. જેઠાભાઈ નરશી, શા મેઘજી ખેતસી, શા. પીતાંબર કાનજી, શા મુલજી ઘેલાભાઈ, શા. લાલજી વશનજી, શા. માણેકજી જેઠાભાઈ વર્ધમાન, શા ચાંપશી કુંવરજી, શા. દેવશી ભીમજી ટ્રસ્ટીઓ તરીકે નીમાયા. સને૧૯૧૧માં શા. વશનજી ત્રીકમજી, શા. ખેતશી ખીંયસી, શા. જીવરાજ રતનશી, શા. લખમશી હીરજી, શા વીરજી ડાહ્યાભાઈ, શા. ચાંપશી કુંવરજી, શા. માણેકજી જેઠાભાઈ, શા. લાલજી વશનજી તથા પદમશી રતનશીને દહેરાસર તથા સાધારણ ફંડોના ટ્રસ્ટીઓ નીમવામાં આવ્યા. સને ૧૯૧૫માં મહાજનની સામાન્ય સભાએ શા. લાલજી વશનજી, શા. કલ્યાણજી વર્ધમાન, શા. ખીમજી હીરજી કાયાણી, શા. વશનજી સોજપાર, શા. દામજી માવજી તથા શા જીવરાજ ખેતસીને ચુંટી કાઢ્યા. આ પછી મળતા નામો મુજબ ૧૯૨૭માં શા. ખીમજી હીરજી કાયાણી, શા ચાંપશી કુંવરજી, શા દામજી માવજી, શા. હીરજી કાનજી, શા અરજણ ખીમજી, શા. થોભણ દેવજી, શા નરસી ચત્રભોજ શા. દામજી શામજી જીવાણી, શા વેલજી આણંદજી મૈશેરી, અને ડૉ. પુનશી હિરજી મૈશેરી ટ્રસ્ટીપદે હતા.

શ્રી અનંતનાથજી દહેરાસરનું લેણું સાધારણ ખાતા ઉપર વધતું જતું હોવાથી ટ્રસ્ટીઓની આંખ ઉઘડી. ૧૯૩૦માં મહાજને દહેરાસરનાં મકાનોની આવકનો ૯% ભાગ સાધારણ ખાતાને દર વર્ષે આપવાનો ઠરાવ કર્યો. અને આ ઠરાવને કોર્ટની મંજૂરી પણ મળી ગઈ. પણ દહેરાસરના ટ્રસ્ટીઓએ લાંબા સમય સુધી આ ઠરાવનો અમલ ન કર્યો. ૧૯૩૪માં ટ્રસ્ટીઓની સંખ્યા ઘટી બે પર રહી. ત્યારે દહેરાસરનું લગભગ રૂ.૫૦૦૦૦ લેણું સાધારણ ખાતા ઉપર નીકળતું હતું. આ પરિસ્થિતિમાં ડૉ. પુનશી હિરજી મૈશેરીના પ્રયત્નોથી કોર્ટ દહેરાસરફંડને, આગલો ઠરાવ થયો ત્યારથી આજસુધી ૯% લેખે જેટલી આવક થઈ તેટલી સાધારણફંડને ભરી દેવાનો હુકમ કર્યો. આ ઉપરાંત નાખોદાવાળું મકાન જે દહેરાસરના ઉપયોગમાં હતું, તે સાધારણ ખાતાનું હોઈ અત્યારસુધીના વપરાશના ભાડારૂપે રૂ.પોણા બે લાખ તેમજ મકાનની કિંમત રૂપે લગભગ પોણો લાખ રૂ. દહેરાસર ફંડ પાસેથી સાધારણ ખાતાને મળ્યા. આમ થતું અટકાવવા શ્રી લખમશી જેઠાભાઈ ને બીજાઓએ કરેલા પ્રયત્નો નિષ્ફળ ગયા.

જ. બ્લેગ્ડને કરેલા હુકમ અનુસાર ૧૯૩૫માં પહેલી પુખ્તમતાધિકારથી ટ્રસ્ટીઓની ચૂંટણી કોર્ટ હસ્તક કમીશ્નરના પ્રમુખપદે થઈ. જેમાં ડો. પુનશી હિરજી મૈશેરી, શા. કાનજી વશનજી પાલાણી, શા. કુંવરજી જેઠાભાઈ, શા. દેવજી આણંદજી ખજુરવાલા, શા. લધાભાઈ સવરાજ, શા. પદમશી શિવજી ને શા. રતનશી માણેકચંદ ચૂંટાયા.

નવી ટ્રસ્ટ સ્કીમ મુજબ ૧૯૪૪માં થયેલી ચૂંટણીમાં શા ભવાનજી અરજણ ખીમજી, શા. ઠાકરશી હિરજી, શા. નરશી ચત્રભોજ, શા રતનશી દામજી, શા. ચત્રભોજ ખીંયશી, શા કાનજી વિશનજી પાલાણી, શા કુંવરજી જેઠાભાઈ ચૂંટાઈ આવ્યા.

આ ટ્રસ્ટીઓની સામે ૯૧૪૫માં મે. શિવજી ભારાની કું. એ પાઘડી તરીકે રૂ.૫૨૦૦માં ટ્રસ્ટનું મકાન ભાડે આપતાં ટ્રસ્ટીઓએ લીધા તે પાછા મેળવવા દાવો માંડ્યો. જેમાં સમાધાન થતાં રૂ.૩૦૦૦ની રકમ મે. શિવજી ભારાને મળી.

આજ ટ્રસ્ટીઓની સામે શા જેઠાભાઈ ગોવિંદજી અને શા. ગંગાધર ચત્રભોજે વિશ્વાસભંગ અને ટ્રસ્ટીઓની બરતરફી માટે દિવાની દાવો માંડ્યો. પાછળથી શા ગંગાજર ચત્રભોજ પોતે ખસી જવા કોર્ટને પત્ર લખ્યો પણ કોર્ટે તે મંજૂર રાખ્યો નહીં. એવામાં ટ્રસ્ટીઓ પૈકી શ્રી ભવાનજી એ. ખીમજી, શ્રી રતનશી દામજી માવજી, શ્રી ઠાકરશી હીરજી મણસી, શ્રી ચત્રભુજ ખીંયશી તથા શ્રી નરશી ચત્રભુજ કોર્ટ મારફત કન્સેન્ટ ડીક્રીની રૂએ રાજીનામું આપ્યું અને ૧૯૫૪ સુધી ફરી ચૂંટણીમાં ન ઉભા રહેવાની બાંહેધરી આપી. ને દાવો કાઢી નખાયો.

ઉપરોક્ત અને દાવામાં પ્રતિવાદી તરીકે જોડાયેલા એક ટ્રસ્ટી શા. કુંવરજી જેઠાભાઈએ વિશ્વાસભંગ, પાઘડી લેવાનો ઇ. આરોપો મૂકી ફોજદારી કેસ ટ્રસ્ટીઓ ઉપર કર્યો. જેમાં પોલીસકોર્ટ તેમજ હાઈકોર્ટમાં હારી જતાં, સુપ્રીમ કોર્ટને અપીલ કરી પણ સુપ્રીમ કોર્ટે એ અપીલ કાઢી નાખી.

એ પછી ૧૯૪૯માં લડાયેલી ચૂંટણી ટ્રસ્ટના ઈતિહાસમાં અદ્વિતિય છે. એમાં પહેલી જ વાર યુવાનો જૂથ બાંધીને લડ્યા ને જીત્યા.

પેટા કલમોમાં પુરતી જોગવાઈ છે, તે ઉપર ગંભીર વિચારણા કરવી જોઈએ. જૈન શ્વે. કોન્ફરન્સ તરફથી શ્રાવક શ્રાવિકા ઉત્કર્ષ અંગે કરવામાં આવતાં કાર્યો તેમાંયે ખાસ કરીને હાલમાં ચાલુ થયેલ ઉદ્યોગ કેન્દ્ર વગેરે પગલાંઓનો અભ્યાસ કરી જ્ઞાતિને પણ એવી ઉપયોગીતાનો લાભ મળે તેવી યોજનાઓ અમલમાં આણવી જોઈએ.

**લોકસંપર્ક :** આજના જમાનામાં આ અતિ ઉપયોગી વસ્તુ છે. જેને ટ્રસ્ટીઓએ ન ભૂલવી જોઈએ. તેમાંથી તેમને કરવાનાં કાર્યો અને રહેલી ઉણપોનો કે માર્ગ ક્ષતિઓનો

ખ્યાલ પણ મળી રહે. “નાનામાં નાના પાસેથી સારી વસ્તુ ગ્રહણ કરો” એ ન્યાયે ગમે તેવી ટીકાને ફક્ત ઉપેક્ષાવૃત્તિથી ન નિહાળતાં તેમાંથી સાર તેમજ સત્ય ગ્રહણ કરવાનો ખ્યાલ રાખવો જોઈએ. આ ઉપરાંત મહાજનની સભાઓ સમક્ષ ઉડાઉ જવાઓ ન આપતા પુરતી સમજ આપી પોતાનાં દૃષ્ટિબિંદુઓ સ્પષ્ટ રજુ કરવાં જોઈએ. જો કેટલીક ચીજોની જોગવાઈ ટ્રસ્ટમાં ન પણ હોય તો ટ્રસ્ટીઓ પણ જ્ઞાતિના ચૂંટાયેલ આગેવાનો છે, તેમને જ્ઞાતિનો પુરો ટેકો છે, એ સમજી એની સાથે સંકળાયેલી વસ્તુઓ કે અન્ય સમાજોપયોગી મકાન બાંધકામ, શિક્ષણ, ઉદ્યોગ-ધંધાદિ પ્રવૃત્તિઓ, સ્વતંત્ર રીતે શરૂ કરવી જોઈએ. સાધારણ ખાતાંને વધારવા માટેના પ્રયત્નો એ કચ્છના બંધુઓનો સહકાર લઈ કરવામાં કશું ખોટું નથી, અને ઉપરોક્ત પ્રવૃત્તિઓ જો સંપૂર્ણ રીતે ફાલીફૂલી હશે તો તેમને એ માટે સાધારણ ખાતામાં મદદ પણ મળી રહે એમ કહેવું જરાયે અતિશયોક્તિ ભરેલું નથી.

ટુંકામાં જેવું મોટું ટ્રસ્ટ છે. તેટલા પ્રમાણમાંજ કાર્યક્ષેત્રને પણ વિશાળ બનાવવાની શકયતા અને આવશ્યકતા અસ્થાને ન ગણાય.

***(ક.દ.ઓ. “પ્રકાશ”ના જુલાઈ ૧૯૫૪ના અંકમાંથી)***


## હાર્દિક અભિનંદન

**શ્રીમતી મોનીતા પૂર્વેશ ખોના**
**(FREMONT USA) MILPITAS**
**ના મેયર ના હસ્તે ટ્રોફી સ્વીકાર કરે છે.**



સીલીકોન વેલી (U.S.A.) માં ભારતીય મહિલાઓ માટે આયોજિત ફુડ રેસીપી પ્રતિયોગીતામાં **શ્રીમતી મોનીતા પુર્વેશ ખોનાએ** અન્ય ૩૮ ભારતીય મહિલાઓ સાથે આ સ્પર્ધા માં ભાગ લીધેલ. તેમજ સ્પર્ધા માં મોનિતાએ દ્વિતીય સ્થાન મેળવી ટ્રોફી તથા સર્ટિફીકેટ મેળવ્યા. ઇનામી વાનગી **“હેઝલનટ લીચી ડીલાઇટ”** ઉપસ્થિત મેહમાનોને ખુબજ પસંદ આવી

**મોનીતાને અમારા હાર્દિક અભિનંદન.**

**શુભાશીષ સહ**
**મૃદુલા તારાચંદ ખોના**
**તારાચંદ પુનશી ખોના**




## મરમજા મોતી : બે પંક્તિમાં અંકિત કવિ “તેજ”ની અમૃતવાણી...

*- સોમ ઘરમશી* (કચ્છ)

***કો ખાંઢા, કો બાંઢા, કો ભાંઢેસે ભમેં***
***હિત મોભ ભને કોક, ભાકી મોભઈયા ઘણેં***

**શબ્દાર્થ : બાંઢા = ભાંગેલા, ખંડીત, બાંઢા = પુછડા વગરના, ભાંઢો = પાછળથી ટીકા કરનાર, મોભ = ટેકણરૂપ જાડું લાકડું, મોભઈયા-વાંસની આડી પટ્ટીઓ**

**ભાવાર્થ :** સમાજનું અવલોકન કરતાં કવિની નજર ક્ષિતિજને પેલે પાર પહોંચી જાય છે. બે પંક્તિોની વચ્ચે સુંદર ઉપમાઓ આપી સમાજ જીવનનું દૃષ્ટાંત આપે છે. સમાજની દશા-અવદશાનો ચિતાર ખુબીપૂર્વક કવિની કલમ ઉપરની પંક્તિમાં રજુ કરે છે.

કવિ કહે છે કે, સમાજમાં જુદા જુદા પ્રકારનાં માણસો હોય છે. કોઇક ખાંઢા એટલે કે નિરુત્સાહી-નિસ્તેજ હોય છે. ભાંગી પડેલા હોય છે, નકારાત્મક વલણ ધરાવતાં હોય છે. તો કોઈક પુછડી વગરનાં બાંઢા પણ મળે છે. (સાત પુછડીવાળા બાંઢા ઉદરની વાર્તા નાનપણમાં સાંભળેલી) પુછડી એ પ્રાણી માટે મહત્વનો અવયવ અંગ છે. જે સમતોલ જાળવવામાં તેમજ સંરક્ષણ કરવામાં મદદરૂપ બને છે.

ક્યાંક કહેવાયું છે કે પશુની પુચ્છ અને માણસની મુચ્છ. ત વળી કેટલાક ભાંઢા હોય જે પાછળથી ટીકા (નિંદા કુથલી) કરનારા હોય છે કોઈ પણ કાર્યમાં સકારાત્મક રહી, જોડાઈ સાથ આપવાના બદલે સમાજકાર્યની નિંદામાંજ પોતાનો સમય ગુમાવે છે.

સમાજ અને સંસ્થાના વિકાસ કાર્યો માટે મોભીઓની જરૂર છે, ઘરનાં છાપરાની પડાળ જ્યાં મળે છે ત્યાં છાપરાને ટકાવી રાખવા (support) આપવા વપરાતાં જાડા લાકડા જેવા મોભ હોય છે. જેના કારણે મકાનની છત ટકી રહે છે. વિશ્વસનીય, આત્મશ્રધ્ધાથી સભર અને આત્મવિશ્વાસથી ઉભરાતા હોય એવા આગેવાન સદ્દભાગ્યે કોક જ મળે છે.

બાકી મોભઈયા ઘણા મળી આવે જે ફક્ત ટેકો જ માંડ માંડ આપી શકે. ચારે તરફ નજર ફેરવો તો આવા મોભઈયા જ મળશે.

## પ્રથમ પૂણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ

જખૌ



ડોંબિવલી

**સ્વ. શ્રી કેશવજી નેણશી શીયાડ**

દેહવિલય : તા.૧૯-૯-૨૦૧૧

જોતાં જોતાં એક વર્ષ થયું પણ આપના આશીર્વાદ અમને સદાય પ્રાપ્ત થતા રહે
અને આપના ચિંધેલા માર્ગે અમે સદા ગતિશીલ રહીએ
એજ પરમ કૃપાળુ પરમાત્માનો મંગલ પ્રાર્થના...

**~ શોકાતુર ~**

ધર્મપત્ની : **દમયંતી કેશવજી શીયાડ**

પુત્ર : **ઉતમ કેશવજી શીયાડ** પુત્રવધુ : **ચેતના ઉતમ શીયાડ**

પુત્ર : **યોગેશ કેશવજી શીયાડ** પુત્રવધુ : **જીગના યોગેશ શીયાડ**

પૌત્ર : **ભાવિન-હિત** ● પૌત્રી : **જીનલ**

પુત્રી : **ગુણવંતી (સરીતા) રાજેશ ધરમશી**

દોહીત્ર : **હર્ષ રાજેશ ધરમશી** ● દોહીત્રી : **દીશીતા રાજેશ ધરમશી**

---

।। શ્રી ગણેશાય નમઃ ।।

।। શ્રી આશાપુરા માતાય નમઃ ।।

સહર્ષ જય માતાજી સાથે જણાવવાનું કે મોટીસિંધોડીના મૈશેરી ગોત્રના કુળદેવી મા આશાપુરાને નમતા ભાવિકોને **છઠ્ઠી સમૂહ પહેડી મંગળવાર તા.૧૬-૧૦-૨૦૧૨** આસો સુદ એકમના દિવસે સવારે ૯ થી ૩ દરમ્યાન ડોંબિવલી (વે) મુકામે રાખવામાં આવી છે. કુટુંબના તથા સર્વે નિયાણી બહેનોને પણ પરિવાર સહિત પધારવા ભાવભર્યું નિમંત્રણ છે. સર્વે ભાવિકોને સમયસર પધારવા નમ્ર વિનંતી.

**ભુઈમા : ખમાવંતી ગુલાબ મૈશેરીના સર્વે ભાવિકોને જય માતાજી**

નોંધ : (પહેડીમાં કાળા વસ્ત્ર પહેરીને આવવાની સખત મનાઈ છે)

**❋ પહેડી સ્થળ ❋**

**સેલિબ્રેસન હોલ,** ગોપી સિનેમા મોલ,
એન.એસ.એસ.રોડ, ડોંબિવલી (વેસ્ટ) ૪૨૧૨૦૨.

**❋ પહેડીના દાતા ❋**

**માતુશ્રી ગં.સ્વ. નવલબાઈ દામજી મૈશેરી પરિવાર**
(નાનીસિંધોડી-ડોંબિવલી)

**નોંધ :** આશાપુરા માના દર્શને ભાવિકોની પદયાત્રા તા.૧૮-૧૦-૧૨થી ૨૨-૧૦-૧૨ દરમ્યાન યોજી છે. જે ભાવિકોને આ યાત્રામાં જોડાવવું હોય તેઓ કાર્યકર્તાઓના સંપર્ક કરી નામ નોંધણી કરાવે.

॥ શ્રી શાંતિનાથાય નમો નમઃ ॥

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન-સાંધવ

આદરણીય ગામવાસીઓ,

જય જિનેન્દ્ર સહ જણાવવાનું કે આપણાં ગામવાસીઓનું **વાર્ષિક સ્નેહમિલન રવિવાર તા.૭-૧૦-૧૨ના** શેઠ નરશી નાથા સભાગૃહ (અનંતસિધ્ધિ) ભાડુંપ (વે.) માં યોજવામાં આવેલ છે.

**~ કાર્યક્રમ રુપરેખા ~**

**૧)સવારના ૯.૩૦ કલાકે નવકાર મહામંત્રપઠન અને સમુહ ક્ષમાપના.**

**૨)૧૦.૦૦ કલાકે તપસ્વીઓનું બહુમાન, તેમજ શૈક્ષણિક ક્ષેત્રે ઉતીર્ણ વિદ્યાર્થીઓનું બહુમાન.**

**૩)૧૦.૩૦ કલાકે રાસ રમઝટ અને ૧૧.૩૦થી સ્વરૂચિ ભોજન.**

આ પ્રસંગે સર્વે સાંધવવાસી જ્ઞાતિજનો તથા સાંધવગામની નીયાણી બહેનોને સ્નેહભર્યું આમંત્રણ છે. સમયસર પધારશોજી. આ પર્વ પર્યુષણમાં અઠ્ઠાઈ કે તેથી વધુની તપસ્યાવાળાના નામ અને ૮૦% કે તેથી વધુ ગુણાંક મેળવનાર સાંધવના છાત્રોએ પોતાની વિગત અને રીઝલ્ટની ઝેરોક્ષ કોપી સાથે કાર્યકરો પાસે નામ નોંધણી કરાવી લેવા વિનંતી છે.

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન-સાંધવ વતી**

**કાર્યવાહક પ્રમુખશ્રી તથા ટ્રસ્ટીગણ**

**શ્રી શામજીભાઈ નરશી દંડ** - ૯૮૨૧૨૨૭૭૭૮ **શ્રી વિરચંદ મેઘજી ખોના** - ૯૮૭૦૯૮૯૦૦૫

**શ્રી પ્રવિણ કુંવરજી મોતા** - ૯૮૨૧૩૩૦૯૧૪ **શ્રી રસીક દેવરાજ લોડાયા** - ૯૮૭૦૩૫૭૬૫૯

**શ્રી વિપુલ ઠાકરશી લોડાયા (પટેલ)** - ૯૮૯૨૧૯૯૧૯૭

ના જય જિનેન્દ્ર

॥ શ્રી શાંતિનાથાય નમો નમઃ ॥

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન-સાંધવ

આદરણીય સાંધવના જ્ઞાતિજનો,

સાંધવ મહાજનશ્રીની જનરલ સભા રવિવાર **તા.૭-૧૦-૧૨ના** બપોરે ૨.૦૦ કલાકે શેઠ નરશી નાથા સભાગૃહ, અનંતસિધ્ધી, એલ.બી.એસ. રોડ, ભાંડુપ (પ.) એ સ્થળે નીચે મુજબના એજન્ડા પર ચર્ચા વિચારણા કરી નિર્ણય લેવા એકત્ર મળશે. મહાજનના સર્વે સભ્યોને સમયસર પધારવા આમંત્રણ છે.

**~ એજન્ડા ~**

૧) ગત મિટિંગની મિનિટસ્નું વાચન કરી બહાલી આપવી

૨) મહાજનશ્રીની જનરલ સભા ગત તા.૨૮-૬-૨૦૦૯ના ભાડુંપ મુકામે મળેલ. જેમાં શ્રી શામજી નરશી દંડને નૂતન મહાજનવાડી (ભોજનશાળા) બાંધવા માટેનો આદેશ અપાયેલ. એ બાબતે ચર્ચા વિચારણા કરીને આગળ યોગ્ય નિર્ણય લેવા બાબત.

૩) સાંધવમાં ઉપાશ્રયનું નુતનીકરણ કરવા બાબત ચર્ચા વિચારણા.

૪) સાંધવમાં અતિથીગૃહ નિર્માણ બાબત ચર્ચા વિચારણા

૫) સભા પ્રમુખશ્રીની મંજુરીથી જે રજુઆત થાય તે બાબત ચર્ચા વિચારણા.

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન-સાંધવ વતી**

**શ્રી શામજીભાઈ નરશી દંડ**

(કાર્યવાહક પ્રમુખ)

**શ્રી વીરજી લધાભાઈ ક.દ.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ વિદ્યાર્થીઓ દ્વારા કરેલી તપસ્યાની ભૂરી ભૂરી અનુમોદના**



**તપસ્વીઓ**



**અનુજ ગિરીશ લોડાયા** **હાર્દિક મુલચંદ મૈશેરી**

દર વર્ષે વિદ્યાર્થીગૃહનાં બાળકો પર્યુષણ પર્વ સારી એવી તપશ્ચાઓ સાથે ભક્તિભાવથી ઉજવે છે. આ વખતે છેડાનગર અને ભાંડુપ-અનંતસિધ્ધિ સ્થિત સર્વે વિદ્યાર્થીઓએ ભાવપૂર્વક રૂડી રીતે પર્યુષણ પર્વ ઉજવેલ.. દરરોજ પૂજા, પ્રતિક્રમણ તેમજ ભક્તિભાવના કરી. પોતાના અભ્યાસની સાથે સાથે સારી એવી તપસ્યાઓ પણ કરેલ છે.

વિદ્યાર્થીઓમાં **અનુજ ગિરીશ લોડાયા** તથા **હાર્દિક મુલચંદ મૈશેરી**એ અઠાઈ કરેલ. આ ઉપરાંત હેમ ખોના, ઉમંગ માલદે, અંકિત લોડાયા, દર્શન મુનવર અને રીતેશ લાપસિયાએ અઠ્ઠમ તપની તથા જય ધુલ્લા, અમિત માલદે, સતીશ મૈશેરી, જીત લોડાયા અને ઉત્તિન ધરમશીએ છઠ્ઠની આરાધના કરેલ. તદઉપરાંત છુટક ઉપવાસ, એકાસણાં, બેયાસણાં પણ થયા હતા.

સંસ્થાના પ્રમુખશ્રી મધુકાંતભાઈ ખોના, માનદમંત્રી શ્રી નરેશભાઈ ભવાનજી શાહ, સહમાનદમંત્રી શ્રીમતી કાશ્મિરાબેન લુઠીયાની હાજરીમાં સર્વે વિદ્યાર્થીઓને પ્રભાવના અર્પણ કરી અનુમોદના કરવામાં આવી.. સંસ્થાના સર્વે ટ્રસ્ટીશ્રીઓ, અધિકારીગણ સર્વે તપસ્વી વિદ્યાર્થીઓની ભૂરી ભૂરી અનુમોદના કરે છે.

## ભાવભીની શ્રધ્ધાંજલિ



**સ્વ. શ્રી કિશોર શીવજી મોતા**

મોતા પરિવારનાં "મુડસ માડુ" શ્રી કિશોર શીવજી મોતા (લાલા-મુલુન્ડ)ની ચિર વિદાયથી પરિવાર, ગામ કે ગોત્ર જ નહીં સમગ્ર સમાજે કાબેલ, ખમતીધર અને સક્રિય સમાજસેવી કાર્યકર ગુમાવ્યો છે. તેમના ઝિંદાદિલ સુકૃત્યો, સામાજિક યોગદાન અને નીડરપણે હામભીડવાની કર્તવ્યશીલતા નવી પેઢીને પ્રેરણારૂપ બનશે. પરિવારને આ વજ્ર આઘાત જીરવવાની શક્તિ મળે અને સદ્ગત આત્માને પરમ શાંતિ મળે એજ પ્રાર્થના...

**-: શ્રધ્ધાસુમન :-**

**શ્રી અંબાઈ મા તેરા સ્થાનક ● શ્રી ક.દ.ઓ. જૈન મોતા પરિવાર ● મોતા યુથ ફોરમ**

# વાર્ષિક શ્રદ્ધાંજલી

જન્મ :
૧૦-૦૩-૧૯૯૦



સ્વર્ગવાસ:
૧૬-૦૯-૨૦૧૦

# સ્વ. કુ. મોનિકા મહેન્દ્રકુમાર લોડાયા

''જોઇને હસતી તસવીર તારી.... રડી પડે આંખો અમારી... તારી વિદાયને એક વર્ષ થયું, છતાં મન માનવા તૈયાર નથી, કે તું અમારી સાથે નથી. હસીને હસાવનારી સૌને રડાવી ગઇ...પ્રભુ તારા આત્માને પરમ શાંતિ અર્પે

## શ્રદ્ધાસુમન

**સ્વ. કુંવરબાઇ પદમશી પાશ્વીર લોડાયા પરિવાર (માનપુરા-કોઠારા)**

**શ્રીમતી ખમ્માવંતી મહેન્દ્રકુમાર પદમશી લોડાયા (માતા-પિતા)(સીરસા)**

શ્રીમતી જયાબેન ઝવેરચંદ પદમશી લોડાયા (મોટા મા-બાપા)
શ્રીમતી કલ્પનાબેન શાંતિલાલ પદમશી લોડાયા (મોટા મા-બાપા)
શ્રીમતી મિનલબેન મણીકાંત પદમશી લોડાયા (મોટા મા-બાપા)
શ્રીમતી કલ્પનાબેન ચંદ્રકાંત લોડાયા (કાકા-કાકી)
શ્રીમતી આશાબેન હિરાચંદ પદમશી લોડાયા (કાકા-કાકી)
શ્રીમતી વનિતાબેન મહેશ પદમશી લોડાયા (કાકા-કાકી)
ખુશાલ પદમશી પાશ્વીર લોડાયા (કાકા)

### ભાઇ - ભાભી

અ. સૌ. જલ્પા પરેશ ઝવેરચંદ લોડાયા
અ. સૌ. હિરલ પ્રકાશ શાંતિલાલ લોડાયા
ચિ. ફેનિલ મહેન્દ્રકુમાર લોડાયા
ચિ. પ્રિતેશ ચંદ્રકાંત લોડાયા
ચિ. ચિંતન હિરાચંદ લોડાયા

### બહેન બનેવી

અ. સૌ. વિપુલા નિતીન ધુલ્લા (બાંડીઆ-વડોદરા)
અ. સૌ. કાશ્મીરા પિયુષ ખોના (નલિયા - ડોંબિવલી)
અ. સૌ. જયશ્રી ચેતન ખોના (સુથરી - આદીપુર)
અ. સૌ. કાજલ વિજય દંડ (વરાડીયા - ઘાટકોપર)
કુ. ચેતના મણીકાંત, કુ. અમિતા મણીકાંત
કુ. કિંજલ ચંદ્રકાંત, કુ. રોશની હિરાચંદ, કુ. પુજા ચંદ્રકાંત

### ફઇ-ફુઆ

ચંદનબેન ત્રિકમજી મૈશેરી પરિવાર (કુવાપદ્ધર, ભાંડુપ)
કુસુમબેન શાંતિલાલ અદાણી પરિવાર (અમદાવાદ)
ગુણવંતીબેન નવિનચંદ્ર પટેલ પરિવાર (સાંધવ -ભોપાલ)

### નાના-નાની

શ્રીમતી વિમલાબેન મણશી રતનશી ડાઘા - વરાડીયા

### મામા

પારસ મણશી રતનશી ડાઘા - વરાડીયા

### માસી-માસા

અ. સૌ. ડિમ્પલ અભયકુમાર ધરમસી (સાંધાણ-ભુજ)
અ. સૌ. ચેતના દિનેશ શાહ (અંગીઆ - નખત્રાણા)
અ. સૌ. અલ્પાબેન ભાવેશ ધરમશી (સાંધાણ-વિરાર)
કુ. રોહિણીબેન મણસી ડાઘા (વરાડીઆ-માસી)

પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન
સંસ્થા સમાચાર · જ્ઞાતિ સમાચાર · વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### કચ્છમાં સર્વત્ર વરસાદ

અપૂરતા વરસાદના પહેલા રાઉન્ડ બાદ સોમવાર તા.૨૯-૮ના સાંજથી કચ્છમાં પણ છુટો છવાયો વરસાદ થતાં કચ્છવાસીઓએ હાશકારા સાથે આનંદ અનુભવ્યો હતો. ગાંધીધામનાં ૨ ઇંચ, અબડાસામાં સરેરાશ ૧ ઇંચ, અજારમાં ૧ ઇંચ, માંડવીમાં સવા ઇંચ, મુંદ્રા, નખત્રાણા અને રાપરમાં પણ મહેર થઈ છે. આ લખાય છે ત્યારે સારો વરસાદ ચાલુ છે.

મોસમનાં આંકડા : ગાંધીમમાં ૮ ઇંચ, રાપર પાંચ ઇંચ, નખત્રાણા ૪ ઇંચ, ભચાઉમાં ૪, માંડવી બે, મુંદ્રા અઢી, ભુજ ૨ ઇંચ, અંજાર ૩ ઇંચ જ્યારે અબડાસામાં સરેરાશ ૫ થી ૬ ઇંચ થયો છે.

જામનગર જીલ્લામાં વ્યાપકપણે ૧ થી ૬ ઇંચ પાણી પડ્યાના સમાચાર છે. દક્ષિણ ગુજરાતમાં સર્વાધિક વરસાદ સાથે સમગ્ર ગુજરાતમાં પ્રમાણસર વરસાદ થયો છે. આ લખાય છે ત્યારે પણ તા.૪ અને ૫ના કચ્છના અન્ય તાલુકા સહિત અબડાસામાં પણ ઠીક પ્રમાણમાં વરસાદ થયો છે જેથી તળાવોમાં જળ સપાટી વધી છે અને ઢોરો માટે ઘાસચારો-પાણીની ચિંતા ટળી છે.

### સમસ્ત જ્ઞાતિ મહાજન ટ્રસ્ટબોર્ડની મિટીંગ

સમસ્ત જ્ઞાતિ મહાજનના ટ્રસ્ટબોર્ડની આગામી બેઠક તા.૧૪-૧૦-૧૨ના સવારે ૯.૩૦ કલાકે વહીવટી કાર્યાલયે મુલુન્ડમાં એકત્ર મળશે. જેમાં પત્રવ્યવહારની રજુઆત, મુંબઈમાં અતિથીગૃહ નિર્માણ અંગે કાર્યવાહી અને તેની સમિતિ અહેવાલની રજુઆત, જ્ઞાતિ જનજાગરણ-સંપર્ક અભિયાનના જ્ઞાતિસુરના અમલીકરણ અંગે કાર્યવાહી વગેરે બાબતોની ચર્ચા કરી નિર્ણય લેવાશે.

સમસ્ત મહાજન દ્વારા સમગ્ર ભારતના જ્ઞાતિ જનજાગરણ સંપર્ક અંતર્ગત હવે મુંબઈના પરા અને થાણા જીલ્લામાં જ્ઞાતિજનો સાથે મેળાવડા યોજાશે.

### સમસ્ત મહાજન દ્વારા નાશીકમાં સંપર્ક સભા

શ્રી સમસ્ત ક.દ.ઓ. જ્ઞાતિ મહાજનના ઉપક્રમે જ્ઞાતિ જનજાગરણ-સંપર્ક અભિયાન અંતર્ગત સભા-મેળાવડો રવિ. તા.૧૬-૯-૧૨ના નાશીકમાં સવારે ૧૧ થી ૧ માં સ્થાનિક મહાજનશ્રીના સહયોગથી નાશીક-દેવલાલી અને આસપાસના જ્ઞાતિજનો માટે યોજાશે. જેમાં જ્ઞાતિના સામુહિક પ્રશ્નો, જ્ઞાતિ ઉત્કર્ષના વિચારસુચન અને સ્થાનિક મહાજનની રજુઆતો થઈ શકશે. પોતાના વિચારો રાખવા સર્વે ભાઈ-બહેનોને આમંત્રણ છે.

### સમસ્ત જ્ઞાતિ મહાજન દ્વારા જનજાગરણ

સમસ્ત જ્ઞાતિ મહાજન ઉપક્રમે મુંબઈમાં જ્ઞાતિ જનજાગરણ-સંપર્ક અભિયાન અંતર્ગત સંપર્ક સભાઓના ભાંડુપમાં તા.૧૫-૭-૧૨ના શુભારંભ થયા બાદ હવે પરાંઓમાં પણ આયોજન ગોઠવાઈ રહ્યા છે. આગામી સભા તા.૧૬-૯-૧૨નાં રાત્રે ૯ વાગે મીડટાઉન મુંબઈ સંઘના સહયોગે માટુંગામાં શેઠ નારાણજી શામજીની વાડીમાં છે. જેમાં માટુંગા અને આસપાસના પરાંઓના જ્ઞાતિજનોને સહભાગી થવા આમંત્રમ છે. આ ઉપરાંત જે જે સંઘ કે મંડળોના ઉપક્રમે વાર્ષિક સ્નેહમિલન આદિ કાર્યક્રમ હોય અથવા જ્યારે અનુકુળતા હોય ત્યારે આવી સભાઓના આયોજન બાબતે સમસ્ત મહાજનના કાર્યાલયનો સંપર્ક કરવા જણાવાયું છે.

### સમસ્ત ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન

સમસ્ત જ્ઞાતિ મહાજનના ઉપક્રમે ટુંક સમયમાં મુંબઈના વિવિધ પરાઓ અને મુખ્ય વસતીના મથકોએ જ્ઞાતિજન જાગરણ-સંપર્ક મેળાવડા તે તે સંઘની અનુકુળતાએ તેમના સહયોગે યોજાશે. આ મેળાવડાઓમાં જ્ઞાતિની સામુહિક સમસ્યાઓ અને જરૂરીયાતો વિષે જ્ઞાતિજનો


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર**

(વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

**Asia's First ISO 9001:2000 Certified Gin Press**

સાથે વિચારવિમર્શ કરી જ્ઞાતિસુર જાણવા પ્રયત્ન કરાશે.

જ્ઞાતિના રીતરિવાજો, સામુહિક પ્રશ્નો અને જ્ઞાતિ પ્રગતિ અર્થે કરવાના સામુહિક કાર્યોની પ્રાથમિકતા માટેના સુચન લખી મોકલવા જ્ઞાતિજનોને આમંત્રણ છે. દરેક સંઘ-મંડળ અને સંસ્થાએ પોતાની અનુકુળ બેઠકની તારીખ, સમય અને સ્થળ કાર્યાલયે જણાવવા વિનંતી છે. જેથી સુવ્યવસ્થિત કાર્યક્રમ આયોજન જાહેર કરી શકાય.સંપર્ક : ફોન : ૨૫૯૦૩૫૧૪-૧૫-૧૬

સમસ્ત મહાજન આ બધી બાબતોનું સંકલન-સમન્વય કરી તેના અસરકારક પરીણામ માટે પ્રયત્નશીલ રહેશે. દરેક મહાજને પોતાના નામ, સરનામા-સંપર્કસૂત્ર અને પોતાના ક્ષેત્રમાં કુટુંબસંખ્યા અને જનસંખ્યા જણાવવા અનુરોધ છે.

### મહારાષ્ટ્ર એકમ મહિલા મંચ ધુલિયા

અત્રે કચ્છી નવાવર્ષની ઉજવણી નિમિતે તા.૨૪-૯ના બપોરે ૨.૩૦ વાગે કલ્પના મયુર ધરમશીના પ્રમુખપદે બેઠક મળેલ. નવકારમંત્રપઠન બાદ મહિલા મંચે વય જુથ પ્રમાણે વિવિધ રમતોત્સવ ઉજવેલ. પ્રવેશફી રૂા.૧૦૦ લઈ "અંતાક્ષરી" માટે ગ્રુપસ્ બનાવેલ. દરેક વય ગ્રુપમંથી લકી ડ્રોથી ૫ ગ્રુપ થયા જેમાં ખંજરી, વાંસળી, પેટી, તબલા, મંજીરા એમ નામ અપાયા. સ્પર્ધાના નિયમોની માહિતી અપાઈ. અંતાક્ષરી, શબ્દ, જોડી અને ફિલ્મના રાઉન્ડ રમાડવામાં આવ્યા. મહિલા મંચના બધા સભ્યોએમાં સહભાગી થયા. સૌ. કલ્પનાબેન ધરમશી, સૌ. નીતાબેન ગોસર, સૌ. કલ્પનાબેન શાહ તથા સૌ. લતાબેન શાહે ગેમ રમાડેલ. યુવા મંચના શ્રી તરૂણભાઈ ગોસર ટાઇમકીપર અને શ્રી વરૂણભાઈ ભાટે સ્કોરર તરીકે સેવા આપી.

પ્રથમ ખંજરી ગ્રુપ અને દ્વિતીય મંજીરા ગ્રુપ, વિજયી થયા. વિજેતા ગ્રુપના સભ્યોને ઇનામ કવર અપાયા. યુવા મંચ સભ્યો ક્રિકેટ રમેલ. કચ્છી નવા વર્ષ નિમિત્તે મિઠ્ઠી રેયાણ કરી આનંદથી છુટા પડ્યા. આગામી બેઠકમાં મંચની નવી કારોબારી નીમાશે.

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-જાલના

જાલના મહાજનની મીટીંગ તા.૨૮-૮-૧૨ના શ્રી કિશોર ઠાકરશી મૈશેરીના ઘરે રાતે ૮.૩૦ વાગ્યે મળેલ. જેમાં વર્ષ ૨૦૧૨-૧૫ના ત્રણ વર્ષ નીચે પ્રમાણે મહાજનના પદાધિકારીઓની ચુંટણી સર્વાનુમતે થયેલ. અધ્યક્ષ શ્રી નરેન્દ્ર લખમશી દંડ, ઉપાધ્યક્ષ શ્રી લક્ષ્મીચંદ લીલાધર લોડાયા, માનદમંત્રી શ્રી ભાઈલાલ ખીમજી લોડાયા, સહ માનદમંત્રી શ્રી પ્રદીપ કેશવજી શિયાલ, ખજાનચી શ્રી દિનેશ શીવજી ધરમશી

### ટુર્સ અને ટ્રાવેલીંગ ક્ષેત્રે નવું સાહસ

ટુર્સ એન્ડ ટ્રાવેલીંગ વ્યવસાય ક્ષેત્રે જ્ઞાતિમાં એક નવું સાહસ બબલ ગમ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના નામે ઉમેરાયું છે. પ્રવાસવિશ્વના નૂતન પ્રવેશદ્વાર તા.૮-૯-૧૨નાં સાંજે ૬ વાગે મુલુન્ડ (વે) માં ખુલ્લા મુકાયા.

આંતરદેશીય અને આંતરરાષ્ટ્રીય પ્રવાસન ક્ષેત્રે મંગલાચરણ કરતાં "બબલ ગમ" સાહસે ટીએમટી હોલીડેઝના સંચાલક શ્રી ચેતન મેઘજી મોતા (વારાપધર) એ શનિવારે સાંજે ૬ વાગ્યાથી ૨૦૬ નેપચ્યુન અપટાઉન, એન.એસ.રોડ, સ્ટેશનથી નજીક, મુલુન્ડ (વે) ના નુતન કાર્યાલય ઉદ્ઘાટન પ્રસંગે તેમના સગા-સંબંધીઓ, મિત્રવર્તુળ જ્ઞાતિના સામાજિક અગ્રણીઓ, મુંબઈ મહાજન અને અનંતનાથ ટ્રસ્ટીની ટીમ તથા જ્ઞાતિ સંસ્થાઓના કાર્યકરોની બહોળી હાજરી હતી. સર્વે શુભેચ્છકોએ પુષ્પગુચ્છથી નવા સાહસને વધાવી લઈ પ્રગતિની શુભેચ્છાઓ આપી હતી. નવા સાહસને હાર્દિક શુભકામના.

### શ્રીમતિ મધુમતી દિનેશ ખોના (ભાટે)

સમીર આર્ટસ્ દ્વારા સમગ્ર ધુલીયા જીલ્લાસ્તરે ચિત્રકલા સ્પર્ધા ગોઠવાઈ હતી. જેમાં શ્રીમતિ મધુમતીબેન ભાટે પ્રથમ ક્રમાંકે વિજયી થયા અને તેમને અભિવાદન રૂપે ધુલીયાના DSP શ્રી દેશપાંડેના હસ્તે એવોર્ડ અને પારિતોષિક અપાયા. આ સિધ્ધિબદલ હાર્દિક અભિનંદન.

### અચલગચ્છનું માસિક "ગુણભારતી"

છેલ્લા ૩ દાયકાથી વધુ સમયથી પૂ.આ.શ્રી ગુણસાગરસુરીજીનાં દિવ્ય સ્મરણાર્થે ગુણભારતી પ્રકાશન ચે. ટ્રસ્ટ દ્વારા પૂ.આ.શ્રી કલાપ્રભસાગરસુરીશ્વરજી મ.સા.ના પ્રેરણા-માર્ગદર્શને પ્રકાશીત સઅચલગચ્છના ભાવિકો તથા અન્ય જૈન-જૈનેતર વાચકોને ધર્મ-સંસ્કૃતિનું સાત્વિક વાંચન જ્ઞાન પીરસતું આર્યરક્ષિત સંદેશ પાથરતું માસિક "ગુણભારતી" દરેક પરિવારે સભ્ય બની મંગાવવું જરૂરી છે. આ સામાયિકથી ગચ્છ-શાસના દરેક પ્રવૃતિના અહેવાલ-સમાચાર મળે છે એ ઉપરાંત અચલગચ્છ ઈતિહાસ તીથીપંચાંગ, અધ્યાત્મક લેખ અને મુનિભગંવતોના વિચારો અનેક વિધ ઐતિહાસિક મનનીય લેખ-કાવ્ય જ્ઞાન, ગમ્મત, ધાર્મિક, સંસ્કાર સામગ્રી અપાય છે. ચાતુર્માસ માથે પૂજ્યોના વિહાર કાર્યક્રમ વગેરે વહીવટી ખર્ચ માટે આધાર સ્તંભ, ₹૧ લાખ ઉપઆધાર સ્તંભ ₹૫૧ હજાર સ્તંભદાતા અને ₹૨૫૦૦૦ સહાયક દાતા ₹૧૧ હજાર , ૧૨ અંકમાં નામ વિગેરે યોગદાન યોજનાઓ છે.

દરેકને યથાશક્તિ સહયોગ આપવા અપીલ કરાઈ છે. કાર્યાલય : શ્રી ગુણભારતી પ્રકાશન ચે. ટ્રસ્ટ ૧૦૩, મેઘરત્ન એપા., મેઘભવન, દેરાસર લેન, ઘાટકોપર (ઈ), મુંબઈ-૪૦૦૦૭૭ (સમય સવારે ૯.૩૦ થી ૧૧) એ માટે આપ ગચ્છ-શાસનને લગતા સમાચાર અને ધાર્મિક લેખો પણ મોકલી શકો છો.

લવાજમ રૂા.૧,૦૦૦ આજીવન વાર્ષિક લવાજમ રૂ ા.૧૦૦ અને પંચવાર્ષિક રૂા.૫૦૦ છે. વધુમાં સભ્યો બનાવી આપણા ધર્મ, સંસ્કૃતિ અને ગચ્છને વધુ પ્રાણવાન બનાવીએ. એવી અપીલ કરાઈ છે.

## ગુજરાતી સમાજ-તીરપુર

સમાજની વાર્ષિક સામાન્યસભા નિયમિત કામકાજ સાથે સફળતાથી પુરી થઈ. વર્ષ ૨૦૧૨-૧૪ના બે વર્ષ માટેની નવી કારોબારીમાં શ્રી સતીશકુમાર હંસરાજ નાગડાની સહમંત્રીપદે વરણી થઈ છે. એ નિમણુંક બદલ હાર્દિક અભિનંદન.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહિલા મંચ, નાગપુર

મંચની સભા તા.૨૪-૮-૧૨ના સૌ. અંજુ પ્રતાપ ધરમશીના ઘરે મળેલા પ્રથમ નવકારમંત્ર પઠન કરાયું. ત્યારબાદ તા.૮ અને ૯ સપ્ટેંબરના મહારાષ્ટ્ર એકમ તથા મહિલામંચની વાર્ષિક સભા અને કાર્યક્રમમાં ભાગ લેવા મંચના પ્રમુખ પુનમ મોમાયા તથા આશાબેન લોડાયા જશે. અખિલ મહારાષ્ટ્ર એકમ મહિલા મંચ વતી ચૌદ સપના સજાવટની સ્પર્ધા યોજાઈ છે. જેનાં પાંચ ચાર્ટ મહિલામંચને મોકલવામાં આવ્યા જે પાંચ બહેનો એ સજાવવા માટે લીધા છે. બે પેપર ગેમ રમાડવામાં આવી. "ન" અક્ષરની ગેમમાં પ્રથમ પુનમ મોમાયા દ્વિતિય સુમતિ લોડાયા અને નાગપુરના ચિત્રપટના નામ શોધો સ્પર્ધામાં પ્રથમ અને દ્વિતિય બન્ને ઇનામ દમયંતિ લાલકાને અંજુબેન તરફથી અપાયા. અલ્પાહાર તથા કુલ્ફીનો લાભ લઈને સૌ છુટા પડ્યા.

## નાગપુરમાં મહાકાળી માતાની ભાવના

આ વખતે મહાકાળી માતાજીની ભાવના શ્રી પ્રતાપભાઈ ધરમશીના ઘરે રાખવામાં આવી. બહેનોએ ભાવનામાં રમઝટ જમાવી હતી. પ્રસાદ તથા અલ્પાહારનો લાભ લઈને સહુ છુટા પડ્યા હતા.

## ગુજરાતી મહિલા સમાજ-નાગપુર

સમાજ દ્વારા વર્ષા ઋતુ મિલનનો કાર્યક્રમ તા.૨૫-૮-૧૨ના ગુજરાત ભવનમાં યોજાયેલ. જેમાં વિવિધ સ્પર્ધાઓ યોજાઈ.

"હું દિકરીની માં છું, એ વાતનો મને ગર્વ છે" એ શિર્ષક હેઠળ યોજાયેલ નિબંધ સ્પર્ધામાં સૌ. પુનમબેન પ્રફુલ મોમાયાને પુરસ્કાર મળેલ.

મકાઈની વાનગી સ્પર્ધામાં અમી મિલિંદ પટેલ (મોતા) ને પ્રથમ ઇનામ મળેલ. આમ બૃહદ ગુજરાતી સમાજની સ્પર્ધાઓમાં બે ઇનામ જ્ઞાતિને ફાળે આવ્યા તે ગૌરવ બદલ અભિનંદન.

## "જૈન તીર્થ માર્ગદર્શિકા" : સાભાર-સ્વીકાર

સુવિખ્યાત, મહિમાવંત, પાવન જૈન તીર્થોનું માર્ગદર્શક પુસ્તકની તૃતિય આવૃતિ પ્રકાશિત થઈ છે. એનું ઉપયોગી સંકલન શ્રી કમલેશ શીવજી લાપસીયા (સાંયરા-ભાંડુપ) એ કર્યું છે. એની માહિતી માટેનું માર્ગદર્શન પૂ. મુનિ સર્વોદયસાગરજી, ઉદયરત્નસાગરજી અને ચારિત્ર્યરત્નસાગરજી એવમ ગુરૂમહારાજાઓએ આપ્યું છે. જે પ્રકાશનને અનેક શ્રમણ-શ્રમણીવૃંદના આશિર્વાદ મળ્યા છે. આવા અણમોલ પુસ્તકને માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવાર (રાપરગઢ)નું સૌજન્ય-સહયોગ મળ્યો છે.

તીર્થોની અમુલ્ય ગૌરવગાથા વર્ણવતા અને તીર્થયાત્રા પ્રવાસના માહિતી આપતું આ પુસ્તક દશાઈના નાથ શિરોમણી શેઠ શ્રી નરશી નાથાને સાદર અર્પણ કરાયું છે. પુસ્તકની ગરીમારૂપે શ્રી સિધ્ધાચલ તીર્થ શિખરે નવટુંક જિનાલયમધ્યે શ્રી અજિતનાથ અને શ્રી શાંતિનાથ પ્રભુની પુનઃ પ્રતિષ્ઠા મહોત્સવ (તા.૨૪-૨-૧૨ થી ૨૭-૨-૧૨) ઉજવણીની અનુમોદનીય તસ્વીર ઝલકના દર્શન સહ માતુશ્રી તારાબાઈ માણેકજી મોતાને ભાવપુર્ણ શ્રધ્ધાસુમન સહ સમર્પણ છે.

ઐતિહાસિક પુનઃ પ્રતિષ્ઠા મહોત્સવની જાજરમાન આરાધના ભક્તિભાવની સ્મરણીય તસ્વીરોમાં ભવ્ય રથયાત્રા, વરસીદાન યાત્રા, દીક્ષા મહોત્સવ, સુરસંગીત સ્તવના વંદનાવલી, અઢાર અભિષેક, સંગીત સુરાવલી, સંધ્યા આરતી, પુષ્પ વૃષ્ટિ અને ભાવવહી પવિત્ર, મનલુભાવન અને શ્રધ્ધાસ્થાનરૂપ શિખરના નવટુંક જિનાલયની અદ્ભુત કલાકૃતિ રચના વગેરે અનેક અનુષ્ઠાનોની રૂપેરી ઝલક કંડારાઈ છે. આ મહોત્સવ માત્ર આંકડાઓમાંજ નહીં પણ અનન્ય શ્રધ્ધાભાવની ઉતમ પરાકાષ્ટા અનુભુતિરૂપ, હજારો સાધર્મિકોના આનંદ-ઉલ્લાસ અને ધર્મપ્રિતી ભાવે પ્રશંસનીય, વંદનીય, અનુમોદનીય ઈતિહાસ આલેખી ગયો. જેમના સંભારણાં તીર્થમાં સ્પંદનોરૂપે શાશ્વત ઝંકૃત રહેશે. અલંકૃત રહેશે.

આ પુસ્તકમાં ભારતભરના રાજ્યપ્રમાણે તીર્થો જુહારવા કિ.મી. અંતરસહ રોડ નકશા, પ્રવાસરૂટ બનાવવાની સમજ, ૧૦૮ પાર્શ્વનાથ તીર્થોની માહિતી નકશાસહ, મુંબઈ લોકલ રેલ્વે સ્ટેશનો શંખેશ્વર તીર્થની રૂપરેખા, રાજ્યવાર તીર્થ યાદી, મૂળસ્થાન, મૂળનાયક, આસપાસના ગામ-શહેર અને નજીકના તીર્થ, ધર્મશાળા ઉતારા-ભોજનની વ્યવસ્થાની

માહિતી, તીર્થમાં સુવિધા સંપર્ક ફોન નંબર, ૧૦૮ પાર્શ્વનાથની નામાવલી વગેરે ઉપયોગી માહિતીનું સંકલન કરાયું છે. આજની નવી પેઢીને જૈન તીર્થયાત્રા પ્રવાસ અંગે આ પુસ્તક આત્મીય ભોમીયારૂપે ઉપયોગી થશે.

ફુલસ્કેપ સાઈઝમાં ક્વોલીટી પેપર પર, રંગીન ફોટા સહ સુંદર પ્રિન્ટવાળું આ પુસ્તક જૈનજગતને પ્રવાસન માટે ઉપયોગી નીવડશે. આ પુસ્તકના આકર્ષક મુખપૃષ્ઠ પર રાપગઢવાળીના ગોડીયા પાર્શ્વનાથ પ્રભુનું મનોરમ્ય દેરાસર છે. મા. તારાબાઈ માણેકજી મોતા પરિવારે ઉપયોગી ધાર્મિક માહિતીના પ્રસારણાર્થે અનુમોદનીય આર્થિક સહયોગ આપ્યો છે. શ્રી કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા અને શ્રીમતિ મધુરીબેન કિરીટ લાપસીયા (રવા-ચેમ્બુર) પરિવારની શુભેચ્છાઓ છે. જેમણે આ અગાઉની આવૃતિઓમાં પણ સુંદર સહયોગ આપી જ્ઞાન આરાધનાનો લાભ લીધો છે.

આ દળદાર પુસ્તકનું અનુમોદના મુલ્ય રૂા.૨૦૦/- છે. પ્રાપ્તિસ્થાન : મનિલ કમલેશ લાપસીયા ૧/૧૦ મથુરાબાઈ ચાલ, વિલેજ રોડ, ભાંડુપ (વે), મુંબઈ-૪૦૦૦૭૮ ફોન 09892914076/09867521344 Email:kslapsiya@yahoo.com/kslapsiya@gmail.com સંપાદક, પ્રકાશક અને સહયોગ આપનાર પરિવારને હાર્દિક અભિનંદન અને અનુમોદના.

### શ્રી પશ્ચિમ ભારત ક.દ.ઓ. જૈન એકમ

એકમની વાર્ષિકસભા તા.૨૩-૯-૧૨ના વડોદરામાં માતુશ્રી રતનબેન કાંતિલાલ શાહ ક.દ.ઓ. ભવનમાં એકત્ર મળશે. વર્ષ ૨૦૧૧-૧૨ના અન્વેષિત હિસાબોની મંજુરી વર્ષ ૧૨-૧૩નું બજેટ, ઓડીટર્સની નિમણુંક અને વર્ષ ૨૦૧૨-૧૪ માટેની એકમની નવી કારોબારીની ચુંટણી કરાશે. સર્વે સભ્યોને પધારવા જણાવાયું છે.

### શ્રી દ.ભા. ક.દ.ઓ. જૈન એકમ

એકમનાં બેંગ્લોર સ્થિત એકમભવનના સ્વતંત્ર પોતાનું 320 KVAનું જનરેટર સેટ વસાવવા માટે રૂા.૧૮ લાખ રૂાની બીનવ્યાજી લોનરૂપે શ્રીમતી સુશીલા દિનેશચંદ લોડાયા (સાંયરા-ગદગ) પરિવારે રકમ ભેટ આપી છે. તા.૨-૯-૧૨નાં દ.ભા.એકમના સભ્યો અને વિવિધ સંઘોની ઉપસ્થિતિમાં નવા જનરેટર સેટનું ઉદ્‌ઘાટન થયું.

હવે ભવનના બાકી રહેતા ૧૦ રૂમો તથા એકમની ઓફિસના દાતા સૌજન્ય સ્વીકારવામાં આવશે. વહેલો તે પહેલોના ધોરણે દાન ઓફરો વધાવી લઈ દાતાઓની યોગદાન તકતીઓ અંકિત કરાશે. ભવનનો અમુક હિસ્સો વ્યવસાયિક રીતે ભાડે આપીને ભાડાની આવક ચાલુ કરાઈ છે.


શ્રી ચંદ્રપ્રભ સ્વામીને નમઃ

NNN

નલીનપુર નારી નિગમ યોજે છે

વાણિજ્ય મેળો

સ્થળ સારસ્વત વાડી, મુલુન્ડ વેસ્ટ

દિવસ : ૧૩-૧૦-૨૦૧૨ શનીવાર

સસ્થાંના સભ્યોતથા જ્ઞાતિ જનોને વ્યાપાર વીકસાવવા સ્ટોલ રાખવા આમંત્રણ છે .

સંપર્ક નિયામક :

(૧) પૂર્વી છેડા ૯૯૨૦૩૨૮૬૦૨ (૨) માલિની નાગડા ૯૨૨૩૨૫૯૩૮૩

(૩) વીણા નાગડા ૯૯૬૭૬૬૬૩૮૦ (૪) નીલમ નાગડા ૯૮૩૩૮૪૮૪૦૩

આપસૌના સહકારની અભ્યર્થના

## ગામેગામ ઉજવાયા પર્વાધિરાજ પર્યુષણ–ઉલ્લાસભાવે તપ, જપ, વ્રત–ઘૃતની વરસી આરાધના હેલી...

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન–નાનીખાવડી

અત્રે નાનીખાવડી ગામે શ્રી ચિંતામણી પાર્શ્વનાથ દેરાસરમાં પર્યુષણ મહાપર્વની ખૂબજ ધામધૂમથી આરાધના થઈ. આર્યરક્ષિત જૈન તત્વાન વિદ્યાપીઠમાંથી વિજયાબેન ટોકરશી લોડાયા તથા વિજયાબેન સુંદરજી ગાલા પધારેલ. સવારના ભક્તામરપઠન થયું. તેમણે કલ્પસુત્રનું વાચન કરેલ મુંબઈ તથા દેશાવરમાંથી ૯૫ જણાંએ નાનીખાવડી ગામે હાજારી આપી. વિવિધ ચડાવા તથા ઘૃતની ઉછામણીનો લાભ લીધો. વૃત, તપ, જપની સુંદર આરાધના થઈ. વ્યાખ્યાન તથા પ્રતિક્રમણ બાદ વિવિધ પ્રભાવના કરવામાં આવી. સમુહમાં સાંવત્સરિક પ્રતિક્રમણ કરેલ. તપસ્વીઓનું બહુમાન તથા સમુહ સાંજી કાર્યક્રમ રહેલ. દરરોજ સ્નાત્ર પૂજા, મોટી પૂજા, પ્રતિક્રમણ, આંગી તથા ભક્તિભાવના થઈ. કલ્પસૂત્ર તથા પારણાનો વરઘોડા ધામધૂમથી કાઢવામાં આવ્યા. શોભાયાત્રા કાઢી બોલીનો લાભ લેનાર ભાવિકના ઘરે પધરાવવામાં આવ્યા. સ્વપ્નનું કુલ ઘૃત ૨૭૧૯૯૧ મણ અને પર્યુષણ પર્વ દરમ્યાન કુલ ઘૃત ૩૪૮૮૮૦ મણ થયું.

### બડગરા

અત્રે પર્યુષણ પર્વ રૂડી રીતે ધર્મ આરાધના સાથે ઉજવાયા. વાંચન માટે મુંબઈ આર્યરક્ષીત વિદ્યાપીઠમાંથી ભદ્રાબેન ગુલાબચંદ ગાલા તેમ રેખાબેન દિનેશ દેઢિયાએ સુંદર શૈલીથી આરાધના કરાવી. કલ્પસુત્ર પધરાવવાનો લાભ ૨૧ મણમાં શા. દામજી પાશ્વીર મોતા પરિવારે અને પ્રભુજીનું પારણું પધરાવવાનો લાભ ૫૧ મણમાં શ્રી મિત્ર મંડળે લીધેલ.

કલ્પસુત્ર વહોરાવવાનો લાભ શા. વેરશી લધાભાઈ પોલડીયા પરિવારે લીધેલ. સ્વપ્નાનું ઘૃત ૨૦૯૦૪ મણ તેમજ કુલ ઘૃત ૨૪૯૧૭ મણ થયેલ.

છઠ્ઠના દ્વાર ઉદ્ઘાટનનો લાભ શા. પ્રેમજી દેવરાજ લોડાયા પરિવારે લીધેલ. છઠ્ઠના સામુહીક ક્ષમાપના અને સ્વામી વાત્સલ્ય સંઘ તરફથી થયેલ. તપસ્યામાં છઠ્ઠ, અઠ્ઠમ તપ થયેલ.

### ભુજ વર્ધમાન નગરે ચૈત્ય પરીપાટી હારમાળા

ભુજ વર્ધમાનનગરમાં તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.આ.ઠા.નું ચાર્તુમાસ હોઈ અને પર્યુષણ પૂરા થતાં વર્ધમાનનગરનાં વિમલનાથ પ્રભુજીનાં દર્શનાર્થે તથા પૂ. ગુરૂભગવંતશ્રીઓનાં સંવત્સરી વંદનાર્થે વિવિધ ૬૫ સંઘો પધારેલ. અત્રેના સંઘે વાજતે ગાજતે સામૈયા કરી. દરેક સંઘશ્રીઓનાં સંઘપતિશ્રીનું બહુમાન કરવામાં આવેલ.

પૂ. ગણિવર્યશ્રી વીરભદ્રસાગરજી મ.સા., પૂ. મુનિશ્રી રત્નાકરસાગરજી મ.સા. તથા પૂ. મુનિશ્રી પ્રિયંકરસાગરજીએ ચૈત્યપરિપાટીનું મહત્વ સમજાવી ધર્મ પ્રેરણા આપી.

સાધર્મિક ભક્તિનો લાભ માતુશ્રી લક્ષ્મીબાઈ જગશી ચાંપશી છેડા, હસ્તે હંસાબેન પરિવારે લીધો. ચાતુર્માસને સફળ બનાવવા સર્વે કાર્યકરર ભાઈ-બહેનો જહેમત ઉઠાવી રહ્યા છે.

### વડાલામાં ચાતુર્માસિક આરાધના

વડાલામાં સંભવનાથ દાદાના દરબારે ચાતુર્માસ બિરાજમાન પૂ.સા.શ્રી ગુણમાલાશ્રીજી મ.સા.આ.ઠા.૩ ની નિશ્રામાં ચાતુર્માસિક વિવિધ આરાધના સુંદર રીતે ચાલે છે. દર સોમવારના બપોરના ૨ થી ૩.૪૫ સુધી બહેનોની શિબિર, દર રવિવારે બાળકો તેમજ બાલિકાઓની શિબિર સવારના ૧૦.૩૦ કલાકે ૧૫ વર્ષ સુધીની ઉમરના બાળકોની પૂજા અભિયાન હોય છે. શિબિરના બાળકોને નાસ્તો આપવામાં આવે છે. તેમજ પૂજા અભિયાનમાં વિવિધ રમકડાં અથવા શિક્ષણ ઉપયોગી વસ્તુઓની પ્રભાવના કરવામાં આવેલ.

શ્રીમતી મોનાબેન અશ્વીનકુમાર દંડે અક્ષયનિધિ કુંભને બહુજ સુંદર રીતે શણગારેલ જે પ્રથમ આવેલ. શ્રી સંઘ તરફથી રોકડ રકમનું કવર આપી બહુમાન કરવામાં આવેલ.

વડાલા સંઘમાં શ્રી શાંતિલાલ હીરજી છેડા (બાયજા)એ એક વર્ષમાં પંચપ્રતિક્રમણ કંઠસ્થ કરી આવેલ. તેમનું શ્રી ઉપેન્દ્ર કાંતિલાલ ગોસર (બારોઈ)એ ૫ ગ્રામ સોનાની લગડીથી બહુમાન કરેલ. ઉપેન્દ્રભાઈને પણ પંચપ્રતિક્રમણ કંઠસ્થ છે. શુદ્ધ વિધિપૂર્વક પ્રતિક્રમણ કરાવે છે. તેમણે પણ ૫ ગ્રામ સુવર્ણ પારિતોષક મેળવેલ છે.


શુભેચ્છા સહ...
Laxmichand Dharshi
MOTA SHIPPING AGENCY
C.H.A.No.11-0404



ASD Group presents... Sports World Star
Monthly Magazine Free Advertise yearly subscription Rs.120/-
Contact: 9323406052, email : dandholidays@gmail.com
Entry Free : 1st Competition on 30 sept.12
Passing the ball • Prize 1,000/-
Venue : Station Garden, Kopar (W) Time : 4.30 p.m.

## પારોલાતીર્થ

અત્રે પર્યુષણ મહાપર્વ ધુમધામથી ઉજવવામાં આવ્યા. બહારગામના તેમજ ગામવાસીઓની સારી સંખ્યા હતી. પર્વ આરાધના કરાવવા શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ મુંબઈથી શ્રી નિખીલભાઈ દિનેશ હરીયા અને સાથીઓ પધારેલ. પર્વ દરમ્યાન કુલ ઘૃત ૬૭૦૦૦ મણ થયેલ. કલ્પસુત્ર (પોથી) અને પારણાનો લાભ શા. શામજી મુલજી પોલડીયા પરિવાર (બાયઠ-પારોલા)એ લીધેલ. દ્વાર ઉદ્ઘાટનનો લાભ શાંતિલાલ હરીલાલ ધંધુકીયા પરિવાર (પારોલા) લીધેલ.

પર્વ દરમ્યાન સાધર્મિક ભક્તિના લાભાર્થીઓ :

તેરસ-સૌ. ધનવંતીબાઈ શાંતિલાલ લોડાયા અને સૌ. અમી તિલકચંદ લોડાયા (નલિયા-અમલનેર), ચૌદસ-નવકારસી-ગં.સ્વ.ધનલક્ષ્મી મણીલાલ લોડાયા (જખૌ-અમલનેર) બપોરના કુ. શીતલ વાલજી વોરા (ડોંબીવલી)

ચૌવિહાર-જેઠાભાઈ રાજપાર મૈશેરી પરિવાર (લાલા) અમલનેર/મુલુન્ડ, અમાસ-ગં.સ્વ. ચંદનબાઈ નારાણજી નાગડા પરિવાર (જખૌ-જલગામ), એકમ-માતુશ્રી ગં.સ્વ. તારાબાઈ કુલીનકાંત લોડાયા (બારોઈ-જલગામ), બીજ-આયંબિલ-ગં.સ્વ. રતનબાઈ જવેરચંદ લોડાયા (સાંધાણ-પારોલા), માતુશ્રી ગં.સ્વ. લક્ષ્મીબાઈ ટોકરશી નાગડા (લુણી-શીરપુર), નેણસી શામજી સોની પરિવાર (સાંયરા-ધૂલીયા), ચોથ-માતુશ્રી ચંદનબાઈ કુંવરજી મોમાયા પરિવાર (બારોઈ-જલગામ) હ. સૌ. લેખાબેન ધનપતી મોમાયા, પાચમ : માતુશ્રી જયવંતીબાઈ ભવાનજી લોડાયા હ. કીરીટભાઈ (પાચોરા) અને અશોક લાલજી પોલડીયા (ગોએરસમા-જલગામ), છઠ્ઠ-સૌ. દેવીકાબાઈ સોમચંદ લાલકા (વારાપધર-અમલનેર), સાતમ-શા. શામજી ખીમજી નાગડા (જખૌ) કાયમી વશંપરંપરાગત તિથી.

પર્વ દરમ્યાન પ્રતિક્રમણ બાદ આરાધક શ્રી નિખિલભાઈ સાથે ધર્મચર્ચા વિચારણામાં સારી સંખ્યામાં ભાવિકોએ લાભ લીધેલ. પુ. મુનિશ્રી દેવરત્નસાગરજી મ.સા.ની પ્રેરણાથી દરે મહિનાના પ્રથમ દિવસે શ્રી શાંતિનાથદાદાનો સંતિકરં અભિષેક થાય છે. એમાં ભાદરવાનો લાભ સૌ. મીનાબેન શામજી લોડાયા (સાંધવ-થાણા) એ લીધેલ. તેમજ ભક્તામર અભિષેકમાં બધા ભાવિકોએ લાભ લીધેલ. પર્વ દરમ્યાન થયેલ તપસ્યાના તપસ્વીઓનું બહુમાન શ્રી પારોલા તીર્થના પ્રમુખશ્રીના હસ્તે કરાવામાં આવેલ.

શુભેચ્છા સહ....

**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

ભાદરવા શુદ ૯ના શેઠશ્રી નરશી નાથાની છબીને હાર ચડાવાનો લાભ ગં.સ્વ. હીરાવંતીબાઈ મણીલાલ લોડાયા (ધુલીયા) એ લીધેલ. શ્રી શાંતિજિન ગુણ પાઠશાલા દર રવિવારે નાના બાળકોને ધર્મજ્ઞાન શીખાવે છે. તેમનું કાર્યકર્તાઓનું, પર્વ દરમ્યાન ધાર્મિક કાર્યક્રમમાં ભાગ લીધેલ ભાવિકોનું, રસોડામાં યુવામંડળે સારી સેવા આપી તેમનું બહુમાન સંઘવતી માજીપ્રમૂખ શા. સોમચંદ ભાણજી લાલકાના હસ્તે કરવામાં આવેલ. ત્યારબાદ સમૂહ ક્ષમાપના થયેલ.

## કોઠારા

પૂ.સા.શ્રી. કાવ્યગુણાશ્રીજી મ.સા.ની નિશ્રામાં મહાપર્વની શાનદાર ઉજવણી થઈ.

કલ્પસૂત્ર વહોરાવવાનો લાભ શા. મુલજી કેશવજી લાપસીયા પરિવારે લીધેલ. કલ્પસૂત્ર પધરાવવાનો લાભ ૨૦૦૧ મણમાં ખુશાલ રાયચંદ ખોના પરિવારે લીધેલ. સ્વપ્નાનું કુલ ઘૃત ૧,૨૩,૦૮૪ મણ થયેલ. પારણું પધરાવવાનો લાભ ૫૧૫૧ મણમાં માતુશ્રી સોનબાઈ ચત્રભોજ નાગડા પરિવાર હસ્તે મયુરભાઈએ લીધેલ. બારસો સૂત્ર પૂજ્યશ્રીને વહોરાવવાના લાભ શા. લાલજી શામજી અજાણી પરિવારે ૧૦૦૧ મણમાં લીધેલ. પર્યુષણ દરમ્યાન કુલ્લ ૧,૫૩,૦૨૪ મણ થયેલ. છઠ્ઠના પ્રભુજીનાં દ્વાર ઉધ્ઘાટન તથા સમુહક્ષમાપનાં કાર્યક્રમ યોજાયા હતા. ૫૧ ભાવિકો મુંબઈ, દેશાવરથી પધાર્યા હતા.

પોથી પારણા વરઘોડામાં, રાત્રિભાવના અને પ્રભાતિયામાં જૈનમિત્ર મંડળનાં કાર્યકરોએ ભારે રમઝટ બોલાવેલ. દરેક પ્રસંગે પખાવાજમાં પણ સારી રમઝટ જામી.

સર્વશ્રી રાયચંદ લોડાયા, હરીશ મુનવર, લહેરચંદ લોડાયા તથા સર્વે કાર્યકરોએ પર્વ ઉજવણી વ્યવસ્થામાં જહેમત ઉઠાવી હતી.

## અમરાવતી

અત્રે પર્વ દરમ્યાન તા.૨૯-૮ના પૂ. મહાસતીજી દિવ્યજ્યોતિજી તથા સમતાજીની પ્રેરણાએ સમગ્ર ગુજરાતી સમાજના ઉપક્રમે રક્તદાન શિબિર યોજાયેલ. આ પ્રસંગે સંઘ સ્વમીવાત્સલ્ય જમણમાં સર્વે દેરાવાસી, સ્થાનકવાસી ગુજરાતી-કચ્છીઓ સહભાગી થયા. શિબિરમાં ૮૦ બોટલ રક્ત એકત્ર થયું. જેમાં આપણાં જ્ઞાતિજનોએ પણ રક્તદાન કર્યું.

મહિલામંચ દ્વારા ઘણાં સમય બાદ પ્રવૃતિ ફરી શરૂ થઈ છે. ધનલક્ષ્મીબેન નવીનચંદ્રના ઘરે મહાકાલીમાતાની ભાવના ભણાવાઈ. મંચની બેઠકો અલગ અલગ સ્થળે જ્ઞાતિ પરિવારોમાં થાય છે. તા.૨૯-૮ના પૂ. સતીજીઓની પ્રેરણાએ લોક સંકલ્પ અનુષ્ઠાન થયું.

## અનુમોદનીય તપસ્યા

શ્રી. જયંતીલાલ વીરજી ધરમશી (ગોરખડી-દહીસર) એ ૫૮મી અઠ્ઠાઈ પુર્ણ કરી છે. આ વર્ષે દર મહિને અઠ્ઠાઈની ભાવના છે. તેમના ધર્મપત્ની ભાનુબેન ધરમશીએ ૯ ઉપવાસ કર્યા હતા. તેમણે ૧૮ અઠ્ઠાઈ કરી છે. બને તપસ્વી સુખશાતામાં છે. ગોરખડી મહાજન અને જ્ઞાતિનું આ ગૌરવ છે. એમની તપોભાવનાની ભુરી ભુરી અનુમોદના.

## જોગેશ્વરીમાં પૂ.આ.શ્રીને વાંદવા સંઘોની પધરામણી

પર્યુષણબાદ કર્તવ્યરૂપ ચૈત્યપરિપાટી અને સંવત્સરી વંદનાર્થે વિવિધ સંઘો જોગેશ્વરી પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગર સુરીશ્વરજી મ.સા.આ.ઠા.ને સંવત્સરી ખમાવવા તા.૨૮-૮ અને ૨-૯નાં રવિવારોએ સતત હારમાળા લગાવી હતી. પશ્ચિમ અને સેન્ટ્રલના પરાઓમાં ચાતુર્મસ સાધુ-સાધ્વીજી મ.સા.ને વંદન કરવા તથા મુંબઈના તીર્થસ્વરૂપ જિનાલયોને જુહારવા મુંબઈના પરાંઓ અને થાણા જીલ્લાના વિવિધ સંઘો ઉમંગ ઉત્સાહે પધાર્યા હતા.

પૂ.આ.ભ.શ્રી અને પૂ. શ્રમણીવૃંદે ભાવિકોને ધર્મ આરાધનામાં યથાશક્તિ પ્રવૃત રહેવા, વતનમાં આવી રહેલ દુષ્કાળ પ્રવૃતિમાં જીવદયા ફરજ, વતનમાં પર્વ ઉજવણી, ધાર્મિક સહ સાધર્મિક ઉત્કર્ષની પ્રવૃતિઓ અને સમાજ વિકાસ માટે સહયોગ આપવા પ્રેરણાં કરી હતી. ગચ્છના માસિક "ગુણભારતી" પત્રને વધાવી લઈ એકસૂત્રે સંપર્કમાં રહીએ તેવી અપીલ કરી તેના આજીવન સભ્ય બનવા માટે અપીલ કરી હતી.

પૂજ્યશ્રી ગચ્છના ઉત્કર્ષ અને શાસન પ્રભાવનાનાં કાર્યો માટે પ્રચંડ પરિશ્રમ કરી વધુ જાગૃતિ અને ધર્મભાવના પ્રસાર માટે વિવિધ પ્રવૃતિઓમાં જન-જનનો સહયોગ કેળવવા સતત પ્રયત્નશીલ છે. હાલમાં પૂ.આર્યરક્ષિતસાગર સુરી અને ગચ્છ પ્રવર્તનની નવમ શતાબ્દિ અને ગુરૂ પૂ.આ.શ્રી ગુણસાગરસુરીજીના જન્મ શતાબ્દિ મહોત્સવની ઉજવણી ચાલી રહી છે. દરેક સંઘમાં બાળસંસ્કરણ શિબિરો, પાઠશાળા, વિદ્યાપીઠ ઉત્થાન-ઉત્કર્ષ, યુવા-મહિલામંચોમાં ધર્મ રૂચિ વધે તેવા કાર્યક્રમો, ગુરૂજન સત્સંગ, ગચ્છ મુખપત્ર સંપર્ક, ધર્મ, સંઘ, સમાજ અને ગચ્છ ઉત્કર્ષની પ્રવૃતિઓ, જાપ મંત્રલેખન, ધાર્મિક શિક્ષણ પ્રસાર વિવિધ સ્પર્ધાઓ પરીક્ષાઓ અને તપ-યાત્રા આયોજન થઈ રહ્યા છે. અહિંસા સંમેલનનું આયોજન છે. પૂજ્યશ્રી સતત કાળજી લઈ નાના-મોટા દરેક સંઘને ગચ્છ સંગઠન માટે પ્રેરણા માર્ગદર્શન આપી ધર્મલાભ આપી રહ્યા છે. તેમની પ્રેરણાએ આ વર્ષે સમુહ અઠ્ઠમ તપ, માસક્ષમણ, અઠાઈઓ, આયંબીલ આદિ તપસ્યાઓમાં પણ વૃધ્ધિ થઈ છે.

પૂજ્યશ્રીનાં વંદનાર્થે અત્યારસુધીમાં ૭૦થી વધુ સંઘો પધારી ચુક્યા છે. જોગેશ્વરી સંઘે સર્વે સંઘોની સુંદર આગતા-સ્વાગતા અને સાધર્મિકભક્તિ કરી નામ દીપાવ્યું છે. દાતાઓના સહયોગે સંઘશક્તિનું આ વિરાટ કાર્ય વિશાળ કાર્યકર ફોજની સેવા-સહયોગથી વધુ સફળ બન્યું છે. પૂજ્યશ્રીઓની નિશ્રામાં થયેલ ધર્મ આરાધનાની અનુમોદના કરાઈ. દરેક સંઘમાં સંઘપૂજન થઈ રહ્યા છે. દરેક સંઘપતિના ગૌરવભેર બહુમાન કરાયા, અને સંઘોએ ત્યાની સમગ્ર વ્યવસ્થાની અનુમોદના કરી છે.

## શ્રી છતીસગઢશ્રી કચ્છી જૈન સંઘ-રાયપુર

સંઘ દ્વારા પર્યુષણ પર્વ ધુમધામથી ઉજવવામાં આવેલ. ધર્મ આરાધના કરાવા શ્રી તત્વજ્ઞાન વિદ્યાપીઠ મુંબઈથી શ્રી ધર્મેશ દેઢિયા અને શ્રી ચિરાગ વોરા પધારેલ. સંઘ તરફથી ૧૫ દિવસના એકાસણાંની વ્યવસ્થા વિભિન્ન લાભાર્થીઓના સહયોગથી રાખવામાં આવેલ. રોજ સવારના ૬ વાગે કચ્છથી આવેલ ઢોલીઓ દ્વારા પ્રભાતીયા. મંગલ સૂરશરણાઇના નાદ રહેતા. દરરોજ ભક્તામર પાઠ લક્કી ડ્રો પૂજા, પ્રતિક્રમણ, પ્રશ્નોતરી, ભાવના વિ. કાર્યક્રમાં રાખવામાં આવેલ.

પોથીજી પધરાવવાનો લાભ ૪૦૧ મણમાં શ્રી તિલકચંદ ડુંગરશી મોમાયા પરિવારે લીધેલ. બપોરે પોથીજી નો વરઘોડા સંઘ દ્વારા કાઢવામાં આવેલ. લાભાર્થી પરિવાર દ્વારા રાત્રિ જાગરણ રાખવામાં આવેલ.

બીજના પ્રભુના જન્મવાંચન તથા સ્વપ્ન દર્શન ચઢાવા થયા. પારણું પધરાવવાનો લાભ ૫૧૧૫૧ મણમાં માતુશ્રી રતનબેન રાયશી મોતા (હસ્તે માતુશ્રી ગુણવંતીબેન ખીમજી મૈશેરી પરિવારે) લીધેલ. છઠ્ઠના પારણાજીનો વરઘોડા ભવ્ય રીતે કાઢવામાં આવેલ અને લાભાર્થીના નિવાસસ્થાને લઈ જવામાં આવેલ. ત્યાં લાભાર્થી પરિવાર દ્વારા કરવામાં આવેલ. રાત્રે હૉલમાં પારણાનો જાગરણમાં સંગીત મંડળી દ્વારા ભાવના કરવામાં આવેલ. દાંડિયા રાસની રમઝટ જામેલ.

મહાવીર જન્મદિને વિભિન્ન લાભાર્થીઓ દ્વારા સ્વામીવાત્સલ્ય રાખવામાં આવેલ.

ભાદરવા સુદ ૫ના બારસાસૂત્ર વહોરાવવાનો લાભ ૧૬૧ મણમાં શ્રી પાનાચંદ તેજપાલ લોડાયા પરિવારે લીધેલ. એ દિવસે જિનાલયના વાર્ષિક નિભાવ સાધારણની બોલીઓ બોલાઈ જેમાં સારી સંખ્યામાં લાભાર્થીઓ એ લાભ લીધેલ. તેમનું સંઘ તરફથી બહુમાન કરવામાં આવેલ.

આ વરસે સંઘમાં દેવદ્રવ્ય અને સાધારણ ખાતામાં વિશેષ અનુદાન માતુશ્રી નેણબાઈ કેશવજી શાહ પરિવાર દ્વારા માતબર રકમથી આવેલ એ પરિવારનું સંઘ દ્વારા વિશેષ બહુમાન કરવામાં આવેલ.

સાંજે સંવત્સરી પ્રતિક્રમણ શ્રી ધર્મેશ શાહે સુંદર

રીતે કરાવેલ.. છઠ્ઠના દ્વાર ઉદ્દ્ઘાટનનું લાભ માતુશ્રી ચંપાબેન ઉમરશી શાહ પરિવારે, શ્રી દાદાગુરૂદેવ (અચલગચ્છ) દેરીનો લાભ માતુશ્રી કુંવરબાઈ હીરજી શાહ પરિવાર, શ્રી શાંતિ ગુરૂદેવ દેરીનો લાભ માતુશ્રી રતનબાઈ રાયશી મોતા પરિવારે લીધેલ.. તપસ્વીઓના સામુહિક પારણા, સકળ સંઘની નવકારશી વિભિન્ન લાભાર્થીઓના સહયોગથી રાખવામાં આવેલ. તપસ્વીઓની સામુહિક સાંજી સંઘ દ્વારા રાખવામાં આવેલ. સામૂહકિ ક્ષમાપના, તપસ્વીઓ, આરાધક ભાઈઓ, અને કાર્યકરોનું બહુમાન વગેરે રહેલ. મંચપર આરાધકો સાથે સંઘપ્રમુખ શ્રી તરૂણ  શીવજી લોડાયા, કચ્છી જૈન સંઘ-પ્રમુખ શ્રી ઉત્તમચંદ ખીમજી મૈશેરી, કુંથુનાથ મહિલા મંડળ પ્રમુખ સૌ. મંજુલાબેન કુલીન જીવાણી, યુવા મંડળ પ્રમુખ શ્રી ભાવિક શશીકાંત શાહ અને ઉત્તર ભારત એકમ પ્રમુખ શ્રી ચંદ્રેશ વી.. છેડા ઉપસ્થિત હતા.. કાર્યક્રમમાં સર્વે જ્ઞાતિજનો તથા તપસ્વીઓ ઉપસ્થિત હતા..

દીપ પ્રાગટ્ય અને નવકારમંત્ર પઠન બાદ ક્ષમાપના કાર્યક્રમની શરૂઆત થઈ. ક્ષમાપના ગીત બાદ મંચપર ઉપસ્થિત મહાનુભાવોએ પ્રાસંગિક ઉદ્દ્બોધન કરેલ.. તપસ્વીઓનું બહુમાન કરાયેલ.. આ ઉપરાંત જિનાલય સ્ટાફ, સંગીત મંડળી, રસોઈયાઓ, ઢોલી, સફાઈ કર્મચારી વિ.નું સંઘ દ્વારા બહુમાન કરવામાં આવેલ..

આરાધક ભાઈએ પોતાના ઉદ્દ્બોધનમાં રાયપુર સંઘની એકતાની પ્રશંસા કરેલ અને યુવામંડળ ટીમની પ્રશંસા કરી, ધાર્મિક પાઠશાળા ચાલુ રાખવાની અપીલ કરેલ.. છઠ્ઠના સ્વામીવાત્સલ્યના લાભાર્થી માતુશ્રી રતનબેન રાયશી મોતા-પરિવારે, માતુશ્રી ખેતબાઈ વેલજી નાગડા-પરિવાર, માતુશ્રી જેતબાઈ ગોવિંદજી મોમાયા-પરિવાર અને માતુશ્રી પુષ્પાબાઈ શિવજી લોડાયા પરિવાર હતા..

સામુહિક ક્ષમાપના બાદ ભવ્ય વરઘોડો કાઢવામાં આવેલ.. સંપૂર્ણ કાર્યક્રમમાં યુવા મંડળના કાર્યકરોએ વિશેષ જહેમત ઉઠાવેલ.. દહેરાસરની સુંદર સજાવટ અને રોજની આકર્ષક આંગીઓ રચાઈ હતી..

પર્યુષણ પર્વ દરમ્યાન કાર્યક્રમનું સંચાલન શ્રી ચંદ્રેશ વીરચંદ છેડાએ સુંદર રીતે કરેલ. આભારવિધિ પ્રમુખ શ્રી ઉત્તમચંદ ખીમજી મૈશેરીએ કરેલ..

સંઘ દ્વારા તા.૧૫-૮-૧૨ના અઢાર અભિષેક મહોત્સવ રાખવામાં આવેલ જેમાં વિધિ-વિધાન કરાવવા શ્રી ધર્મેશભાઈ દેઢિયા (મુંબઈ) પધારેલ.. વિભિન્ન નકરાઓ લઈ કુલ ૨૦ લાભાર્થીઓએ લાભ લીધેલ..

પ્રભુજીના ચંદ્રદર્શન કરાવવાનો લાભ રૂ.૬૫૦૧માં માતુશ્રી જેતબાઈ ગોવિંદજી મોમાયા પરિવાર, સૂર્યદર્શન રૂ.૫૫૫૫માં માતુશ્રી મુરબાઈ જવેરચંદ લોડાયા પરિવાર, ૧૦૮ દિપકની આરતી ૪૦૧ મણમાં માતુશ્રી રતનબાઈ રાયશી મોતા પરિવાર, મંગલદિપક ૧૫૧ મણમાં માતુશ્રી પ્રેમીલાબેન ચાંપશી નાગડા પરિવાર, શાંતિકળશ ૧૩૦૦૧ મણમાં માતુશ્રી રતનબેન રાયશી મોતા પરિવાર (હસ્તે માતુશ્રી ગુણવંતીબેન ખીમજી મૈશેરી) અભિષેક પછી પ્રથમ પૂજા ૨૩૧ મણમાં શા.. પાનાચંદ તેજપાર લોડાયા પરિવારે લાભ લીધેલ..

શ્રી ધર્મેશભાઈ દેઢિયા અને શ્રી ચિરાગ વોરાએ ખૂબ સુંદર રીતે અભિષેક કરાવેલ.. આ અવસરે કચ્છના પ્રખ્યાત ઢોલીઓ પધારેલ.. સંઘ દ્વારા સાંજે બધા માટે ચૌવિહારની વ્યવસ્થા કરાઈ હતી.. મોટી સંખ્યામાં ભાવિકો હાજર રહ્યા..

તા.૧૯-૮-ના બપોરના સરસ્વતી પૂજન રાખવામાં આવેલ જેમાં મોટી સંખ્યામાં આરાધના કરવા નકરા આપી ભાવિકો પધારેલ.. મુખ્ય મુર્તીના વાસક્ષેપ પૂજન કરવાનો લાભ રૂા.૧૭૦૧માં માતુશ્રી રતનબેન રાયશી મોતા પરિવાર, પક્ષાલ જલ પૂજા કરવાનો લાભ રૂા. ૫૦૧માં શા. કિર્તી શિવજી પોલડિયા પરિવાર, માતાજીને અલંકાર ચઢાવાનો લાભ રૂા. ૭૦૧માં શાંતિલાલ ચંપાલાલ પોરવાલ પરિવાર, માતાજીની આરતીનો લાભ રૂા.૧૧૦૧ માં.. માતુશ્રી નિર્મલાબેન વીરચંદ છેડા પરિવારે લીધેલ.. શ્રી ધર્મેશભાઈએ ખૂબ સુંદરરીતે વિધિપુર્વક પુજા કરાવેલ.. પૂજન સામગ્રી સંઘ દ્વારા આપવામાં આવેલ..

રાત્રે ૮ વાગે બી તીર્થરક્ષા વિષયે એક નાટકની પ્રસ્તુતી શ્રી ધર્મેશભાઈના દિગ્દર્શનમાં યુવામંડળના યુવાઓએ રજુ કરેલ.. વિભિન્ન પાત્રો દ્વારા અભિનય થયેલ.. વિભિન્ન પરિવારો દ્વારા પ્રોત્સાહન રૂપે ઇનામો અપાયેલ..

તા.૨૦-૮-૧૨ના રાતે કુમારપાળ રાજાનું જીવનચરિત્ર નાટિકરૂપે ભજવાયું અને પ્રભુજીની આરતી ઉતારવામાં આવી.. કુમારપાળ રાજા બનવાનો લાભ માતુશ્રી મુરબાઈ જવેરચંદ લોડાયા પરિવારે રૂા.૩૧૧૩૧માં લીધેલ.. કુમારપાળ રાજા શ્રી હરીશ જે. લોડાયા અને મહારાણીનું પાત્ર શ્રીમતિ ગીતા હરીશ લોડાયાએ કરેલ. ઉદયનમંત્રીનો લાભ રૂા.૧૦૦૧માં શ્રી છતીશગઢ ક.દ.ઓ. જૈન યુવા મંડળે લીધેલ.. નગરશેઠ બનવાનો લાભ રૂા.૧૦૦૧માં માતુશ્રી લક્ષ્મીબાઈ કલ્યાણજી નાગડા પરિવારે લીધેલ.. સેનાપતિ બનવાનો લાભ રૂા.૩૦૧માં શ્રી છતી.. ક.દ.ઓ.. જૈન યુવા મંડળે લીધેલ.. દ્વારપાલ બનવાનો લાભ રૂા.૪૦૧માં છતી.. ક.દ.ઓ.. જૈન યુવામંડળે લીધેલ.. કુમારપાળ રાજાનું ભવ્ય સ્વાગત વાજતે ગાજતે શ્રી સંઘ દ્વારા તીલક કરી કરવામાં આવેલ.. રાત્રે સૌએ દીવા પ્રગટાવી પ્રભુની આરતી અને મંગલ દીપક કરેલ.. મોટી સંખ્યામાં ભાવિકો હાજર હતા.. સંગીત પાર્ટીના સથવારે સ્તવનોની સ્તવનો રમઝટ જામેલ..

તા.૨૬-૮૧૨ના સંઘ દ્વારા ચૈત્ય પરિપાટીમાં રાયપુરના જિનાલયોના દર્શન વંદન અને ત્યાં બિરાજત સાધ્વીજી મ.સા.ઓને સાંવત્સરિક વંદના કરવા ગયેલ.. સાંજે

ચૌવિહારની વ્યવસ્થા ત્યાંના સંઘ દ્વારા રાખવામાં આવેલ. વર્ષીતપ આરાધક શ્રી ઉત્તમચંદ ખીમજી મૈશેરી, સંઘના પ્રમુખ શ્રી તરૂણ શીવજી લોડાયા, ટ્રસ્ટી શ્રી ખીમજી નેણશી મોતા (ભાઠાપારા) તથા શ્રી ચંદ્રેશભાઈનું બહુમાન કરવામાં આવેલ. ક.દ.ઓ. સંઘ દ્વારા ત્યાંના આગેવાનાનો શૉલ, માળાથી બહુમાન કરવામાં આવેલ. રૂ.૧૦ની પ્રભાવના માતુશ્રી નિર્મલાબેન વિરચંદ છેડા પરિવારે કરેલ. શ્રી ચૈત્ય પરિપાટીમાં સમાજના ૯૧ સભ્યો જોડાયા હતા.

### શ્રી છતીશગઢ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ સંઘ

પર્વ પર્યુષણ બાદ શ્રી સંઘનું નાત જમણ સ્વામીવાત્સલ્ય તા.૨૬-૮-૧૨ના યોજાયેલ. સંઘ જમણના લાભાર્થી મતુશ્રી મઘુરીબેન લાલજી શિયાડ અને ઘેલાભાઈ ફાઉન્ડેશન હતા. ધમતરી, ભાટાપારા, ભિલાઈ, દુર્ગથી પણ મોટી સંખ્યામાં જ્ઞાતિજનો પધારેલ.

### શ્રી છતીસગઢ ક.દ.ઓ. જૈન યુવા મંડળ

મંડળ દ્વારા દર મહિને સવારે સ્નાત્ર પુજા ઉત્સવ થાય છે બાદમાં નવકારશી રાખવામાં આવે છે. નવકારશી માટે જુલાઈ ૧૨ના લાભાર્થી માતુશ્રી ચંપાબેન ઉમરશી શિયાડ શ્રધમતરી) અને ઓગસ્ટ૧૨ના લાભાર્થી માતુશ્રી રતનબેન રાયશી મોતા પરિવારે લાભ લીધેલ છે.

### તીરપુર

અત્રે પર્વ પર્યુષણ આનંદથી ઉજવાયા, આરાધન માટે વિદ્યાપીઠના શ્રી પ્રફુલ જે. મહેતા અને શ્રી ચંદ્રકાંત ગોસર આવેલા. તેમણે મઘુરશૈલીમાં કલ્પસૂત્ર અને બારસાસૂત્ર વાચન સાથે સુંદર આરાધના કરાવી. અત્રે અઠ્ઠાઈ શ્રી પ્રવીણ બોહરા અક્ષયનિધિ ૮ જણા, ૧૬ એકાસણાવાલા તપસ્વી હતા. કલ્પસૂત્ર (પોથી) પધરાવાનું ૨૬૫૧ મણમાં શ્રી લુણકરણ ચંપાલાલ બાલોતરા પરિવારે, કલ્પસૂત્ર વહોરાવવાનું ૨૬૫૧ મણમાં અને બારસાસૂત્ર વહોરાવવાનું ૨૮૫૧ મણમાં શ્રી કાર્તિક સોલંકીએ, પારણું પધરાવવાનું ૫૧ હજાર મણમાં શ્રી રતનલાલ બોહરાએ જિનાલય દ્વારોદ્ઘાટન ૮૦૦૧ મણમાં શ્રી કાર્તિક સોલંકીએ લાભ લીધેલ. એકાસણાંનો લાભ શ્રી રાજસ્થાન સંઘે લીધેલ. સ્વપ્નના નકરા ઘર દીઠ રૂા.૫૦૦ પ્રમાણે ૭૫ જણાએ મળીને લીધેલ અને બધાને લાભ અપાયેલ. અચલગચ્છ, ખરતગચ્છ સમુદાયે પર્વ ઉજવણી કરી હવે તપગચ્છસમુદાયના પર્વ તા.૧૨ થી ચાલુ થશે. સર્વે સંઘો સાથે મળી ધર્મ આરાધના કરે છે. છઠ્ઠના સમુહ ક્ષમાપના અને સ્વામીવાત્સલ્ય રહેલ જેનો લાભ શ્રી બાડમેરના બાલોતર પરિવારે લાભ લીધેલ.

### ખિરકિયા

અત્રે પયુર્ષણ પર્વની રૂડી ધર્મ આરાધના થઈ. આરાધના કરાવવા માટે મુંબઈથી પંડિત શ્રી નરેશભાઈ તથા ભાવના માટે ડાયમંડ ગ્રુપ ઓર્કેસ્ટ્રા પાર્ટી પધારેલ. તેમણે બધાએ સંગીતના સથવારે સુંદર આરાધના કરાવી.

દરરોજ ભક્તામર પઠન, સ્નાત્રપૂજા કલ્પસૂત્ર વાંચન થયું. તથા રાત્રે ભક્તિભાવનામાં વિવિધ જ્ઞાન ગમ્મત સ્પર્ધાઓ કરાવી, ધાર્મિક નાટિકા, ગરબા, અંતાક્ષરી તથા "કૌન બનેગા સમ્યક જ્ઞાની?" કાર્યક્રમો થયા તથા તેમાં વિજેતાઓનાને સન્માન કરી ઈનામો અપાયા.

કલ્પસૂત્ર પધરાવવાનું ઘી ૧૫૦૧ મણમાં શ્રીમતી હર્ષા સુરેન્દ્ર જૈન (ધુલીયા) પરિવારે લીધું. તથા પારણું ૧૨૦૧ મણમાં શ્રી મનોજજી ચપલોત પરિવારે લીધું. મોક્ષની બારી ખોલવાનું ઘી ૨૧૦૧ મણમાં શ્રી ભવાનજી વેરશી નાગડા પરિવારે લીધું. સ્વપ્નનું કુલ ઘૃત ૬૫૭૪૫ મણ થયેલ.

છઠ્ઠનાં દ્વારોદ્ઘાટનનું ઘી ૨૫૨૫ મણમાં શ્રી ચંદુલાલ શીવજી નાગડા પવિારે લીધું. આઠે દિવસ પ્રભુજીની સુંદર ભવ્ય અંગરચના નાગડા પરિવારના બાળકોએ કરી તથા એક સદ્ગૃહસ્થ તરફથી તેમને ઈનામ આપવામાં આવેલ.

બીજના શાસનમાતાને ચડાવો રૂા.૮૦૦૧માં શ્રી નગીનચંદજી ભંડારીના સુપુત્રોએ લીધેલ. તથા તેમની "માતાનું સન્માન કરી માતાનું જગતમાં શું મહત્વ છે" તે સમજાવ્યું. સમગ્ર પર્યુષણની આરાધના કરાવવા માટે પંડિત તથા સંગીત પાર્ટી બોલાવવાનો ખર્ચ તથા સંઘ સ્વામી વાત્સલ્યનો લાભ શ્રી કસ્તુરચંદજી વિનાયક પરિવાર હસ્તે પ્રદીપભાઈએ લીધેલ.

### ભુજથી વર્ધમાનનગર પગપાળી સમુહ ચૈત્યપરિપાટી

અખંડ ૪૪-૪૪ વર્ષિતપના આરાધક તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.નાં દર્શન વંદનાર્થે ભુજથી વર્ધમાનનગર સમુહ ચૈત્યપાટી પદયાત્રા સંઘમાં ૫૦૦થી વધુ ભાવિકો જોડાયા હતા.

ભુજનાં આદેશ્વર જિનાલયેથી યાત્રાના પ્રારંભ પ્રસંગે પૂ.પંન્યાસ શ્રી યશોવિજયજી મ.સા.એ માંગલિક શ્રવણ કરાવ્યું. શ્રી તારાચંદભાઈ છેડાએ પદયાત્રા સંઘને લીલીઝંડી આપી. પૂ.સા.શ્રી કીર્તીલતાશ્રીજી મ.સા.પૂ.સા.શ્રી સૌમ્યલતાશ્રીજી મ.સા.એ પદયાત્રા સંઘને માંગલિક સહ આશિર્વચન આપ્યા.

શણગારેલી ઉંટગાડીઓ, ઘોટાગાડી, રથ બગી, ઢોલ-શરણાઈ, ધ્વજા-પતાકા-બેનર, સંગીત મંડળી, સાઉન્ડ સીસ્ટમ અને પૂ. ગુરૂભગવંતશ્રીનાં મોટા કટઆઉટ, દુપટ્ટા

તથા સાફાધારી આગેવાનો સંઘનાં મુખ્ય આકર્ષણ બન્યા. સમાજના વિવિધસ્તરેથી ભાવિકો જોડાયા.

હોસ્પીટલ રોડ, આર.ટી.ઓ. રોડ થઈ પદયાત્રા યક્ષ મંદિરે પહોંચી હતી. જ્યાં નવકારશી લાભ લઈ માધાપર ગામના સુવિધિનાથ જિનાયલે દર્શન કરી વર્ધમાનનગર પહોંચી હતી.

ભુજ અચલગચ્છ જૈન સંઘ, વર્ધમનનગર જૈન સંઘ તથા ચાર્તુમાસ સમિતિ દ્વારા સંઘનું ભવ્યાતિભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

ત્યાં વિમલનાથ દાદાનાં દર્શન કરી પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરી મ.સા.ને ભાવપૂર્વક વંદન કરી સંવત્સરી ખમાવેલ.

સંઘનું સ્વાગત કરી પ્રાસંગિક ઉદ્‌બોધન થયા અને વિવિધ બહુમાન થયા.

પૂ.ગ. શ્રી વીરભદ્રસાગરજી મ.સા.એ પદયાત્રાનું વિશેષ મહત્વ સમજાવ્યું. આ સંઘમાં સર્વે સમુદાયો સહભાગી થવાથી જૈન એકતાનો પ્રેરક સંદેશ મળ્યો છે.

અન્ય મુનિરાજોએ ધર્મ, પ્રેમ, નીતીન્યાય, અહિંસા અને ભક્તિભાવ દ્વારા જીવન સાર્થક બનાવીએ એવી પ્રેરણા આપી. સર્વે કાર્યકરોએ પદયાત્રાને સફળ બનાવી.

## મોટી સિંધોડીવાસીઓ દ્વારા ચૈત્ય પરીપાટી

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-મોટીસિંધોડી, પ્રગતિ મહિલા મંડળ અને શ્રી નેમ યુથ ફોરમના સંયુક્ત ઉપક્રમે મોટી સિંધોડીવાસીઓ, નિયાણીઓ અને મિત્રવર્તુળ દ્વારા મુંબઈ તીર્થોની ચૈત્યપરિપાટી અને પૂ.આ.શ્રી કલાપ્રભાગરસુરીજી આ.ઠા. તથા અન્ય પૂ.સાધ્વીજી મ.સા.ને સાંવત્સરીક વંદનાર્થે એક દિવસીય ચૈત્ય પરિપાટી તા.૨-૯-૧૨નાં બે બસ દ્વારા યોજાઈ હતી. જેમાં ૭૨ જણાં જોડાયા હતા.

વહેલી સવારે મુલુન્ડ વાસુપુજ્ય જિનાલયે દર્શન કરી પૂ. સાધ્વીજી મ.સા.ને વંદન કરી પ્રસ્થાન કરેલ. ઘોડબંદર રોડ-થાણામાં પાર્શ્વનાથધામ જિનાલયે દર્શન કરી ત્યાં નવકારશી લાભ આપેલ. ત્યાંથી પિયુષપાણી તીર્થે દેવદર્શન ચૈત્યવંદન કરી બોરીવલી દૌલતનગર અને જાંબલીગલી જિનાલયે દર્શન કર્યા અને ચાતુર્માસ બિરાજમાન પૂ.સા.શ્રી અરૂણોદયશ્રીજી આ.ઠા.ને સંવત્રીક વંદન કર્યા. ત્યાંથી જોગેશ્વરી ભોંયણીતીર્થસ્વરૂપ જિનાલયે દર્શન કરી પૂ.આ.શ્રી કલાપ્રભસાગરસુરીજી આ.ઠા.ને વંદન અને સંવત્સરી ખમાવી બપોરે સાધર્મિક ભક્તિનો લાભ લીધેલ. સંઘ તરફથી સુંદર સ્વાગત, સરભરા અને ભક્તિ થઈ. પૂ. આચાર્યશ્રીએ ધર્મ અને ગચ્છ ઉત્કર્ષ માટે જીવનમાં ધર્મભાવના વધારવા પ્રેરણાં આપી. દરેક સ્થળે પાઠશાળા, શિબિરો અને ગચ્છના કાર્યક્રમો ઉજવણીમાં સહભાગી થવા અનુરોધ કરેલ. ગચ્છના માસિક “ગુણભારતી” વિષે સમજ આપી તેના આજીવન સભ્ય થવા માર્ગદર્શન કરેલ. ત્યાંથી બાંદ્રામાં દર્શન કરી પૂ.સા.શ્રી અનંતયશાશ્રીજી અને અપુર્વયશાશ્રીજીને વાંદી-ખમાવી સંઘની ભક્તિનો લાભ લીધેલ. પૂજ્યશ્રીએ ધર્મ આરાધના સાથે માદરેવતન કચ્છમાં પર્વ ઉજવવા અને ગુરૂ સત્સંગ કરવા પ્રેરણા આપી. ત્યાં મા. ખેતબાઈ નાગજી છેડા પરિવાર વતીથી ઈંદિરાબેને સંઘપૂજન કરેલ.

ત્યાંથી મસ્જીદબંદર ગયા. સંઘે સ્વાગત કરી આવકારેલ. ત્યાં ચાપાણી અલ્પાહારનો લાભ આપી, ત્યાં દાદાને ભાવવંદન કરી ૨૪ જિનાલય દર્શન કર્યા.

ત્યાં પૂ.સા.શ્રી સંયમગુણાશ્રીજી મ.સા.આ.ઠા.ને વંદન કરી સંવત્સરી ખામણાં કર્યા. પૂજ્યશ્રીએ સંપ્રતિ મહારાજાએ ભરાવેલ સવા લાખ પ્રતિમાના ભવ્ય ઈતિહાસની જેમ આપણે જીવનમાં સવા લાખ જિનપ્રતિમાના દર્શન “નમો જિનાંણ” કરી લક્ષ્ય સાધવાની પ્રતિજ્ઞા લઈએ. એવી પ્રેરણા આપી. ત્યાં મોટી સિંધોડીરત્ના પૂ.સા.શ્રી મલ્લિગુણાશ્રીજી મ.સા.એ અનંતનાથદાદાની જાપ-કરાવ્યા. ત્યાંથી ગોડીજી પાર્શ્વનાથ જિનાલયે અને આસપાસના દેરાસરોનાં દર્શન કરી માટુંગામાં સહસ્ત્રફણા પાર્શ્વનાથના દર્શન કરી પૂ.સા.શ્રી વિપુલગુણાશ્રીજી મ.સા.આ.ઠા.ને વંદન-સંવત્સરી વંદન કરી ધર્મલાભ લીધેલ. ત્યાંથી પાછા વળતાં અનંતસિધ્ધિમાં શ્રી આદિનાથ જિનાલેય દર્શન કર્યા. ત્યાંથી મુલુન્ડ પરત ફરી શ્રીમતિ જ્યોત્સનાબેન લહેરચંદ મૈશેરીના ઘરે સૌ ભેગા થયા અને સાધર્મિક ભક્તિનો લાભ લીધો. દરેક સંઘે ચૈત્યપરિપાટી યાત્રિકોનું હાર્દિક સ્વાગત કરેલ અને ત્યાંના સંઘે સંઘપતિ, કાર્યકરોનું બહુમાન કરી સૌનું સંઘપુજન કરેલ. મોટી સિંધોડીસંઘ વતી દરેક સંઘોનું આતિથ્ય બદલ આભાર વ્યક્ત કરાયેલ.

સમગ્ર વ્યવસ્થામાં શ્રી હરીશ મોમાયા સૌ જ્યોત્સનાબેન, ચીમનભાઈ લોડાયા, તિલક લોડાયા, દિનેશ મૈશેરી, મુકેશ લોડાયા, વિશાલભાઈ, રેશ્મા લોડાયા, ભરત લોડાયા, વગેરે કાર્યકરોએ જહેમત લીધી.

એક બસનું સૌજન્ય અને નવકારશીનો લાભ માતુશ્રી કસ્તુરીબાઈ વેલજી મૈશેરી પરિવાર હ. ખુશાલભાઈ તથા બીજી બસનું સૌજય શ્રી ચીમનલાલ લધુભાઈ લોડાયા પરિવાર તરફથી હતું. બપોરે જમણ શ્રી રતનશી આણંદજી મૈશેરી પરિવાર, સાંજે જમણ રતનબાઈ દામજી મોમાયા પરિવાર, બપોરે ચા પાણી લાભ સૌ. શીલાબેન રતીલાલ મોમાયા (વરાડીયા) તરફથી હતા. દરેકે ખુબ આનંદ માણ્યો. દેવદર્શન તથા ગુરૂવંદનના લાભ લીધા.

## ભુજ નવનીતનગર-કોવઈનગરમાં યોજાઈ ભાવયાત્રા

અત્રે મુનિસુવ્રત દેરાસરજીમાં પુ.મુનિશ્રી કંચનસાગરજી મ.સા.ની નિશ્રામાં ચાતુર્માસ દરમ્યાન પુનમના શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથની ભાવયાત્રા યોજાઈ. શ્રી કિશોરભાઈ સાંયાએ ભાવપુર્વક કોવઈનગર / નવનીત નગરથી શંખેશ્વર સુધીની ભાવયાત્રા કરાવેલ. ચારે ગતિઓ તિર્યંચગતિ, નરકગતિ, દેવગતિ અને મનુષ્ય ગતિમાં તરબોળ થઈ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની યાત્રા દરમ્યાન કરેલ પાપોની ક્ષમા માંગી. મોક્ષ ભાવના સેવી. યાત્રા દરમ્યાન રત્નાકર પચ્ચિસીની ગાથાઓ સામેલ કરી ભાવવિભોર બની યાત્રાને ગાજતી કરેલ. ભાવયાત્રામાં સ્તવનો વગેરેમાં મનુસુખભાઈ શેઠે સુંદર કંઠ દ્વારા સ્તવનો ગાઈ ભાવયાત્રામાં અનેરો રંગ જમાવ્યો. ભાવયાત્રામાં ભાતાનો લાભ શ્રી ક.વી.ઓ. જૈન સંઘે લીધેલ.

કેશવજીભાઈ અને લક્ષ્મીચંદ વોરાએ આ ભાવયાત્રા કરાવવા બદલ શ્રી કિશોરભાઈ સાંયા તેમજ શ્રી મનસુખભાઈ શેઠનો આભાર વ્યક્ત કરી એમનું બહુમાન કર્યું.

પૂ. મુનિશ્રી કંચનસાગરજી મ.સા.એ આ ભાવયાત્રાની ભાવના હૃદયમાં ઉતારવા પ્રેરણા આપી.

ભાવયાત્રાને સફળ બનાવવા લહેરચંદભાઈ છેડા, હસમુખભાઈ શાહ, ગીતાબેન લોડાયા તેમજ શાંતાબેન મૈશેરી તથા નવનીત નગર-કોવઈનગરના કાર્યકરોએ જહેમત ઉઠાવેલ. આરતી બાદ યાત્રા પૂર્ણ થઈ.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-જામનગર

અત્રે મહાજનના ઉપક્રમે તા.૨૬-૮-૧૨ના સમુહ ક્ષમાપના સમુહ તપસ્વી સાંજી, વાર્ષિક સ્નેહમિલન અને સાધર્મીકબક્તિનો કાર્યક્રમ શા. નાગશી જીવરાજ દેવાણી વિદ્યાર્થીગૃહ યોજવામાં આવેલ. જેનાં ૧૮૦ સભ્યોની હાજરી હતી. હર્ષોલ્લાસથી કાર્યક્રમની ઉજવણી થઈ. પ્રથમ કન્યા છાત્રાલયની બાળાઓએ સમુહ પ્રાર્થના કરી. ત્યારબાદ સમુહ ક્ષમાપનાથી સૌએ અરસ પરસ ખમાવ્યા. યુંષણ પર્યુષણ પર્વ નિમિતે સૌ. ગિતા વિમલેશ માલદેના ૧૬ ઉપવાસ તથા ચિ. પંકજ જેઠાલાલ ખોના તથા કુ. ઉર્જા હરેશ ખોનાએ અઠ્ઠાઈ તપશ્ચર્યા કરતાં તથા સૌ. સરલાબેન કાંતિલાલ ધરમશીની મોડપર તિર્થનાં પુનઃનિર્માણના કાર્યની અનુમોદના માટેની ૯૯મી અઠ્ઠમતપ અને ચિ. અલ્પેશ હરેશ ખોનાની અઠ્ઠમ તપ નિમિતે સમુહ સાંજી યોજવામાં આવી. જેમાં કન્યા છાત્રાલયની બાળાઓએ તથા સંઘની બહેનોએ સ્પર્ધાત્મક રીતે સ્તવનો તથા સાંજીના ગીતો ગાઈ વાતાવરણ ભક્તિમય બનાવ્યું. બપોરના સાધર્મીક ભક્તિ મહાજન દ્વારા રાખેલ જેનો લાભ માતુશ્રી જયશ્રીબેન જેઠાલાલ ખોના પરિવારે તરફથી હતી. ત્યારબાદ વાર્ષિક સ્નેહમિલન સમારંભ યોજાતા કન્યા છાત્રાલયની બાળાઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કાર્યો અને મહાજનની પ્રવૃતિઓની ચર્ચા વિચારણા કરવામાં આવી. ત્યારબાદ સાંસ્કૃતિક કાર્યક્રમમાં સૌએ સાથે મળી રાસ ગરબાની રમઝટ બોલાવી. ત્યારબાદ કુ. ઉર્જા હરેશ ખોનાની અઠ્ઠાઈ તપશ્ચર્યા નિમીતે માતુશ્રી રાજબાઈ બાબુલાલ પરિવાર હ. સૌ. રેખા હરેશ ખોનાએ સાંજના ચોવિહારનો લાભ લીધો. સંઘપ્રમુખ શ્રી તિલક ખોનાના માર્ગદર્શને અને ખજાનચી શ્રી વિમલ દંડ, અને કારોબારી સભ્ય શ્રી અશોક દંડની જહેમતથી દિવસ દરમ્યાન વિવિધ પ્રવૃતિઓ સાથે હર્ષોલ્લાસથી સ્નેહમિલન કાર્યક્રમ અને ચૈત્યપરિપાટી સફળતાથી સંપન્ન થઈ.

મહાજનના ઉપક્રમે તા.૨-૯-૧૨ના સમુહ ચૈત્ય પરિપાટી યોજવામાં આવી જેમાં ૬૧ સભ્યોએ ભાગ લીધો. સવારે ૫.૩૦ કલાકે જામનગર કે.પી.શાહ દેરાસરજી દર્શન કરી પ્રવાસીઓની સંખ્યા વધી જતાં શ્રી મનોજ ખોનાએ હાજર સૌ જ્ઞાતિજનો ચૈત્ય પરિપાટીમાં ભાગ લઈ શકે અને બસમાં જગ્યા થઈ શકે તે માટે પોતાની મોટરકારથી જોડાયા. જામનગરથી રવાના થઈ ભાણવડ મુકામે નવકારશીનો લાભ સૌ. જયશ્રી અરવિંદ નાગડા તથા સૌ. રેખા જતિન દંડ તથા સૌ. કલ્પના અશોક દંડે લીધો. ત્યાં અમૃતઝરા પાર્શ્વનાથ પ્રભુજીના દર્શન તથા સમુહ ચૈત્યવંદન કર્યા અને ત્યાંથી પોરબંદર થઈ  બડેજ મુકામે બળેજા પાર્શ્વનાથ પ્રભુજીના દર્શન તથા પુજા તથા સમુહ ચૈત્યવંદન કર્યા. બપોરની સાધર્મીકભક્તિનો લાભ માતુશ્રી કંચનબેન ગુલાબચંદ ત્રીકમજી નાગડા હ. જીયા મીતલ જતીન નાગડાએ લીધો તથા બપોરના ચા-પાણીનો લાભ માતુશ્રી વિજયાબેન હિંમતલાલ શિયાડ હ. સૌ. જ્યોતિ સુનિલ શિયાલે લીધો. બપોરના જમણવાર બાદ સૌએ દાતાઓની અનુમોદના કરી. વિજયભાઈ વોરાએ સંઘના કાર્યોની અનુમોદના કરી આગળ કામો કરવા માર્ગદર્શન કર્યું. ત્યારબાદ બાજુના માધવપુરમાં રમણીય ચોપાટીએ જઈ સમુદ્રકિનારે પગ પખાળી આનંદથી કુદરતી સૌદર્ય માણ્યું. ત્યારબાદ પોરબંદરના સાંદીપની આશ્રમમાં ગયા ત્યાં બાળાશ્રમ, ગૌશાળા, હરીમંદિર જોઈ સુંદર બગીચામાં મોજ માણી. સાંધ્ય આરતી સમયે જામનગર પરત રવાના થતાં જામ ખંભાળીયા પાસે સમુહ ભોજનના દાતા શ્રી મહેન્દ્ર મેઘજી માલદે હ. રચના નિલેશ માલદે તરફથી સ્વરૂચિ ભોજન લીધું અને રાત્રે પરત ફર્યા.

## શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ-મુલુન્ડ

મંડળ દ્વારા આયોજીત સતત ૪૬ વર્ષથી દર મહિને અખંડીત ચાલતી શ્રી મહાકાળી માતાજીની ભાવના તા.૨૩-

૯-૧૨ના રાત્રે ૯ કલાકે શ્રી વાસુપુજ્ય જિનાલયે રાખવામાં આવેલ છે. જેનો લાભ માતુશ્રી જયાબેન પુનશી માલદે પરિવાર (દલતુંગી)એ લીધેલ છે. આગામી ભાવના તા.૨૧-૧૦-૧૨ના માતુશ્રી દમયંતિબેન હંસરાજ દેવશી દંડ પરિવાર (સાંઘવ) તથા શ્રી રાજેશ ડુંગરશી હેફા પરિવાર (જખૌ) તરફથી સાથે છે.

## વર્ધમાનનગરે ગુરૂવંદનાર્થે સંઘોની પધરામણી

તપારાધનામાં માસક્ષમણ, છઠ્ઠ, અઠ્ઠમ, આયંબીલ અને એકાસણાંની તપસ્યાઓ થઈ રહી છે. પૂજ્યશ્રી આ.ઠા.ને સંવત્સરી વંદનાર્થે અને ચૈત્યપરિપાટી કર્તવ્યરૂપે અનેક સંઘો પધારી રહ્યા.

દરરોજ સવારે વ્યાખ્યાનમાં પૂ. ગણિવર્ય શ્રી વીરભદ્રસાગરજી મ.સા. તથા બપોરે સમુહ સામાયિકમાં પૂ.મુનિરાજશ્રી રત્નાકરસાગરજી મ.સા. ભાવિકોને જિનવાણી લાભ આપી રહ્યા છે. પૂ. મુનિરાજ શ્રી પ્રિયંકરસાગરજી મ.સા.પ્રસંગે-પ્રસંગે શ્રાવક-શ્રાવિકાઓને ધાર્મિક પ્રસંગો અને તીર્થંકરોનાં જીવનનાં અનેક પ્રસંગો વર્ણવી રહ્યા છે.

પાંચ મહિનાંની સંઘ સાધર્મિક ભક્તિનો લાભ માતુશ્રી લક્ષ્મીબાઈ જગશીં છેડા હસ્તે શ્રીમતિ હંસાબેન તારાચંદ છેડા પરિવારે લીધો છે.

## કોચીન

કોચીનમાં પર્યુષણ પર્વની ઉજવણી ખૂબજ ઉલ્લાસના વાતાવરણમાં જૈન સંઘના સભ્યોએ માણી. જાણીતા વિધિકાર શ્રી નરેન્દ્ર રામજી નંદુની ભાવધારામાં સકળ સંઘે પર્વાધિરાજ પર્યુષણની રૂડી આરાધના કરી. એમની સાથે શ્રી કયવન નંદુએ આરાધના વિધિઓમાં સાથે આપ્યો. તા.૧૪-૮ થી ૨૩-૮-૧૨ દરમ્યાન વિવિધ તપસ્યા કરી અને સુંદર આરાધના કરી. શ્રી નરેન્દ્રભાઈની દરેક વિધાનની સમજ અને ધર્મ જ્ઞાનથી સર્વેને ઉપયોગી માર્ગદર્શન અને પ્રોત્સાહન મળેલ.

તા.૧૫-૮-૧૨ના શ્રી કોચીન શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘની નૂતનીકરણ કરાયેલ ઓફીસનું ઉદ્ઘાટન શ્રી દેવશી ભાણજી ખોના પરિવારના હસ્તે વાજતે-ગાજતે કરાયું. એ પરિવારે શ્રી દેવશીભાઈની સ્મરણાંજલીરૂપે રૂા.૧૨.૫ લાખનું યોગદાન સંઘના અર્પણ કરેલ.

તા.૧૮-૮-૧૨નાં શ્રી સ્વપ્ન મહોત્સવ તથા વીરજન્મ વાંચનનો કાર્યક્રમ સર્વે ભાઈ-બહનોએ આનંદથી માણ્યો. આ પ્રંસગે વિવિધ લાભાર્થી પરિવારોએ ઉદારદિલે રેકોર્ડરૂપ ઘૃતની બોલી કરી. લગભગ કુલ ૪.૭ લાખ મણ ઘી બોલાયું. જેમાં જ્ઞાતિના ઘણાં પરિવારોએ લાભ લીધેલ. ત્યારબાદ સકલ સંઘ માટે શ્રી મહાવીર મિત્ર મંડળે સ્વામીવાત્સલ્ય રાખેલ. તા.૧૯-૮-૧૨ના રાતે કુમારપાળ રાજાનો વરઘોડો, રાજદરબાર સહિત સ્ટેજ કાર્યક્રમ તથા મહારાજાની ભવ્ય આરતી હતી. શ્રી સંઘે શ્રી નરેન્દ્રભાઈના બહુમાનરૂપે તેમને અને તેમના ધર્મપત્નિને શ્રી કુમારપાળ રાજા અને રાણી બનવાનો લાભ આપેલ.

તા.૧૪-૮-૧૨ના નવકાર વંદના, નવકાર પર પ્રવચન, નવકાર જાપ, ભાવના, તા.૧૫-૮-૧૨ જ્ઞાન ચર્ચા-વિષય: ભગવાન મહાવીરના સાત મહા સત્યો અને ભાવના, તા.૧૬-૮-૧૨-શ્રી આદિનાથ વંદનાવલી, તા.૧૭-૮-૧૨-શ્રી કયવન નંદુએ ધાર્મિક અંતાક્ષરી રમાડેલ. જેની ખુબ સરસ રંગત જામી અને સૌએ આનંદ માણ્યો. તા.૧૮-૮-૧૨-ભગવાન મહાવીર જન્મ કલ્યાણકની ઉજવણી-૫૬ દિક્કુમારિકા દ્વારા જન્મ વિધાન અને ભાવના, તા.૨૦-૮-૧૨ના ધર્મચર્ચા હતી. વિષય "શાંતિ મેળવવાનું સાઈન બોર્ડ" અને ભાવના હતી.

મુંબઈથી પધારેલ સંગીતકાર શ્રી કૃષ્ણકાંત ઠક્કર અને તેમના સાથીઓએ ભાવનામાં રંગત જમાવી.

તા.૨૨-૮-૧૨ના શ્રી જૈન સેવા સમાજ દ્વારા સામૂહિક ક્ષમાપના યોજાયેલ જેમાં ૮ અને તેથી વધુ ઉપવાસવાળા તપસ્વીઓનું બહુમાન કરાયેલ. કુલ ૨૫ જણાંએ અઠ્ઠાઈ કરી હતી. ૪૦ જણાએ અઠ્ઠમ તપ કરેલ.

તા.૨૩-૮-૧૨ના પ્રભુજીના પારણાંનો વરઘોડો ખૂબ ધુમધામથી નીકળ્યો.

શ્રી નરેન્દ્ર રામજી નંદુ પરિવાર તરફથી શ્રી સંઘને રૂ.એક લાખની ભેટ મળેલ. જેમાં શ્રી કોચીન શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ તરફથી રૂા.૧,૧૧૧ ઉમેરીને શ્રી નરેન્દ્રભાઈને રૂ.૧,૦૧,૧૧૧ ની રકમ સંઘે તેમને વળતી કરી જે રકમ તેમને યોગ્ય સ્થાને વાપરવા વિનંતી કરાઈ.

પર્યુષણ પર્વ દરમ્યાન શ્રી મહાવીર મિત્ર મંડળ દ્વારા એકાસણાંની સુંદર વ્યવસ્થા રાખવામાં આવેલ. આ વ્યવસ્થાથી રોજ લગભગ ૧૭૫ તપસ્વીઓની સેવા કરીને મંડળના સભ્યોએ સુંદર લાભ લિધેલ. શ્રી મહાવીર મિત્ર મંડળમાં સારી સંખ્યામાં જ્ઞાતિના સભ્યોનું યોગદાન છે.

શ્રી શાલીભદ્રની પેટી-રૂા.૧,૦૧,૧૧૧માં શ્રી લખમશી વેલજી મૈશેરી પરિવારે, ત્રિશલામાતા બનવાનું-રૂ.૧૫,૫૧૫માં શ્રી આણંદજી માલશી અને શ્રી મેઘજી માલશી દંડ પરિવાર હ. શ્રી વિજય મુલચંદ દંડે, શ્રી બારસાસૂત્ર વહોરાવવાનું રૂ.૯૯૯૯માં શ્રી ખીમજી ઘેલાભાઈ દંડ પરિવારે, સ્વ. શ્રીમતી હીનાબેનના સ્મરણાર્થે શ્રી નરશી વીરજી ધરમશી (કાથાવાલા) પરિવાર તરફથી દેરાસરજીનાં સર્વ સાધારણ ખાતામાં રૂ.૨,૨૨,૨૨૨ તથા સંઘના અન્ય દાતાઓએ પણ યોગદાન આપેલ.

## ચાલીસગામ

અત્રે પર્વ પર્યુષણ ઉમંગ આનંદથી ઉજવાયેલ. સ્વપ્નાનું ઘૃત ૨૨૧૩૨ મણ થયેલ. પર્વ પર્યુષણની આરાધના કરવા માટે આર્યરક્ષીત વિદ્યાપીઠની બે બહેનો પધારેલ. એમણે આઠ દિવસ આરાધના સારી રીતે કરાવેલ. પ્રશ્ન મંજુષા, વિવિધ સ્પર્ધા બહેનો માટે રાખવામાં આવેલ. બાળકો માટે હાઉસી ગેમ રાખવામાં આવેલ. બધાએ સ્પર્ધાનો લાભ લઈ આનંદ પામેલ. કલ્પસુત્ર પધરાવવાનો લાભ ૨૨૫ મણમાં માતુશ્રી સોનબાઈ લક્ષ્મીચંદ લોડાયા (વારાપધર) (અપેક્ષા ડેરીવાલા) એ લીધેલ.

પારણાનો લાભ ૧૦૧ મણમાં માતુશ્રી સોનબાઈ લક્ષ્મીચંદ લોડાયા પરિવારે લીધેલ. દેરાસર ગંભારા ખોલવાનો લાભ માતુશ્રી સોનબાઈ લક્ષ્મીચંદ લોડાયા હસ્તે લક્ષ્મીચંદ કુંવરજી લોડાયાએ રૂપીયા ૫૦૦૧માં લીધેલ.

પર્યુષણ દરમ્યાન અત્રે તપસ્યા સારી રીતે થયેલ. આરાધક બહેનોને પણ સારી તપસ્યા કરેલ. પર્વ પર્યુષણ દરમ્યાન બાળકોએ અને મનીષ ભવાનજી લોડાયાએ પૌષધ કરેલ.

મોમાયા નિલમબેન અને અક્ષિતાની અઠ્ઠાઈ નિમિતે સાંજીનો કાર્યક્રમ શ્રી કે.ડી.ઓ. હૉલમાં સારી રીતે પાર પડેલ. તા.૨૬-૮-૧૨ના ચૈત્ય પરીપાટી કાઢવામાં આવેલ. જેના લાભાર્થી માતુશ્રી જયાબાઈ મોમાયા અને માતુશ્રી મધુરીબેન ભવાનજી લોડાયા પરિવાર હતા. સંઘ ચૈત્યપરિપાટી માટે દાદાવાડી, ધુલીયા, અમલનેર, શિરવાળ, બહાદરપુર, જલગામ ગયેલ. સંઘના ભાઈ બહેનોને પંચતિર્થીનો લાભ લીધેલ. પૂ. જયદર્શીતાશ્રીજી મ.સા. તથા હિમાંશુશ્રીજી મ.સા.ને વંદન કરવાનો લાભ લીધેલ. પંચતિર્થી દર્શન કરીને સાંજે ચાલીસગામ પધારેલ. બધા કાર્યક્રમોમાં સંઘના ભાઈ-બહેનોની હાજરી સારી હતી.

## રાયચુર

અત્રે પર્યુષણ પર્વની ઉજવણી માટે આર્યરક્ષીત વિદ્યાપીઠથી સર્વશ્રી મુલચંદ દેઢીયા, લલીત વીરા અને શ્રી નવીન દેઢીયા આરાધના કરાવવા માટે પધારેલ.

પર્યુષણ પર્વમાં દરરોજ ભક્તામર પઠન, વ્યાખ્યાન, ચાર દિવસ મોટી પંચકલ્યાણક પૂજાઓ, આરતી, પ્રતિક્રમણ બીજના ચૌદ સ્વપ્ન ઉત્સવમાં નકરો રાખેલ. અને એમાં લકી ડ્રોથી આદેશ આપી લાભ આપેલ. બધાએ ઉત્સાહપૂર્વક એમાં ભાગ લીધેલ.

કલ્પસુત્ર વહોરાવાનું તથા રાત્રીજાગરણના લાભાર્થી દેસાઈ પરિવાર અને પારણાની પધરામણી ક.દ.ઓ. જ્ઞાતિ મહાજન તરફથી હતી. બારસો સુત્રની ઢાળો જે આ.શ્રી. ગુણસાગરસુરીજી દ્વારા ગુજરાતીમાં રચાયેલ છે, તે ભાવપૂર્વક વાંચેલ. ચૈત્ય પરિવાટી માટે શ્રી આદિનાથ દિગંબર મંદીર-રાયચુરમાં શ્રી સંઘ સાથે દર્શનાર્થે ગયેલ સાવંતસરિક પ્રતિક્રમણ અતિ ઉત્સાહે શાંતિપૂર્વક કરવામાં આવ્યું.

છઠ્ઠના શ્રી સુમતીનાથજીનો ગંભારા ખોલવાનો લહાવો શ્રી બકીમચંદ કુંવરજી લોડાયા પરિવારે લીધેલ. તપસ્વીઓના પારણા તથા સકળ સંઘને મહાજન તરફથી નવકારશી કરાવવામાં આવેલ. ત્યારબાદ મહાકાળી માતાજીની ભાવના શ્રી બકીમચંદ કુંવરજી લોડાયા તરફથી હતી.

બપોરે સ્વામીવાત્સલ્ય સામુહીક ક.દ.ઓ. મહાજન અને શ્રી સુમતીનાથ જૈન મૂર્તીપૂજક સંઘ તરફથી હતું. સર્વે તપસ્વીઓનું, આર્યરક્ષીત વિદ્યાપીઠના ભાઈઓનું તથા વિદ્યાર્થીઓનું બહુમાન કરવામાં આવેલ.

જેમાં વિવેક હંસકુમાર લોડાયા-M.Sc. (Agri Antomology)માં પૂરા ભારતમાં પ્રથમ અને Ph.D. પ્રવેશ પરીક્ષામાં બીજા ક્રમે આવ્યા છે. વિશાલ મોહનજી ગડા-B.E. (Electronic Telecommunciation) માં ૮૯% થી પાસ થયા છે. નીરાલી શ્રીકાંત લોડાયા-B.Com. માં ૭૮% થી પાસ થયા છે. ગૌતમી દિનેશચંદ્ર મોમાયા (કૃષ્ણા) B.Ed. માં પ્રથમ વર્ગમાં પાસ થયા છે. તે બદલ મહાજનના શિક્ષણ ફંડમાંથી બુહમાન કરવામાં આવ્યું.

નાના બાળકો દર્શના દીપક ગડા અને ભુવન ગીરીશ લાપસીયા આઠે દિવસ પ્રતિક્રમણ શાંતિથી કરેલ.

આઠે દિવસ આંગી રચના સુમતિ જિન મંડળ અને કે.ડી.ઓ. સમાજ દ્વારા કરાઈ હતી.

## નાગપુર

અત્રે મહાજનના ઉપક્રમે સુંદર આરાધનાથી પર્વ ઉજવાયા. દરરોજ ભક્તામર પઠન, બન્ને પ્રતિક્રમણ, સ્નાત્ર, વ્યાખ્યાનશ્રવણ, આંગી, ભાવના વગેરે લાભ લેવાયા. છઠ્ઠના તપસ્વી પારણાબાદ તા.૨૬-૮-૧૨નાં સામુહિક ક્ષમાપના કાર્યક્રમ સુમતિનાથ જિનાલયના આરાધના ભવનમાં રહેલ. જેમાં તપસ્વી બહુમાન અને સ્વામીવાત્સલ્ય રહેલ. આ કાર્યક્રમમાં શેઠ નરશી નાથાની છબીને હારોરોપણનો લાભ માતુશ્રી કસ્તુરીબાઈ તિ. ખોના (કાંટોલ) પરિવાર હ. સતેન્દ્ર ખોનાએ લીધેલ. મહાજનના કાર્યકરોએ દીપ પ્રાકટ્ય કરેલ. નવકારપઠન બાદ સમુહ મિચ્છામિદુક્કડમ થયેલ.

અઠ્ઠાઈ તપ શ્રી નરેન્દ્ર મેઘજી પોલડીયા અને કુ. નિધિ પ્રફુલ પોલડીયાનું મહાજન તરફથી બહુમાન કરાયું. તપસ્વી સાંજી તથા સ્વામીવાત્સલ્યનો લાભ શ્રી મેઘજી ભાણજી પોલડીયા પરિવારે લીધેલ. મહાજન પ્રમુખ શ્રી સતેન્દ્ર મુલજી લોડાયાએ મહારાષ્ટ્ર એકમના ધુલીયા કાર્યક્રમ વિષે, સમસ્ત મહાજનના જનજાગરણ સંપર્ક અભિયાન વિષે, જ્ઞાતિ વસતીપત્રક પ્રકાશન અને સામાજિક સુરક્ષા

યોજના વિષે સવિસ્તર માહિતી અહેવાલ આપેલ.

નાગપુરમાં દીપાવલી સ્નેહમિલનની જાણકારી આપી. રામદાસ પેઠ દેરાસરના ટ્રસ્ટીઓ પધારેલ તેમનું સ્વાગત કરાયું. સર્વે જ્ઞાતિ પરિવારોએ સારી હાજરી આપી. શ્રી પ્રવીણ કેશવજી લોડાયા (દાવણગેરી) તરફથી સંઘપૂજન કરાયું. અંતે સાધર્મિક ભક્તિનો લાભ લઈ સૌ છુટા પડ્યા.

## લોઢા હેવન કોમ્પલેક્સમાં પર્વ ઉજવણી

ડોંબિવલી (ઇ) સ્થિત કોમ્પ્લેક્સમાં પર્યુષણ પર્વ રૂડી રીતે ઉજવાયા. આરાધના માટે ડોમ્બીવલીથી પ્રમીલાબેન પ્રેમજી શાહ પધારીને ખુબજ સારી રીતે વ્યાખ્યાન વાંચન અને આરાધના કરાવી. મહાવીર સ્વામી છત્રછાયામાં વિવિધ તપ અને ભક્તિ ભાવના થઈ. કલ્પસૂત્ર (પોથી)નું ઘૃત ૨૫૧ મણમાં દીપાબેન રાજેન્દ્ર લોડાયા તથા પારણનું ઘૃત ૪૫૧ મણમાં શ્રી વર્ધમાનભાઈ લુઠીયાએ દરરોજ ભક્તામર પઠન બાદ લકી ડ્રા તેમજ દરરોજ પ્રભાવના થતી. બધા કાર્યક્રમોમાં ઉષાબેન રાજેન્દ્ર ડાઘા (વરાડીયા) એ જહેમત લીધેલ. છઠ્ઠના દ્વારોદ્ઘાટન દિનેશ નાગડાએ કરેલ.

## સોલાપુર

પુ. મુનિ મોક્ષરક્ષીતવિજયજી રાજપ્રભુરક્ષીત વિજયજી તથા પૂ.સા.શ્રી મુક્તિરત્નાશ્રીજી મ.સા.આ.ઠા.૭ની નિશ્રામાં સંઘમાં સમુહ આયંબિલ સમુહ શંખેશ્વર પાર્શ્વનાથ અઠ્ઠમ તપ થયા. અઠ્ઠમમાં ૨૭૦ જણાં, સમેત શિખરજી તપમાં ૨૧૦ જમાં, માસક્ષમણ ૩ અને આઠ અઠ્ઠાઈઓ થયેલ. મોક્ષ દંડ તપમાં ૨૫, સિધ્ધીતપમાં ૧૬, નવપદ એકાસણામાં ૧૧૫, અંતરીક્ષ પાર્શ્વનાથ અઠ્ઠમમાં ૮૧ જણા જોડાયેલ. સર્વ તપસ્વીઓ સુખશાતામાં છે.પર્વ ઉત્સવ દરમીયાન પંડિત કનુભાઈ શાહે કલ્પસુત્ર તથા બારસાસુત્રનું વાંચન કરેલ. સ્વપ્નાનું કુલ ઘૃત સારૂં થયું. પારણાનું ઘૃત મણ ૬૦૫૦૧ થયેલ. તા.૨૬-૮-૧૨ના સંઘનું સ્વામીવાત્સલ્ય હતું. તા.૨૫-૮-૧૨ના શ્રી સર્વોદય જૈન કચ્છી મિત્ર મંડળનું સ્વામી વાત્સલ્ય રાખેલ. એમાં પ્રથમ ઘણા બાળક બાલીકાઓએ નવકાર મંત્ર પ્રકાશેલ. એના પછી પુ. મુનિ રક્ષીતવિજયજી મ.સા.એ બે કલાક સુધી વ્યાખ્યાન તથા કચ્છ અને કચ્છી સમાજની સાહસિકતા ઉદારતા અને કાર્યશૈલીની પ્રશંસા-અનુમોદના કરી. ત્યારબાદ ધો.૫ સુધીના બાળકો જે સામાયીક-પુજા ઉપવાસ એકાસણાં, બ્યાસણાં વગેરે કરેલ તેમને પ્રભાવના આપી એમના પ્રોત્સાહનરૂપે બહુમાન કરેલ. તપસ્વીઓનું શ્રીફળ તથા ચાંદીના સીક્કા આપીને બહુમાન કરાયેલ. કિરીટ કુમાર વિકમશીએ અહિંસા ગોશાલા બદલ અને ૩૦૦ મુક અપંગ ગાયો બળદ આદિ જાનવરો માટે સવિસ્તર માહિતી આપેલ. ગાયોને પ્રભુની વાણી સાંભાળવા અને જિન દર્શન માટે સમવસરણ મંદિર બનાવવામાં આવેલ છે. તે વિષયે માહિતી આપેલ. રમેશભાઈ દંડ, ચેતન વિકમશી, સંકેત વિકમશી, પંકજભાઈ ગોશર રસોડા ખાતામાં સેવા આપેલ. અધ્યક્ષા મીનાબેન પાસડે સર્વેનો આભાર માનેલ.

## શ્રી ક.દ.ઓ. જૈન સંઘ-કાંજુરમાર્ગ

સંઘના ઉપક્રમે તા.૨-૯-૧૨ના અનંતનાથ, કોમ્પ્લેક્ષમાં માતુશ્રી નિર્મલાબેન શીવજી મોમાયા (વરાડીયા), માતુશ્રી મીઠીબાઈ સોમચંદ દંડ (વરાડીયા) માતુશ્રી લીલાવંતી નવીનચંદ્ર ઘરમશી (વરાડીયા), પીર પરિવાર-વરાડીયા તરફથી સ્વામીવાત્સલ્ય જમણ રાખવામાં આવેલ. આ પ્રસંગે શ્રી વરાડીયા જૈન મિત્ર મંડળ (મુંબઈ)ના સભ્યોએ પ્રભુજીની ભક્તિ ભાવનામાં રમઝટ જમાવેલ. લાભાર્થી પરિવારો તરફથી અને કિશોર હિરાચંદ ખોના (સાંયરા) તરફથી સંઘપૂજન કરવામાં આવેલ. શ્રી ચેતનભાઈ મોતા અને કુમારભાઈ દંડએ પધારેલ.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-સુથરી

સુથરી મહાતીર્થે પર્વાધિરાજ પર્યુષણ પર્વની ઉલ્લાસભેર ઉજવણી થયેલ. પૂ.સાધ્વીશ્રી મહાયશાશ્રીજી મ.સા.ની નિશ્રામાં પર્યુષણ પર્વ દરમ્યાન દરરોજ ભક્તામર સ્તોત્ર પાઠ, સામુદાયિક સ્નાત્રપુજા, પ્રભુજીની સેવાપુજા, વ્યાખ્યાન, રાઈ તેમજ દૈવસિક પ્રતિક્રમણ, પ્રભુજીની ભવ્ય અંગરચના તથા આરતી, ભાવના કરવામાં આવેલ. મુંબઈથી પધારેલ શ્રાવક-શ્રાવિકાઓએ ખુબ આનંદથી પર્વ આરાધનાનો લાભ લીધેલ.

કલ્પસુત્ર ઘરે પધરાવવાનો લાભ-માતુશ્રી ભચીબાઈ કુંવરજી ઘરમશી પરિવારે અને પારણું પધરાવવાનો લાભ-શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથ સ્નાત્ર મંડળે લીધેલ. સ્વપ્નાનું કુલ ઘૃત ૭૭૫૯૨ માણ થયેલ. કલ્પસુત્ર પુજ્યશ્રીને વહોરાવવાનો લાભ ૨૨૨૩ મણમાં અમીઝરા હ. માતુશ્રી જમકુબાઈ પદમશી લોડાયા પરિવારે અને બારસાસુત્ર વહોરાવવાનો લાભ ૪૦૦૧ મણમાં માતુશ્રી ભચીબાઈ કુંવરજી ઘરમશી પરિવારે લીધેલ. પર્વ દરમ્યાન કુલ ઘૃત માણ ૧૨૩૧૧૧ થયેલ. પર્વ દરમ્યાન અઠ્ઠાઈતપ, એકાસણા, પૌષધવાલા વગેરેના બહુમાન થયેલ. પર્વના નવે દિવસ ભાગ્યશાળી દાતાઓ તરફથી સંઘજમણ કરવામાં આવેલ. જીવદયામાં રૂ ।.૧,૩૬,૯૮૧નો ફાળો એકત્ર થયેલ. સુથરીવાસીઓને જીવદયા માટે ફાળો મોકલવા અપીલ છે.

## સાંયરા

તા.૩૦-૮-૧૨ના કાંતાબાઈ મણીલાલ મૈશેરી તરફથી મહાકાળીની ભાવના થયેલ જેમાં સારી રમઝટ જામી. તા.૩૧-૮-૧૨ના ચૈત્યવંદન બાદ રૂા.૧૦ માતુશ્રી વાલબાઈ

દામજી ધ્રોળ પરિવાર તથા રૂા.૫ શ્રી જવેરચંદ અરજણ લોડાયા તરફથી સંઘપૂજન કરી પ્રભાવના થયેલ.

તા.૩૧૮-૧૨ના પૂનમના માતુશ્રી કાંતાબાઈ મણીલાલ મૈશેરી તરફથી સ્વામીવાત્સલ્ય જમણ થયેલ જેમાં સંઘપૂજન અને શાળામાં બીસ્કીટ વિતરણ થયેલ અને સંઘ તરફથી બોલપેન ભેટ આપાઈ રૂા.૫નું કાન્તાબાઈ મણીલાલ મૈશેરી પરિવાર તથા રૂા.૫/- વાલબાઈ દામજી ધ્રોળ પરિવાર તરફથી થયેલ.

## ધુલીયા

તા.૨-૭ના પુ.સા.શ્રી દિવ્યગુણાશ્રી આ.ઠા.૫ના ચાતુર્માસ પ્રવેશ શ્રી ગુલાબચંદ ભવાનજીના ઘરેથી થયેલ ત્યાં પરિવાર તરફથી શ્રી સંઘને નવકારશી હતી. ત્યાંથી વાજતે ગાજતે શોભાયાત્રારૂપે નિકળી શિતલનાથ દેરાસરે દર્શન કરીને જૈન ભવનમાં પ્રવેશ કરેલ. ત્યાં માંગલિક થયેલ. પૂજ્યશ્રીની નિશ્રામાં પર્યુષણ પર્વ ખૂબજ ઉત્સાહથી ઉજવાયેલ.

તા.૨૬-૮ના મહાજન તરફથી ક્ષમાપના તથા સ્વામિવાત્સલ્યનું કાર્યક્રમ બોર્ડિંગમાં રાખવામાં આવેલ. મંચ પર મહાજન પ્રમુખશ્રી શ્રી વસંતભાઈ ગોસર, સેક્રેટરી સૌ. લતાબેન દંડ, સહમંત્રી શ્રી આશિષ સોની તથા ખજાનચી શ્રી પંકજ મોમાયા, શીતલનાથ દેરાસરના ટ્રસ્ટી શ્રી સુરેન્દ્રભાઈ ગાલા, પારોલાસંઘ પ્રમુખ શ્રી ગોવિંદજીભાઈ સોની, અચલગચ્છ મહિલા મંડળના પ્રમુખ સૌ. સુશિલાબેન ગાલા તથા મહિલામંચના પ્રમુખ સૌ. કલ્પનાબેન ભાટે બીરાજમાન થયેલ. નવકારમંત્ર પઠન અને દિપ પ્રજજવલન બાદ શ્રી જિનેન્દ્રસાગરજીની છબીને હાર પહેરાવવાનો રૂા.૨૧૦૧માં, શ્રી ક્ષમાનંદજી મહારાજના ફોટાને હાર પહેરાવવાનો રૂા.૨૦૦૧માં, તથા શેઠશ્રી નરશી નાથાના ફોટાને હાર પહેરાવવાનો રૂા.૨૧૦૧ની ઉછામણીથી શેઠ શ્રી ગુલાબચંદ ભવાનજી પરિવારે લાભ લઈ હારારોપણ કરેલ. આ ઉછામણીની રકમ તથા ત્યાં હાજર બધાએ સ્વૈચ્છિક ફાળાની રકમ કચ્છની મોટી પંચતીર્થીની પાંજરાપોળના જીવદયા ફંડમાં મોકલવામાં આવશે.

કાર્યક્રમનું સુત્ર સંચાલન સૌ. લતાબેન દંડે સંભાળેલ. અખિલ ભારત અચલગચ્છ સંઘના ઉપપ્રમુખ શ્રી કિશોરભાઈ મોતા તથા સાંધવના શ્રી મુલજી રાઘવજી લોડાયાને શ્રધ્ધાંજલી અપાઈ. ત્યારબાદ મહિલામંડળે ક્ષમાપના ગીત તથા સમુહ ક્ષમાપના કરાવી. સૌ. લતાબેને ક્ષમાપનાને રબરની ઉપમા આપેલ. ત્યારબાદ તપસ્વી બહુમાનમાં શ્રી જયેશભાઈ ભાટેનું અને રીધ્ધી મહેન્દ્ર મોમાયાનું બહુમાન શ્રીમતી જયાબેન ગોસરે કરેલ. સૌભાગ્ય કલ્પતરૂ તપ શ્રીમતી તારાબેન મોમાયા તથા સૌ. શિતલબેન રાજેન ઘરમશીએ કરેલ. તથા હર્ષાબેન ગાલાએ ઉપધાન તપ કરેલ. સ્વામિવાત્સલ્યના મુખ્ય દાતા સ્વ. શેઠ શ્રી ગુલાબચંદ ભવાનજી તથા સ્વ. જયવંતીબેન ગુલાબચંદ લોડાયા પરિવારનું બહુમાન શ્રી દિનેશ ભાટેએ કરેલ. મહાજનના શૈક્ષણિક ફંડ (પાંચ વર્ષ માટે)ના દાતા શ્રીમતી હિરાવંતીબેન મણિલાલ લોડાયાનું બહુમાન સૌ. પ્રીતીબેન મહેન્દ્ર મોમાયા તથા મેડિકલ સહાય ફંડના દાતા શ્રી ડોસાભાઈ ખીમજી પરિવારનું બહુમાન શ્રી લક્ષ્મીચંદભાઈ મોતાએ કરેલ. એ સાથે વિશેષ કાર્યો માટે મહાજન તરફથી સત્કાર કરવામાં આવેલ. જેમાં શ્રી ચંદ્રકાંતભાઈ ગુલાબચંદ લોડાયા (બોર્ડિંગના ઉપાધ્યક્ષ), શ્રી કેતનભાઈ ઠાકરશી ગોસર (બોર્ડિંગના સેક્રેટરી), શ્રી ગૌતમભાઈ અભયંચદ દંડનું (ડોક્ટરેટ પદવી મેળવવા બદલ), ચિ. લોકેશ પરેશ ઘરમશી (એબેક્સમાં રાષ્ટ્રસ્તરે ત્રીજા ક્રમાંકે અને સુવર્ણપદક પ્રાપ્ત કરવા બદલ), સૌ. મધુરીબેન દિનેશ ભાટેનું ચિત્રકલામાં પ્રથમ આવવા બદલ, સૌ. મિતલ અમિત સોનીનું સ્કુલમાં પાંચ મેડલ મેળવવા બદલ તથા તપસ્યા બદલ અને અભ્યાસમાં પ્રથમ તથા ચિત્ર અને નૃત્યમાં પ્રાવિણ્યબદલ સૌ. કલ્પનાબેન પ્રદિપ લોડાયા (ઈનરવીલ ક્લબમાં કોઓર્ડિનેટર), કુ. જલ્પા તૈલેશ ભાટેનું (ઈન્ટિરીયર કોર્સમાં કોલેજમાં પ્રથમ).

ત્યારબાદ મહાજન સંચાલિત ફંડસ્ વધારવાની વિચારણા થઈ. શ્રી શિતલનાથ દેરાસરમાં પ્રતિનિધિઓ શ્રી કેતનભાઈ ઠાકરશી ગોસર અને શ્રી ખીરીશભાઈ ગુલાબચંદ ઘરમશીની નિમણુંક કરાઈ. સભ્યોને ચૈત્યપરિપાટી વિષે "સ્વયં સ્વસ્થ બનો અભિયાન" યોગશિબીર વિષે, યુવક મંડળના મંતવ્ય, સાધર્મિક ભક્તિ ફંડ મહિલામંચની નવી કારોબારી જાહેરાત, ખાનદેશ ઉત્કર્ષ નિધી વિશે માહિતી, જ્ઞાતિની સોશીયલ સેક્યુરીટી સ્કીમની માહિતી જાણ કરવામાં આવી. ત્યારબાદ સ્તવન સ્પર્ધા યોજાઈ જેમાં ચાર ગ્રુપ કરેલ. ૫ થી ૧૫ વર્ષ સુધીમાં પ્રથમ ધૃતિ ઘરમશી, દ્વિતીય ઈનામ લોકેશ, ૧૬ થી ૨૫ વર્ષમાં પ્રથમ અપૂર્વા શાહ દ્વિતીય હિરલ દંડ ૨૬ થી ૪૦ વર્ષમાં પ્રથમ જીયા દૌલત દિત્વીય ભાવિન દૌલત, ૪૦થી ઉપર ગ્રુપમાં પ્રથમ લતાબેન દંડ દ્વિતીય કલ્પનાબેન ભાટે આવ્યા. એ સાથે ૫ વર્ષથી નાના બાળકોને ડ્રૉઈંગ કરવા આપેલ. બધાને મહાજન તરફથી ઈનામ આપવામાં આવેલ. ત્યારબાદ સાંજના મહાજન દ્વારા ચૌવિહાર કરાવેલ. સાંજે વાસુપૂજ્ય સ્વામીની આરતી કરી ભાવના કરી. ભાવનામાં સ્તવનની હાઉસી રમાડેલ. ત્યાર બાદ લકી ડ્રો કાઢવામાં આવેલ. જેમાં પ્રથમ શ્રી જયંતભાઈ દંડ અને દ્વિતીય સૌ. મનિષા ભાટે રહેલ. તેમને ઈનામ આપેલ. ત્યારબાદ વધાઈ ગાઈ સહુ છુટા પડેલ.

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **નિરેન એસ. ખોના** | ૬ આકાશ, પ્લોટ ૮, ૯૦ ફીટ રોડ, ઘાટકોપર (પ), મુંબઈ-૪૦૦૦૭૭. |
| **દિક્ષીત રાયચંદ નાગડા** | બી-૧૦ નીલકંઠ ધારા, પ્લોટ ૬૦-૬૨, ૯૦ ફીટ રોડ, સરીતાપાર્ક માગે, ઘાટકોપર (ઈ), મુંબઈ-૪૦૦૦૭૭ |
| **ટોકરશી શામજી લોડાયા (કોઠારા)** | ૨૦૨, એટલાન્ટા, કેલકર રોડ, રામનગર, ડોંબિવલી (ઇ)૪૨૧૨૦૨ મો:૯૮૧૯૨૯૩૯૧૫ |
| **દિનેશચંદ્ર ડી. કુરવા** | બી-૧, સપ્તઋષિ બ્લોક ૧૦૧, માનપાડા રોડ,આનંદનગર, પાંડુરંગવાડી, ડોંબિવલી(ઈ)421201 ફો:09920901706 |
| **મનીષ કે. મોતા** | ૫, નિર્મલપાર્ક, પ્લોટ નં.૧૪-૧૫ બી, સુરજનગર, મુંદ્રા-બારોઈ રોડ, મુંદ્રા (કચ્છ) |
| **કુશલ લક્ષ્મીચંદ મોમાયા** | પ્લોટ ૩૦, એલ.આય.સી. કોલોની, જામનગરી રોડ, ધુલિયા-૪૨૪૦૦૧ મો:8698088080, 8149520888 |
| **દિનેશ પદમશી લાલકા** | ૧૭૦૪, નીલકંઠ હાઈટસ, નીલકંઠ નગર, બી.પી.એસ. ક્રોસ રોડ, મુલુન્ડ (વે), મુંબઈ-૪૦૦૦૮૦ |
| **મહેન્દ્ર શીવજી લોડાયા** | મોટીવરંડી, પો.ડુમરા, વરંડી (કચ્છ)-૩૭૦૪૯૦ |

## નવા/બદલાયેલા ફોન નંબર (પુરું નામ-હાલનું ગામ સાથે ફોન નંબર આપવું)

| | | | |
|---|---|---|---|
| કમલેશ પ્રફુલ દંડ-ડોંબિવલી | ૯૮૩૩૬૭૭૬૯ | દિપાલી કમલેશ દંડ-ડોંબિવલી | ૯૮૩૩૫૬૩૮૩૭ |
| જીતેન્દ્ર ધનજી ધરમશી-થાણા | ૯૮૬૭૬૨૮૯૦૫ | ભારતી જીતેન્દ્ર ધરમશી-થાણા | ૯૮૧૯૯૬૮૧૩૨ |
| પુર્વેશ જીતેન્દ્ર ધરમશી-થાણા | ૯૯૬૦૨૨૨૬૨૦ | વિક્રમ કાંતીલાલ મોતા-મુલુન્ડ | ૯૬૧૯૦૪૯૧૫૧ |

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતી અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ (બાળકનું નામ નાખ્યા બાદ જન્મનોંધ મોકલો.)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૫-૬-૧૨ | ડોંબિવલી | SADH020303 | મમતા-રીતેશ-પ્રતાપ ધરમશી | સાંધાણ | કન્યા |
| ૫-૮-૧૨ | મુલુન્ડ | JKMA080304 | પ્રિયા-પારસ જયંતિલાલ મૈશેરી | જખૌ | કન્યા |
| ૯-૮-૧૨ | વડાલા | SILO130803 | આર્યા-નિરવ લક્ષ્મીચંદ લોડાયા | સાંયરા | કન્યા |
| ૨૩-૮-૧૨ | ટોરેન્ટો (કેનેડા) | LLLA011301 | અર્જુન-વિપુલ કિશોર લાલકા | લાલા | પુત્ર |
| ૨૮-૮-૧૨ | વાપી | RVLO020603 | જશ-મિલન ગિરીશ લોડાયા | રવા | પુત્ર |

### સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૮-૮-૧૨ | ગદગ | SILO071704 | ઋષભ દિનેશચંદ કુંવરજી લોડાયા | સાંયરા | ૨૯ |
| | ખામગામ | VRVK020803 | ધ્વની જયેશ દામજી વિકમશી | વરાડીયા | ૨૩ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૮-૭-૧૨ | અમેરિકા | A | ગોકુલ ભરતકુમાર હુમગાય | ખાટમંડુ | ૩૧ |
| | અમેરિકા | KRDD | નમ્રતા પ્રફુલ ધનજી દંડ | કોઠારા | ૨૯ |

### લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૪-૬-૧૨ | ભિલાઈ | MJDD070203 | ધવલ યોગેશ પદમશી દંડ | મંજલ | ૨૭ |
| | સેંધવા | JKNG061303 | ભક્તિ અશોક ગોવિંદજી નાગડા | જખૌ | ૨૩ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૭-૮-૧૨ | ભરૂડીયા | BHDD050502 | રંજનબેન અરવિંદ રૂપશી દંડ | ભરૂડીયા | ૫૩ |
| ૨-૯-૧૨ | બોરીવલી | RAKN030201 | સુભાષ ગુલાબચંદ ઉમરશી ખોના (ચક્ષુદાન) | રંગપુર | ૫૪ |
| ૫-૯-૧૨ | ઘાટકોપર | TRSI020101 | ભચીબાઈ શામજી કેશવજી સાયલા | તેરા | ૯૦ |


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN® TOURS & TRAVELS
દાદર મુલુંડ પાર્લા
9323360708 • 25903514-5-6
24160708 • 32960708 • 65005758
tanmantravels@yahoo.co.in

સમસ્ત જ્ઞાતિ મહાજન જનજાગરણ-સંપર્ક અભિયાનની પ્રેરણાએ પારોલા તીર્થની છત્રછાયામાં સંકલ્પિત કરાયેલ
**શ્રી ખાનદેશ ક.દ.ઓ. સાધર્મિક ઉત્કર્ષનિધિ યોજનાને**
હાર્દિક શુભેચ્છાઓ...

SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI Continental™
MADHUBAN - JHARKHAND
શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★જેવી સુવિધાયુક્ત AC હોટલ

## હાર્દિક અભિનંદન

**લાખણિયાનો લાખેણો-તૃષાંક** | **દંડ પરિવારનો વહાલો-વિશેષ**







**લાખણિયા**

ચિ. તૃષાંક વર્ષા-ગીરીશ (CA) કાનજી દંડ
(વડાલા)
Trushank succeded in Diploma (IT) &
Bachelor in Engg. in (IT)
Now left on 21-08-2012 for further studies
of MS (IT), headed to Rochester
Insitute of Technology University (USA)

ચિ. વિશેષ રક્ષા-કિશોર (CA) કાનજી દંડ
(વિલેપાર્લે)
ICSE Board 10th માં 93.4% સાથે
જ્વલંત સફળતા મેળવીને તેં તો
ચાર ચાંદ લગાડ્યા. **વિશેષ**, વિશેષ તેં તો
તારા નામને સાર્થક કર્યું.

શુભાશિષ અને શુભકામનાઓ સહ...

**શા. કાનજી કલ્યાણજી દંડ સમસ્ત પરિવાર (લાખણિયા)**

**શુભેચ્છા-અનુમોદના :** શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ (ચિંચબંદર)ની-કે જેમણે ચિ. તૃષાંકને આગળ વધવામાં અનેરી પ્રેરણા, પ્રોત્સાહન અને માર્ગદર્શન આપવામાં ખૂબ શ્રેષ્ઠ સહયોગ અને જહેમત લીધી. તે બદલ તેમનો જાહેર આભાર માનતાં **શ્રી દંડ પરિવારનું** હૈયું ગદ્‌ગદ્‌ થઈ જાય છે. સાભાર... ઋણસ્વીકાર...

# હાર્દિક અભિનંદન

## યોષીતા કૌશિક શાહ

**(સાંધાણ - ઘાટકોપર)**
**જન્મ તા. ૧૬-૦૯-૧૯૯૧**



**અમારી પુત્રી ચિ. યોષિતા**
**(B.A. PSYCHOLOGY) માં પ્રથમ વર્ગમાં પાસ થઈને**
**(M.A. COUNSELLING PSYCHOLOGY) તરફ**
**આગળ વધી, અમારા સૌનું ગૌરવ વધાર્યું છે.**
**તેની જ્વલંત સફળતા બદલ અભિનંદન.....**

**શુભેચ્છા સહ.....**

**દાદાણા : રાયચંદ મેઘજી પટેલ પરિવાર (સાંધાણ-ઘાટકોપર)**
**નાનાણા : નવિનચંદ્ર પદમશી ખોના પરિવાર (જખૌ-સાયન)**
**માતા-પિતા : પ્રણોતિ કૌશિક શાહ**

**K. Dixit**
Diamond Jewellery

C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640
Postal Regd. No.MH/MR/East/53/2012-14
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

# ચિ. નિખિલ ગોવિંદજી લાલજી પટેલ (સાંઘવ–મુલુન્ડ)ની અઠ્ઠાઈતપની આરાધના નિમિતે અનુમોદના ઉત્સવ (સાંજી)ની ઝલક

















If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078.
Editor : **Raichand R. Nagda**

To,